બિસ્મિહી તઆલા

પ્રકાશન | નં. ૧૧

# હઝરત હાજી ઇમદાદુલ્લાહ

મુહાજિર મકકી (રહ.) અને તેમના

# નામાંકિત ખલીફાઓ

યક ચિરાગેસ્ત દરીં ખાના કે અઝ પરતવે આં
હર કુજા મીનિગરમ અંજુમને સાખ્તા અન્દ

આ ઘરમા એક એવો દીવડો છે કે તેના પ્રકાશમા
જયાં પણ નજર પડે છે લોકો મેહફિલો સજાવીને બેઠેલા છે


## :સંપાદક:

(હઝરત મવલાના) અબ્દુલ્લાહ કાપોદ્રવી (સા.દા.બ.)



## :પ્રકાશક:

(હઝરત મવલાના) મુફતી અહમદ દેવલવી (સા.દા.બ.)

મુહતમિમ : જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર (જિ.ભરૂચ)

# અનુક્રમણિકા


| ક્રમાક | પ્રકરણ | પેજ |
|---|---|---|
| ૧ | પ્રકાશકીય | ૧ |
| ૨ | બુઝુર્ગોના જીવનચરિત્રોનું વાંચન | ૨ |
| ૩ | સંપાદકના બે બોલ | ૭ |
| ૪ | હઝરત હાજી ઈમદાદુલ્લાહ મુહાજિર મકકી(રહ.) | ૯ |
| ૫ | હઝરત મવલાના રશીદ અહમદ ગંગોહી (રહ.) | ૧૯ |
| ૬ | હુજજતુલ ઈસ્લામ મવ.મુહંમદ કાસિમ નાનૌતવી (રહ.) | ૨૩ |
| ૭ | મવ. ફતેહ મુહંમદ થાનવી (રહ.) | ૨૮ |
| ૮ | અલ્લામા સૈયદ અબ્દુર્રહમાન કાંધલવી (રહ.) | ૨૮ |
| ૯ | શાહ શરફુદીન અહમદ (રહ.) | ૨૯ |
| ૧૦ | હાફિઝ અબ્દુલ્લાહ હઝારવી (રહ.) | ૩૦ |
| ૧૧ | હઝરત મવ. સૈયદ અસગરહુસૈન સા. દેવબંદી (રહ.) | ૩૦ |
| ૧૨ | હઝરત મવ. હાફિઝ અબ્દુર્રહમાન અમરોહી (રહ.) | ૩૨ |
| ૧૩ | શૈખુલ હિન્દ મવ. મહમૂદ હસન દેવબંદી (રહ.) | ૩૩ |
| ૧૪ | હઝરત મવ. ખલીલ અહમદ સા. સહારનપૂરી (રહ.) | ૪૦ |
| ૧૫ | મવ. શાહ વારિસ હસન (રહ.) | ૪૮ |
| ૧૬ | મવ. મુફતી અઝીઝુર્રહમાન દેવબંદી (રહ.) | ૪૯ |
| ૧૭ | મવ. હાફિઝ મુહમ્મદ અહમદ કાસિમી દેવબંદી (રહ.) | ૫૧ |
| ૧૮ | મવ. હૈદર હસનખાન સા. ટોંકી (રહ.) | ૫૨ |
| ૧૯ | મવ. શર્ફુલ હકક દેહલવી (રહ.) | ૫૫ |
| ૨૦ | હઝ. મવ. સૈયદ અહમદ હસન અમરોહી (રહ.) | ૬૦ |
| ૨૧ | હઝ. મવ. અહમદ હસન કાનપુરી સા.(રહ.) | ૬૧ |

| | | |
|---|---|---|
| ૨૨ | હાજી સૈયદ મુહંમદ આબિદ હુસૈન દેવબંદી (રહ.) | ૬૩ |
| ૨૩ | મવ. શાહ સુલયમાન ફુલવારી શરીફ (રહ.) | ૬૪ |
| ૨૪ | મવ.મુહંમદ યાકૂબ નાનૌતવી સિદ્દીકી (રહ.) | ૬૭ |
| ૨૫ | શૈખુલ ઈસ્લામ મવ. સૈયદ હુસૈન અહમદ મદની (રહ.) | ૭૦ |
| ૨૬ | મવ. અનવારુલ્લાહ હૈદરાબાદી (રહ.) | ૭૬ |
| ૨૭ | હકીમુલ ઉમ્મત હઝ. મવ. અશરફ અલી થાનવી (રહ.) | ૭૭ |
| ૨૮ | મવ. હકીમ અબ્દુલ હય અલ–હસની લખનવી (રહ.) | ૮૪ |
| ૨૯ | મવ. સૈયદ અમીર હમઝા (રહ.) | ૮૭ |
| ૩૦ | હઝરત મવ. અબ્દુર્રહીમ રાયપૂરી (રહ.) | ૮૮ |
| ૩૧ | હઝરત મવ. અબ્દુલ્લાહ શાહ સા. જલાલાબાદી (રહ.) | ૮૯ |
| ૩૨ | હઝરત પીર મહેરઅલી સા. ગોલળવી ( રહ. ) | ૯૧ |
| ૩૩ | મવ. મુહિબ્બુદ્દીન વિલાયતી ( રહ. ) | ૯૩ |
| ૩૪ | શાહ મુહંમદ હુસૈન ઈલાહાબાદી ( રહ. ) | ૯૪ |
| ૩૫ | હઝરત મવ. શફીઉદ્દીન નગીનવી (રહ.) | ૯૭ |
| ૩૬ | મવ. અસઅદ આફન્દી (રહ.) | ૯૮ |
| ૩૭ | મવ. ફિદા હુસૈન દરભંગવી (રહ.) | ૯૯ |
| ૩૮ | હઝરત શાહ રફીઉદ્દીન દેવબંદી (રહ.) | ૯૯ |
| ૩૯ | શૈખ મુહંમદ ગુલામ રસૂલ સૂરતી (રહ.) | ૧૦૦ |



☆☆☆☆☆
☆☆☆☆
☆☆☆
☆☆
☆

બિસ્મિહી તઆલા

# પ્રકાશકીય

**હામિદંવ્વ મુસલ્લિયંવ્વ મુસલ્લિમા – – – – –**

નજર સમક્ષાની કિતાબમાં સય્યિદુત્તાઈફહ **હઝરત હાજી ઈમદાદુલ્લાહ મુહાજિરે મકકી** (રહ.) અને આપના ખલીફાઓના હાલાતે ઝિંદગી (જીવન ચરિત્ર)ને સંક્ષિપ્ત રૂપે સુંદર, સરળ અને પ્રવાહી ભાષાશૈલીમાં ખૂબીપૂર્વક વણી લેવામાં આવ્યા છે.

બુઝુર્ગાને દીનના જીવનચરિત્રો અને જીવનપ્રસંગોનું વર્ણન, વાંચન અને અધ્યયન કઠાઈ ગયેલા દિલોને અજવાળે અને ઉજાળે છે, વર્તમાન અને ભાવિ પેઢીને માર્ગદર્શન અને દિશાસૂચક પૂરાં પાડે છે.

જીવનસંઘર્ષના ઘોર અંધકારમાં અટવાતા મનુષ્યો માટે દીવાદાંડી કે જીવનજયોતની ગરજ સારે છે, અનુગામીઓને નસીહત, ઈબ્રત, બસીરત, પ્રેરણા અને પ્રોત્સાહનનું ભાથું પુરૂં પાડે છે, ઈમાન અને યકીનમાં વૃદ્ધિ તથા દઢતા પેદા કરે છે. અને રૂહને તાઝગી તથા પોષણ અર્પણ કરે છે. એ જ કારણ છે કે કુર્આન શરીફે અમ્બિયાએ કિરામ (અલયહિમુસ્સલામ) વગેરેના કિસ્સાઓ ટાંકયા પછી ફરમાવ્યું છે :

**"લકદ કા–ન ફી કસ–સિહિમ ઈબ્રતુન્ લિઊલિલ અલ્બાબ."**

**અર્થાત્ :**

અલબત્ત, એમના કિસ્સાઓમાં સમજદારો માટે ઘણો બોધ સમાયેલો છે.

**અન્ય એક ઠેકાણે ફરમાવ્યું :**

**"ઈન્ન ફી ઝાલિ–ક લ–ઝિક્રા લિમન્ કા–ન લહૂ કલ્બુન્ અવ્ અલ્કસ્સમઅ વ હુ–વ શહીદ."**

**અર્થાત :**

આ કિસ્સામાં તે લોકો માટે મોટી ઈબ્રત છે, જે (દાના) દિલ ધરાવતો હોય અથવા તો તે ધ્યાનપૂર્વક વાતને સાંભળતો હોય."

સનમાનીય અને આદરણીય ઉસ્તાઝુલ મુકર્રમ **હઝરત મવલાના**

**અબ્દુલ્લાહ કાપોદ્રવી સા.** (દા.બ.)એ બુઝુર્ગાને દીનના હાલાત અને વાકિઆતને આવરી લેતી આવી ઉપયોગી, ઈમાનવર્ધક, રૂહપોષક, પ્રેરણાદાયક અને બોધપ્રદ કિતાબ લખીને ઉમ્મતે મુસ્લિમહ પર મહાન ઉપકાર કર્યો છે. ગુજરાતી સાહિત્યભંડાર અત્યાર સુધી આ પ્રકારની અને આ વિષયની કિતાબથી વંચિત હતો. હઝરત મવલાનાએ આ કિતાબના લેખન દ્વારા કૌમની એક અહમ જરૂરતને સંતોષી છે. ગુજરાતી ઈતિહાસની લાયબ્રેરીમાં આવી લાભકારક કિતાબનો ઉમેરો કરવા બદલ મવલાના મુહતરમ સમગ્ર કૌમ તરફથી શુક્રિયહ, અનુગ્રહ, અભિનંદન અને મુબારકબાદને પાત્ર ઠરે છે.

**જામિઅહ ઉલૂમુલ કુર્આન**, જંબુસરનો **"પ્રકાશન વિભાગ"** આ કિતાબના પ્રકાશન પર હર્ષ, ગર્વ અને ગૌરવની લાગણી અનુભવે છે અને આ કિતાબના પ્રકાશન માટે તેના પર પસંદગી ઉતારવા બદલ, કહો કે આ કિતાબનું પ્રકાશન જામિઅહને સુપ્રત કરવા બદલ **હઝરત મવલાના કાપોદ્રવી સા.** (મ.ઝિ.)નો હાર્દિક આભાર વ્યકત કરે છે અને ભવિષ્યમાં પણ તેની ખિદમત લેવાની ઑફર કરે છે અને તત્પરતા દાખવે છે :

**મન્નત મ–નેહ કે ખિદમતે સુલ્તાં હમી કુની,**
**મન્નત અઝો સનાશ કે ખિદમતે ઉ દાશતત.**

( બાદશાહની ખિદમત કરવા બદલ તેના પર પોતાનો ઉપકાર ન જતાવો, બલકે એનો પાડ માનો કે એણે તમને પોતાની ખિદમત માટે કબૂલ કર્યા છે.)

અલ્લાહ તઆલા હઝરતની આ કલમી કાવિશ (પુરુષાર્થ)ને કબૂલ ફરમાવી દારૈનની કામિયાબીનું નિમિત્ત બનાવે અને એનાથી લોકોને લાભાન્વિત તથા ફૈઝવંત ફરમાવે, આમીન !

કમતરીન
(મવલાના મુફતી) **અહમદ યાકૂબ દેવલવી** (સા.)
ખાદિમ
જામિઅહ ઉલૂમુલ કુર્આન, **જંબુસર**

બિસ્મિહી તઆલા

# બુઝુર્ગોના જીવનચરિત્રોનું વાંચન

" આ લોકો ખુદા તઆલાની મુહબ્બતમાં મસ્ત હતા.એમના જીવનચરિત્રો વાંચવાથી પણ દિલ ઉપર અસર થાય છે.વાંચનારના દિલમાં તાજગી અને નૂર પૈદા થાય છે.તેઓ અલ્લાહ તઆલાના સાચા આશિકો હતા,એટલે સ્વાભાવિક છે કે તેઓનું જીવનચરિત્ર વાંચવાથી દિલમાં અલ્લાહ તઅલાની મુહબ્બત ઉત્પન્ન થશે જ ." (હકીમુલ ઉમ્મત હઝ.મવ.અશરફઅલી થાનવી રહ.)

હઝરત હાજી ઈમદાદુલ્લાહ (રહ.) ઓગણીસમી સદીની ત્રણ મહાન ચળવળોના આદ્યસ્થાપક હતા :

(૧) મુસલમાનોમાં દીની તા'લીમના પ્રસારણ માટે જે ચળવળ શરૂ થઈ તેણે દારુલ ઉલૂમ દેવબંદનું રૂપ ધારણ કર્યું, જે હાજી સાહેબના ખલીફાઓની મહેનતોનું પરિણામ છે.મવ.રશીદ અહમદ ગંગોહી (રહ.),મવ.મુહંમદ કાસિમ નાનોતવી (રહ.),મવ. મુ. યાકૂબ નાનોતવી (રહ.) અને હાજી આબિદ હુસૈન(રહ.),હાજી સાહિબના જ ખલીફા હતા.

(૨) તસવ્વુફ અને સુલૂક (આધ્યામિકતા)તથા દઅવતો તબ્લીગ મારફત મુસલમાનોની ઈસ્લાહનું જે કામ શરૂ કરવામાં આવ્યું હતું, તેમાં સૌથી મહાન ફાળો આપનારા હકીમુલ ઉમ્મત હઝરત મવલાના અશરફ અલી થાનવી (રહ.) અને મવ. મુહંમદ ઈલ્યાસ (રહ.) છે.મવ. થાનવી (રહ.) હઝરત હાજી સા.ના ખલીફા હતા,જયારે મવ. મુ.ઈલ્યાસ (રહ.), મવ.ગંગોહી (રહ.) પાસે તર્બિયત પામેલા હતા.

(૩)ત્રીજી અગત્યની ચળવળ દેશની આઝાદીની ચળવળ હતી.

એમાં હઝરત હાજી ઈમદાદુલ્લાહ સા.પોતે શામિલ હતા.એમના મુરીદો એમની સાથે હતા.એ લોકોએ જે અગત્યના કામો કર્યા છે, તે

ભારતનાં ઈતિહાસમાં સોનેરી અક્ષરોએ લખવાપાત્ર છે.

હાજી સા.(રહ.)ના દિલમાં દેશની આઝાદીની જે ચિંગારી હતી, તે હઝરત શૈખુલ હિન્દ (રહ.)ના રૂપમાં ભડકો બની ફેલાઈ ગઈ હતી.તેમણે અને તેમના બાહોશ શાગિર્દોએ દેશની આઝાદી માટે જે તકલીફો વેઠી છે, તેની ભારતનો કોઈપણ પ્રામાણિક ઈતિહાસકાર નોંધ લીધા વગર રહેશે નહીં.

**(પ્રોફેસર ખલીક અહમદ નિઝામી સા.)**

બિસ્મિહી તઆલા

# સંપાદકના બે બોલ

૧૮૫૭ ઈ. થી લગભગ એક સદી પહેલાં દેશમાં આવનાર તુફાન અંગે તે સદીના મુજદ્દિદ અને ઈસ્લામી જગતના મહાન આલિમ હઝ. શાહ વલીયુલ્લાહ મુહદ્દિસ દેહલવી (રહ.)એ મુસ્લિમ સમાજને ખબરદાર કર્યા હતા. તેમણેરાજા–રજવાડાઓ,તેમના વઝીરો, ફોજીઓ, વેપારીઓ, ઉલમાએ કિરામ અને ખાનકાહોમાં બેસનારાઓને પત્રો લખ્યા હતા,જે વાંચવાથી શાહ સા.(રહ.)ની દિલની તડપ અને ફિક્રનો અંદાજ થાય છે.

હઝરત શાહ સા.ના કામને એમના ફરઝંદ હઝ.શાહ અબ્દુલ અઝીઝ (રહ.) એ વેગ આપ્યો અને ઈલ્મી તથા અમલી બન્નેવ રીતે કદી ન ભુલાઈ એવી સેવા બજાવી હતી. તેમજ માનવંતા ફાઝિલ ભાઈઓ મવ.શાહ અબ્દુલ કાદિર સા.(રહ.),મવ. શાહ રફીઉદ્દીન સા. (રહ.) તથા શાહ અબ્દુલગની સા.(રહ.)એ પણ વાલિદના મિશનને પૂર્ણ કરવા અથાગ પ્રયાસો કર્યા હતા.

છેવટમાં હઝ. સૈયદ અહમદ શહીદ (રહ.) અને મવ.ઈસ્માઈલ શહીદ (રહ.)એ ઉકત મિશન પોતાના હાથોમાં લીધું અને સમગ્ર દેશમાં આઝાદીની લહર ફેલાવી દીધી,અંતે બાલાકોટના મૈદાનમાં પોતાની જાન કુર્બાન કરી દીધી.

સને ઈસ્વી ૧૮૫૭ પછી હિન્દમાં મુસલમાનો વેરવિખેર થઈ ગયા હતા, હઝારો ઉલમાએ કિરામ ફાંસીના માંચડે ચઢાવી દેવામાં આવી રહયા હતા, દરેક બાજુ અંધકાર જ અંધકાર છવાઈ ગયો હતો,આવા નિરાશાજનક વાતાવરણમાં અલ્લાહ તઆલાએ ઈસ્લામ અને ઉમ્મતે ઈસ્લામિય્યહના રક્ષણ કાજે સૈયદુત્તાઈફહ હઝ. હાજી ઈમદાદુલ્લાહ (રહ.) અને એમના ખલીફાઓ મારફત દીનના રક્ષણનું મહાન કામ કરાવ્યું, હતાશ કૌમમાં પૂનઃઆશાનો દીપ પ્રગટાવ્યો અને જોતજોતામાં

મુજાહિદો,સરફરોશો,ઈસ્લાહ કરનારાઓ તથા કુર્આન શરીફ અને હદીષ શરીફના ઈલ્મને ફેલાવનારોઓનો મોટો કાફલો તૈયાર કરી દીધો (તે અલ્લાહ તઆલા હર ચીઝ ઉપર કુદરત રાખે છે).

આજે ભારત માં જ નહી, દુનિયાના ખૂણેખૂણે ઉકત બુઝુર્ગોનો ફૈઝ ફેલાઈ ગયો છે,ફેલાતો જાય છે અને ઈન્શાઅલ્લાહ કિયામત સુધી આ ફૈઝ ફેલાતો રહેશે.

આપણે આપણા આ મુહસિનો અને ઈસ્લામના મુહાફિઝોના જીવન અંગે કંઈ ને કંઈ જાણવું જ જોઈએ,કારણ કે જે કૌમ પોતાના પૂર્વજોનો ઈતિહાસ ભુલાવી દે છે તે કૌમ પૃથ્વી ઉપર સ્વમાનભેર જીવી શકતી નથી.

આ બુઝુર્ગોનું જીવન આપણા માટે દીવાદાંડી સમાન છે. એટલે એને વારંવાર વાંચો અને જીવનમાં આગળ આવવાનો રસ્તો શોધો :

**ગર તાઝા ખ્વાહી દાશતન દાગહાએ સીનારા**
**ગાહે ગાહે બાઝખ્વાં ઈ કિસ્સએ પારીના રા**

જો તમે તમારા દિલના ડાઘોને તાજા રાખવા ચાહતા હો તો આ જાુના કિસ્સાઓને વારંવાર વાંચતા રહો.

અલ્લાહ તૌફીક આપનાર છે, આમીન !

આ પુસ્તિકામાં હાજી સા.ના ૬૮ ખલીફાઓમાંથી ૩૧ નાં જીવનચરિત્રો સંક્ષિપ્તપણે લખવામાં આવ્યાં છે,બાકી ખુલફાના ફકત નામોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

લિ.**અબ્દુલ્લાહ કાપોદ્રવી**
૧૫ જુન ૧૯૯૭ ઈ.
ટોરેન્ટો–કેનેડા

# સૈયદુત્તાઇફ્હ હઝરત હાજી ઇમદાદુલ્લાહ મુહાજિર મક્કી (રહ.)

શૈખુલ અરબ વલ અજમ હાજી ઈમદાદુલ્લાહ (રહ.)ને હિન્દ ઉપરાંત સમગ્ર ઈસ્લામી જગતમાં મહાન વલી તરીકે ગણવામાં આવે છે.અલ્લાહ તઆલાએ આપને જે લોકચાહના અને પ્રેમ અર્પણ કર્યાં હતાં,તેનો અંદાજ કાઢવા માટે એટલું બસ છે કે તે સમયના મહાન આલિમો અને ઈસ્લામી જગતના ધુરંધર ફાઝિલોએ આપના હાથ ઉપર બૈઅત કરી હતી અને ઈસ્લાહનો સંબંધ કેળવ્યો હતો.

આજે ઈન્ડિયા,પાકિસ્તાન,બંગલાદેશ,અફઘાનિસ્તાનની ઘણી ખાનકાહોનો સિલસિલો હઝરત હાજી સા.(રહ.)નો જ ફૈઝ ગણવામાં આવે છે.

આપ ઘણી ઊંચી નિસ્બતના બુઝુર્ગ હતા,આપના મશાઈખોનો સંબંધ અમીરુલ મુઅમિનીન, રઈસુલ મુજાહિદીન હઝરત સૈયદ અહમદ શહીદ (રહ.) સાથે હતો.

હઝરત હાજી ઈમદાદુલ્લાહ (રહ.)ને પણ બિલકુલ નાનપણમાં સૈયદ અહમદ શહીદ (રહ.)ના ખોળામાં બેસવાનો અને તેમની દુઆ મેળવવાનો મોકો મળ્યો હતો.હઝરત શાહ અબ્દુલ અઝીઝ (રહ.)ના મશ્વેરા પ્રમાણે જયારે સૈયદ અહમદ શહીદે (રહ.)" દોઆબા " ના ઈલાકાનો દવરો કર્યો ત્યારે થાનાભવન,નાનોતા પણ તશરીફ લઈ ગયા હતા,એ સમયે એક નાના બાળકને બરકત અને દુઆ માટે સૈયદ સા. પાસે લાવવામાં આવ્યો હતો,સૈયદ સાહિબે (રહ.) દુઆઓ સાથે " બયઅતે તબર્રુક " ફરમાવી હતી,ઉકત બાળક હઝરત હાજી ઈમદાદુલ્લાહ (રહ.) હતા.

હાજી સાહિબ (રહ.) મજકૂર બનાવને પોતાની મજલિસમાં બયાન ફરમાવ્યા કરતા હતા.મવ.સાદિકુલ યકીન સા. બયાન કરે છે કે હાજી સા. ફરમાવતા હતા "હું ત્રણ વર્ષનો હતો ત્યારે સૈયદ સાહેબ

(રહ.)ની ગોદમાં બેસાડવામાં આવ્યો હતો અને તેમણે મને બયઅતે તબર્રુકમાં કબૂલ ફરમાવ્યો હતો".

આ જ સફરમાં સહારનપુર મુકામે હાજી સા.ના દાદાપીર હઝરત શાહ અબ્દુર્રહીમ સા. વિલાયતી અને આપના પીર અને મુર્શિદ હઝરત મિયાંજી નૂરમુહમ્મદ (રહ.) પણ સૈયદ સા.થી બયઅત અને ઈજાઝત મેળવી ભાગ્યશાળી બન્યા હતા.

હઝરત હાજી ઈમદાદુલ્લાહ (રહ.)નો જન્મ ૨૨ સફર ૧૨૩૩ હિ.ની શનિવારે સહારનપુર જીલ્લાના "નાનોતા" ગામમાં થયો હતો,જયારે ૫–૬ વર્ષના થયા ત્યારે મકતબની તા'લીમ શરૂ કરી.ફારસીની કિતાબો,હિસ્ને હસીન તથા મસ્નવી મવ.રૂમ (રહ.) મવલાના કલંદર શાહ જલાલાબાદી પાસે પઢયા હતા,ત્યારબાદ દિલ્હી જઈ હઝરત મવ.રફીઉદ્દીન મોહદ્દિષ(રહ.)ના નવાસા સૈયદ નસીરુદદીન (રહ.) તથા શાહ મવ.ઈસ્હાક સા.(રહ.)ની સેવામાં રહી તસવ્વુફ અને સુલૂકની તા'લીમ શરૂ કરી હતી અને નકશબંદી તરીકાની તા'લીમ મેળવી હતી.

એમની શહાદત પછી થાનાભવન પાછા ફર્યા,થોડોક વખત ત્યાં રહયા પછી લોહારી મુકામે જઈ હઝરત શૈખ નૂરમોહંમદ જુનઝાનવી (રહ.)ની સેવામાં સારો એવો સમય રહયા અને તેમનાથી ખિલાફત મેળવી.આ સોહબતની બરકતથી અલ્લાહ તઆલાએ એમના ઉપર મઅરિફતના દરવાજા ખોલી નાખ્યા હતા.અને તેઓ પુખ્ત ઈલ્મવાળા ઉલમાની હરોળમાં આવી ગયા અને પોતાના મુર્શિદના હુકમ પ્રમાણે સિલસિલો ફેલાવવાનું શરૂ કર્યું.

૧૨૭૪ હિ.માં મુસલમાનો અંગ્રેજોની વિરુધ્ધ ઉભા થઈ ગયા ત્યારે સહારનપુર તથા મુઝફફરનગરના ઉલમા અને અન્ય નેક મુસ્લિમોની જમાઅતોને સાથે લઈ અંગ્રેજો સામે મૈદાનમાં આવી ગયા.એ સૌ લોકોએ શૈખ ઈમદાદુલ્લાહ (રહ.)ને પોતાના અમીર નકકી કર્યા અને મુઝફફરનગર જીલ્લાના શામલી ગામે અંગ્રેજો સામે ટકકર થઈ.આ લડાઈમાં હાફિઝ મોહંમદ ઝામિન સા.(રહ.) શહાદત પામ્યા અને

મુસલમાનો વેરવિખેર થઈ ગયા,જેથી અંગ્રેજોનો પાયો મજબૂત થયો.

અંગ્રેજોએ ધરપકડો શરૂ કરી,વિશેષતઃ ઉલમાએ કિરામ ઉપર ઘણી સખ્તી થવા લાગી.હિંન્દની ભૂમિ તેમના માટે તંગ થઈ ગઈ અને દીની કામો કરવાનું મુશ્કેલ બની ગયું.ઘણા ઉલમા ભૂગર્ભમાં ચાલ્યા ગયા અને હઝરત હાજી સા.(રહ.)એ પણ મકકા શરીફ તરફ હિજરત કરવાનું નકકી કર્યું.

૧૨૭૬ હિજરીમાં આપ મકકા શરીફમાં દાખલ થયા . પહેલાં સફા પહાડ પાસે અને પછી "હાર્રતુલ બાબ" નામી મહોલ્લામાં જીવનની અંતિમ પળો સુધી રહયા,ઘણા લાંબા સમય સુધી ગરીબી અને તંગીમાં વખત પસાર કર્યો, પરંતુ આ હાલતમાં પણ સબ્ર–શુક્ર ઉપર કાયમ રહયા અને કદી શિકાયત કરી નહીં.ત્યાર બાદ અલ્લાહ તઆલાએ હાલત બદલી અને રાહતમય જીવન અર્પણ કર્યુ,એટલે હાજી સા.શાંતચિત્તે ઈબાદત અને મુજાહદાતમાં પ્રવૃત્ત થઈ ગયા.

મોટા મોટા આલિમોનું,હઝરત હાજી સાહેબ આકર્ષણ કેન્દ્ર બની ગયા હતા,અને એ સમયના નામાંકિત આલિમો આપનાથી મઅરિફતના સબકો મેળવતા હતા.આપની તાલીમ–તર્બિયતમાં કંઈ એવી બરકત હતી કે એના અનવાર (અજવાળાઓ)આખા જગતમાં ફેલાવવા લાગ્યા.ચિશ્તી અને સાબેરી તરીકાને નવું રૂપ આપ્યું અને એ સિલસિલામાં મહાન આલિમો દાખલ થયા.

એ લોકોથી અલ્લાહ તઆલાએ મખ્લૂકને બેહદ ફાયદો પહોંચાડયો.આ મહાન ઉલમા,મવ. મુ. કાસિમ નાનોતવી (રહ.) ,મવ.રશીદ અહમદ ગંગોહી (રહ.) મવ.યાકૂબ સા.,મવ.અહમદ હસન અમરોહી (રહ.),મવ. મોહંમદ હુસેન (રહ.),મવ.અશરફ અલી થાનવી (રહ.),મવ.અ.રહમાન કાંધલવી (રહ.)તથા હાફિઝ યૂસુફ ઈબ્ને હાફિઝ ઝામિન (રહ.),મવ.હકીમ ઝિયાઉદ્દીન રામપુરી,મવ. ફૈઝુલ હસન સહારનપૂરી વિગેરેના નામો મોખરે છે.આ સૌ ઉલમા પોત પોતાની જગ્યાએ મહાન શૈખ થયા અને એમનો ફૈઝ સર્વત્ર ફેલાયો.

હઝરત નરમપંથી હતા.મવ. રૂમ (રહ.)ની મસ્નવી શરીફથી

બેહદ દિલચસ્પી હતી.મસ્નવીના સબક પઢાવતા અને પોતાના મુરીદો,દોસ્તોને પણ મસ્નવી પઢવા અને તેને સમજવા માટે આગ્રહ ફરમાવતા હતા.

હાજી સાહેબ (રહ.) પોતાના શોખથી હાફિઝ પણ થયા હતા.હિફઝ પૂરું થયા પછી જ મવ.મમલૂક અલી (રહ.) ૧૨૪૯ હિ.માં એમને દિલ્હી લઈ ગયા હતા.

એમના મુર્શિદ હઝરત મિયાંજી નૂરમુહંમદ સા.એ એક દિવસ એમની પરીક્ષા કરી,તેમણે પૂછયું,તમે શું ચાહો છો ? "તાબે કરવાનો અમલ" અથવા " કીમિયો " ?

હાજી સાહેબ એ સાંભળી રડી પડયા અને કહયું કે હઝરત,મને તો ફકત "મહબૂબે હકીકી" ની તલબ છે. દુનિયાની કોઈ વસ્તુ હું ચાહતો નથી.

આપના રૂહાની મુરબ્બીઓએ આ શબ્દો સાંભળી એમને શાબાશી આપી અને એમને ભેટીને ખૂબ ખૂબ દુઆઓ આપી. ૧૨૬૯ હિજરીમાં મિયાંજી નૂરમુહંમદ (રહ.)ની વફાત થઈ.

હાજી સાહેબે ૨૧ રમઝાનુલ મુબારક ૧૨૮૨ હિજરીમાં ખદીજા બિન્તે હાજી શફાઅત રામપુરી નામી ખાતૂન સાથે નિકાહ કર્યા હતા,૬૦ રિયાલ મહેર આપી હતી.

હાજી સાહેબ (રહ.) ઘણીવાર ઘણા દર્દભરી રીતે આ ફારસી શેઅર પઢતા હતા :

**એ ખુદા ઈ બંદારા રુસ્વા મકુન**
**ગર બદમ હમ સિર્રે મન પૈદા મકુન**

(હે અલ્લાહ ! તું આ તારા બંદાને રુસ્વા કરીશ નહીં,જો હું ભૂંડો હોઉ તો પણ મારા ભેદો(એબો)ને ખુલ્લા કરીશ નહીં).

હાજી સા. (રહ.)એ ઘણી ઉપયોગી કિતાબો પણ લખી છે,જેમકે (૧) મસનવી શરીફનો હાશિયો(ફારસી ભાષામાં છે.)(૨) ગિઝાએ–રૂહ(૧૨૬૪ હિ.માં લખાઈ હતી).(૩) જિહાદે અકબર

(૧૨૬૮ હિ.માં લખાઈ હતી).(૪)મસનવી તોહફતુલ–ઉશ્શાક(૧૨૮૧ હિજરીમાં).(૫) રિસાલા દર્દે ગમ.(૬)ઈર્શાદે મુર્શિદ(૧૨૯૩ હિ.માં) (૭) ઝિયાઉલ કુલૂબ(ફારસી,૧૨૮૨ હિ.)(૮) વહદતુલ વજુદ.(૯) ફેસ્લ–એ– હફત મસ્અલા.(૧૦) ગુલઝારે મઅરિફત

હવે આ સઘળી કિતાબો "કુલ્લિયાતે ઈમદાદિય્યહ" નામી એક જ કિતાબમાં શામિલ કરી આપવામાં આવી છે.

**મવ.રહમાન અલી લખે છે કે :–**

મવ.હાજી ઈમદાદુલ્લાહ (રહ.)જાહેરી તથા બાતેની ઈલ્મોમાં પ્રવિણ છે, ચિશ્તિય્યહ, સાબિરિય્યહ, કુદૂસિય્યહ, કાદિરિય્યહ, નકશબંદિય્યહ, મુજદ્દિદિય્યહ, સોહરાવરદિય્યહ વિગેરે સિલસિલામાં હાફિઝ નૂરમુહંમદ (રહ.) ની ખિલાફત મેળવેલ હતી.

હઝરત હાજી સા. (રહ.) પોતાના દરેક ખલીફા સાથે દિલી મુહબ્બત રાખતા હતા, પરંતુ હઝ.મવ.મુહંમદ કાસિમ નાનૌતવી (રહ.) તથા મવ. રશીદ અહમદ (રહ.) સાથે સૌથી વધારે સંબંધ હતો અને એમના માટે ઘણા ઊંચા શબ્દો ફરમાવ્યા કરતા.

**ઝિયાઉલ કુતૂબમાં વસિય્યતોના મથાળા હેઠળ લખ્યું છે કેઃ–**

" જે માણસ આ ફકીર સાથે મુહબ્બત તથા અકીદત રાખતો હોય તેણે મવ. રશીદ અહમદ સા.અને મવ. મો.કાસિમ સા.ને જેઓ ઝાહિરી તથા બાતેની ઈલ્મોના સઘળા કમાલો ધરાવે છે (એમને) ફકીરની જગ્યા ઉપર બલ્કે મારાથી વધારે ઉંચા મરતબા ઉપર સમજે.જો કે જાહેરમાં મામલો ઊંધો થઈ ગયો છે,તેઓ મારી જગ્યાએ અને હું તેમની જગ્યાએ બેસી ગયો છું. એમની સોહબતને ગનીમત જાણવામાં આવે,કારણ કે એમના જેવા માણસો વર્તમાન યુગમાં ઘણા ઓછા છે.માટે તેમની સોહબતથી ફૈઝ મેળવતા રહેવું.

**પ્રો.ખલીક અહમદ નિઝામી સા.લખે છે :–**

અઢારમી સદીમાં સાબિરિય્યહ સિલસિલાનું કેન્દ્ર અમરોહા શહેર હતું. ત્યાં હઝ. શાહ અઝુદ્દિન (રહ.) (મ.૧૧૭૨ હિ.), હઝ. શાહ અબ્દુલ હાદી (રહ.)(૧૧૯૦હિ.), હઝ. શાહ અબ્દુલ બારી

(રહ.)(૧૨૨૬હિ.)એ તઝકિય્યએ નફસ અને બાતિનની ઈસ્લાહ(આત્મશુદ્ધિ)ની મજલિસો જગમગતી રાખી હતી.

શાહ અબ્દુલ બારી (રહ.)ના ખલીફા હાજી સૈયદ અ.રહીમ સા.(૧૨૪૬હિ.)પોતાના શૈખની મજલિસમાંથી દીનનું એવું દર્દ લઈને ઊઠયા કે જીવનની છેલ્લી ઘડી સુધી સુન્નતોને જીવંત કરવામાં લાગેલા રહયા અને જયારે હઝ. સૈયદ અહમદ શહીદ (રહ.)એ જિહાદની તૈયારી કરી ત્યારે તેમની સાથે થઈ ગયા.છેવટે બાલાકોટના મેદાનમાં શહીદ થયા અને તેમના ખલીફા મિયાંજી નૂરમુહંમદ (રહ.)(મ.૧૨૫૯હિ.) ની તર્બિયતના કારણે એક એવા માણસ તૈયાર થયા, જેમણે સાબિરિય્યહ સિલસિલાને ઉન્નતિના ઉચ્ચ શિખરે પહોંચાડી આપ્યો.એટલે કે હાજી ઈમદાદુલ્લાહ (રહ.)નો ફૈઝ કેવળ હિન્દુસ્તાનમાં જ નહીં બલકે બીજા ઈસ્લામી દેશોમાં પણ તેની અસરો પહોંચી ગઈ.

અલ્લાહ તઆલાએ એમને દિલો–દિમાગની ઘણી બધી ખૂબીઓથી નવાઝી દીધા હતા અને તેઓ ઓગણીસમી સદીની ત્રણ મહાન ચળવળોના આદ્યસ્થાપક હતા.

(૧) મુસલમાનોની દીની તા'લીમને તરકકી આપવા ઓગણીસમી સદીમાં જે ચળવળ શરૂ થઈ તેણે અંતે દારુલ ઉલૂમ દેવબંદનું રૂપ ધારણ કર્યુ. દારુલ ઉલૂમ તેમના જ ખલીફાઓ,મુરીદોની ખુલૂસભરી મેહનતનું પરિણામ છે.મવ.રશીદ અહમદ(મ.૧૩૨૩ હિ.),મવ.મુહંમદ કાસિમ નાનૌતવી (રહ.)(મ.૧૨૯૭ હિ.),મવ. યાકૂબ સા.અને હાજી મુહંમદ આબિદ સા. એમના જ ખલીફા હતા અને શૈખુલ હિંદ મવ.મહમૂદ હસન (રહ.),મવ. કાસિમ સા.ના જાંનશીન હતા.ઉકત બુઝુર્ગોની કોશિશોથી દીની તા'લીમનો સારા પ્રમાણમાં પ્રચાર–પ્રસાર થયો.

(૨) બાતેની ઈસ્લાહ(આત્મ શુદ્ધિ) માટે ઓગણીસમી સદીના છેવટે અને વીસમી સદીની શરૂઆતમાં બે બુઝુર્ગોની કોશિશો ખાસ નોંધપાત્ર છે.(૧)મવ. અશરફઅલી થાનવી (રહ.) જેઓ હાજી સા.ના ખલીફા હતા. તેમણે લગભગ અર્ધી સદીથી વધારે એક નાનકડા

જૂના કસ્બામાં એક પુરાણી મસ્જિદના ખુણામાં બેસી મુસલમાનોના જીવનના જુદા જુદા ભાગોની સુધારણા કરી.(૨)એ જ રીતે મવ. મુહંમદ ઈલ્યાસ (રહ.) જેઓ મવ.રશીદ અહમદ ગંગોહી (રહ.)ના ખલીફા હતા તેમણે પોતાની દુરંદેશી,બસીરત અને નિખાલસ ભાવે જે દીની ચળવળ(જે આજે તબ્લીગી જમાઅતથી ઓળખાય છે)શરૂ કરી,તેની મિસાલ મળવી મુશ્કેલ છે.પાછલી સદીમાં કોઈ બુઝુર્ગે ચિશતિયા સિલસિલાના ઈસ્લાહી ઉસૂલોને એવી રીતે ગ્રહણ કર્યા નથી, જેવા મવ. ઈલ્યાસ (રહ.)એ કર્યા હતા.

(૩) ઓગણીસમી સદીની ત્રીજી અગત્યની ચળવળ દેશની સ્વતંત્રતા અને આઝાદીની ચળવળ હતી.

એ માટે પોતે હાજી સા. (રહ.) અને તેમના મુરીદોએ જે કારનામા કર્યા છે તે હિંદુસ્તાનના ઈતિહાસમાં સોનાના પાણીથી(સુવર્ણ અક્ષરોએ) લખવા યોગ્ય છે.(૧૮૫૬ની આઝાદીની ચળવળ જેને અંગ્રેજોએ ગદર નામ આપ્યું હતું) એ–"ગદર" ના જમાનામાં થાનાભૂવનનો વહીવટ હઝ. હાજી સા. (રહ.)એ પોતાના હાથમાં લઈ લીધો હતો.દીવાની અને ફોજદારી કેસોનો તેઓ પોતે નિકાલ કરતા હતા. દેશની આઝાદીની જે આગ એમના દિલમાં લાગી હતી તે પાછળથી હઝરત શૈખુલ હિંદ (રહ.)ના દિલમાં શોઅલો બની ભડકવા લાગી. તેમણે અને તેમના શાગિર્દો તથા મુરીદોએ હિન્દુસ્તાનમાંથી અંગ્રેજી સરકારને હચમચાવી કાઢી મૂકવા જે મુસીબતો વેઠી છે અને જે કુર્બાનીઓ આપી છે,દેશની આઝાદી અંગે લખનાર કોઈ ઈતિહાસકાર ( જો તે દયાનતદાર હોય ) ભુલાવી શકતો નથી.

હઝરત હાજી (રહ.) ઉર્દૂ અને ફારસીના એક સારા કવી પણ હતા.

ઈલ્મ અને ઈરફાનનો આ સૂર્ય છેવટે ચોર્યાસી વર્ષ ત્રણ માસ અને વીસ દિવસ સુધી આ દુનિયાને જગમગાવી ૧૨ જમાદીલ ઉખરા ૧૩૧૭ હિ. મુતાબિક ૧૮૯૯ ઈસવી ના બુધવારના દિવસે સવારની અઝાનના

સમયે અસ્ત થયો.આપને મકકા શરીફના જન્નતુલ મોઅલ્લા નામી કબ્રસ્તાનમાં મવ. રહમતુલ્લાહ સા. કેરાનવીની કબ્ર પાસે દફન કરવામાં આવ્યા.

અલ્લાહ તઆલા એમની કબ્રને નૂરથી ભરપૂર ફરમાવે અને રહમતોનો વરસાદ વરસતો રહે.આમીન

હઝરત હાજી સાહેબના લગભગ ૬૮ ખલીફાઓના નામો કિતાબોમાં લખાયા છે, એમાંનો દરેક પોતપોતાની જગ્યા પર ઈલ્મ–ઈરફાનના રોશન મિનારા હતા,અને એ બુઝુર્ગોનો જ ફૈઝ આજે પણ ભારત, પાકિસ્તાન, બંગલાદેશ, આફ્રિકા, યુ. કે., અમેરીકા વિગેરે દેશોમાં ફેલાયેલો છે.

**આ મહાન ખલીફાઓના નામો આ પ્રમાણે છે :**

૧ મવ. રશીદ અહમદ ગંગોહી (રહ.)
૨ મવ. મોહંમદ કાસિમ નાનૌતવી (રહ.)
૩ મવ. ખલીલ અહમદ સહારનપુરી (રહ.)
૪ મવ.અશરફ અલી થાનવી (રહ.)
૫ મવ.અહમદ હસન અમરોહી (રહ.)
૬ મવ. મુહયુદ્દીન ખાતિર (રહ.)
૭ મવ. જલીલ અહમદ (રહ.)
૮ મવ. હાજી આબિદહુસૈન દેવબંદી (રહ.)
૯ મવ. મન્ઝૂર અહમદ સા. (રહ.)
૧૦ મવ. નૂર મોહંમદ (રહ.)
૧૧ મવ. અ.વાહિદ બંગાલી (રહ.)
૧૨ મવ. મો.યાકૂબ નાનૌતવી (રહ.)
૧૩ મવ. મહમૂદ હસન દેવબંદી (રહ.)
૧૪ મવ. મો.અફઝલ બુખારી (રહ.)
૧૫ મવ. કરામતુલ્લાહ દેહલવી (રહ.)
૧૬ મવ. શરફૂલહકક દેહલવી (રહ.)

૧૭ મવ. સૈયદ અમીર હમઝા (રહ.)
૧૮ મવ. મુહિબ્બુદ્દીન મકકી (રહ.)
૧૯ મવ. શાહ મો. હુસૈન ઈલાહાબાદી (રહ.)
૨૦ મવ. અબ્દુસ્સમીઅ રામપુરી (રહ.)
૨૧ મવ. અહમદ હસન કાનપુરી (રહ.)
૨૨ મવ. અબ્દુલ્લાહ અન્સારી (રહ.)
૨૩ મવ. હાફિઝ અ.રહમાન અમરોહી (રહ.)
૨૪ મવ. ફિદા હુસૈન દરભંગવી (રહ.)
૨૫ મવ. સૈયદ અબુલ કાસિમ હંસવી (રહ.)
૨૬ મવ. હૈદર હસન ટોંકી (રહ.)
૨૭ મવ. અનવારુલ્લાહ હૈદરાબાદી (રહ.)
૨૮ મવ. સૈયદ પીર મહેરઅલી શાહ ગોલળવી (રહ.)
૨૯ મવ. કાજી મો. ઈસ્માઈલ મેંગલોરી (રહ.)
૩૦ મવ. ફતેહ મુહંમદ મો. થાનવી (રહ.)
૩૧ મવ. કાદિર બખ્શ સેહસરાઝી (રહ.)
૩૨ મવ. શફીઉદ્દીન નગીનવી (રહ.)
૩૩ મવ. હાફિઝ મો. યૂસુફ થાનવી (રહ.)
૩૪ મવ. મો. ઈબ્રાહીમ ઉજળાળવી (રહ.)
૩૫ હાફિઝ સઅદુલ્લાહ હઝારવી (રહ.)
૩૬ મવ. શાહ સુલયમાન ફુલવારી (રહ.)
૩૭ મવ. હકીમ મો.સિદ્દીક મુરાદાબાદી (રહ.)
૩૮ મવ. મુન્શી મો. કાસિમ નયાનગરી (રહ.)
૩૯ મવ.ફૈઝુલ હસન અદીબ સહરાનપુરી (રહ.)
૪૦ મવ. બદરુદ્દીન ફુલવારી શરીફ (રહ.)
૪૧ મવ. હકીમ ઝિયાઉદ્દીન સહરાનપુરી (રહ.)
૪૨ મવ. મુફતી અઝીઝુર્રહમાન દેવબંદી (રહ.)
૪૩ મવ. ખલીલુર્રહમાન મુહાજિર મકકી (રહ.)

૪૪ મવ. હાફિઝ મોહંમદ અહમદ કાસેઝી (રહ.)
૪૫ મવ. મોહંમદ શફીઅ ઓરંગાબાદી (રહ.)
૪૬ મવ. ઈનાયતુલ્લાહ માલવી (રહ.)
૪૭ મવ. સિફાત અહમદ ગાઝીપૂરી (રહ.)
૪૮ મવ. શાહ વારિસ હસન સા. (રહ.)
૪૯ મવ. સૈયદ અ.રહમાન કાંધલવી (રહ.)
૫૦ મવ. શાહ શર્ફુદીન અહમદ (રહ.)
૫૧ મવ. સૈયદ અસગર હુસૈન સા. દેવબંદી (રહ.)
૫૨ મવ. મો. હસન પાનીપતી (રહ.)
૫૩ મવ. મહયદીન મૈસુરી (રહ.)
૫૪ મવ. નૂર અહમદ (રહ.)
૫૫ મવ. હકીમ ઝાહિદ હસન અમરોહી (રહ.)
૫૬ શૈખ અબ્દુલ ફત્તાહ હાઝિકીય્યહ (રહ.)
૫૭ મવ. સૈયદ હુસૈન અહમદ મદની (રહ.)
૫૮ મવ. નિયાઝ અહમદ (રહ.)
૫૯ મવ. મુનવ્વર અલી દરભંગા (રહ.)
૬૦ અસઅદ આફંદી (રહ.)
૬૧ મવ. કાજી મુર્તઝાહુસૈન હૈદરાબાદી (રહ.)
૬૨ મવ. મુહંમદ અલી મોગેરી (રહ.)
૬૩ મવ.કરામત અલી અંબાલવી (રહ.)
૬૪ મવ. શાહ અબ્દુર્રહીમ રાયપૂરી (રહ.)
૬૫ મવ. સખાવત અલી અંભેટવી (રહ.)
૬૬ મવ. અબ્દુલ હય ચારગામી (રહ.)
૬૭ મવ. શાહ અબ્દુલ્લાહ જલાલાબાદી (રહ.)
૬૮ મવ. હકીમ સૈયદ અબ્દુલ હય હસની (રહ.) (નાઝિમ નદવતુલ ઉલમા)

# કુતુબુલ – ઈરશાદ

## હઝરત મવલાના રશીદ અહમદ ગંગોહી (રહ.)

**જન્મ :–**

હઝ. મવ.રશીદ અહમદ ગંગોહી (રહ.)નો જન્મ ૬ ઝિલ્કદ ૧૨૪૪ હિ. ના ગંગોહ કસ્બામાં થયો હતો.એમના વાલિદનું મૂળ વતન રામપુર જી. સહરાનપુર હતું. '' ગંગોહ'' એમનું મોસાળ હતું.

**તા'લીમ :–**

ફારસી ભાષાની તા'લીમ એમના સગા મામા મવ. મોહંમદ તકી સા.એ આપી અને અરબી, સર્ફ–નહવ (ગ્રામર)ની પ્રાથમિક તા'લીમ મૌ. મુહંમદ બખ્શ સા. રામપૂરીથી મેળવી હતી. ત્યાર બાદ દિલ્હી જઈ અમુક કિતાબો કાજી અહમદુદ્દીન સા. પાસે પઢી અને ત્યાર બાદ મશહૂર આલિમ હઝ.મવ. મમલૂક અલી નાનૌતવી (રહ.)ની સેવામાં હાજર થયા અને તેમનાથી ઘણી કિતાબોની તા'લીમ મેળવી.તેમના એક ઉસ્તાદ મુફતી સદરુદીન દેહલ્વી પણ હતા.

હદીષ શરીફ અને તફસીરની કિતાબો મશહૂર મોહદિસ મવ. શૈખ અબ્દુલગની (રહ.) પાસે અને થોડીક મવ. અહમદ સઈદ બિન અબૂ સઈદ દેહલ્વી (રહ.)પાસે પઢી.તા'લીમમાં તનતોડ મેહનત કરી હતી, જેથી તે સમયના તાલિબે ઈલ્મોમાં સૌથી આગળ નીકળી ગયા હતા.

**શાદી અને હિફઝ :–**

દિલ્હીથી ફારિગ થઈ પાછા ગંગોહ આવ્યા અને તેમના મામા મવ. મુ.તકીની નેક બેટી ખદીજા સાથે એમની શાદી થઈ, ત્યાર બાદ એક વર્ષમાં કુર્આન પૂરું હિફઝ કર્યું.

**બયઅત :–**

જાહેરી ઈલ્મમાં કમાલ હાસિલ કર્યો. પછી એમણે બાતેની ઈસ્લાહ તરફ ધ્યાન આપ્યું અને થાનાભુવન જઈ હઝરત હાજી ઈમદાદુલ્લાહ (રહ.)થી બયઅત થઈ ગયા અને બીજી તરફ ગંગોહમાં મુખ્ય મુદર્રિસ તરીકે તા'લીમ આપવાનું પણ શરૂ કર્યું.

**જિહાદ અને જેલ :–**

૧૨૭૬ હિ.માં મુસલમાનો સાથે અંગ્રેજી લશ્કર સામે બળવામાં ભાગ લીધો અને બળવાની નિષ્ફળતા પછી ૬ માસ સુધી મુઝફફરનગર શહેરની જેલમાં કેદ રહયા,પરંતુ પૂરતા પુરાવાના અભાવે એમને છોડી મૂકવામાં આવ્યા.ત્યાર બાદ લાંબી મુદત સુધી તા'લીમી પ્રવૃત્તિમાં મશગૂલ રહયા.

**મકકાની સફર :–**

૧૨૮૦ હિ. માં એમણે હિજાઝની સફર કરી, ત્યાં પોતાના શૈખ હઝ. હાજી ઈમદાદુલ્લાહથી મુલાકાત કરી,હજજ અદા કરી મદીના શરીફની સફર કરી, રવઝએ પાકની હાજરીની સાથે પોતાના ઉસ્તાદ હઝ. મવ. અબ્દુલગની મોહદ્દિસ (રહ.)થી પણ મુલાકાત અને ફૈઝ હાસિલ કર્યા, સફરથી પાછા ફરી તા'લીમના કામમાં પૂનઃ લાગી ગયા.

**બીજી સફર :–**

૧૨૯૪ હિ.માં બીજીવાર હિજાઝે મુકદસની સફર ઉપર રવાના થયા.આ સફરમાં આપની સાથે ઘણા આલિમો અને નેક લોકોની જમાઅત હતી,જેમાં મવ. મુહંમદ કાસિમ નાનૌતવી (રહ.) ,શૈખ મો. મઝહર (રહ.),મવ. યાકૂબ સા.નાનૌતવી (રહ.),શૈખ મુહંમદ રફીઉદ્દીન દેવબંદી (રહ.),મવ. મહમૂદ હસન (રહ.),મવ.અહમદ હસન કાનપુરી (રહ.) જેવા ટોચના ઉલમા અને બુઝુર્ગો હતા.

આ સફરમાં પણ ૨૦ દિવસ મદીના શરીફમાં રહયા અને પોતાના શૈખ મવ. અબ્દુલગની (રહ.) ની મુલાકાત કરી ફૈઝ મેળવ્યો. પછી મકકા શરીફ આવી એક માસ હઝ. હાજી ઈમદાદુલ્લાહ (રહ.)થી ફૈઝ હાસિલ ફરમાવતા રહયા. ગંગોહ પાછા આવી તા'લીમના કામમાં લાગી ગયા.

**ત્રીજી સફર :–**

૧૨૯૯ હિ.માં ત્રીજીવાર હિજાઝ તશરીફ લઈ ગયા,માં–બાપમાંથી કોઈ માટે હજજ અદા કરી પોતાના ઉસ્તાદોથી ફૈઝ હાસિલ કર્યો અને ફરી હિન્દુસ્તાન આવી તદરીસ શરૂ કરી.

આ ત્રીજી સફર પહેલાં તેઓ ફિકહ, ઉસૂલ , ઈલ્મે કલામ તથા હદીષ અને તફસીર વિગેરે બધા જ વિષયો પઢાવતા હતા, પરંતુ આ

ત્રીજી સફર પછી ફકત હદીષે પાકની ૬ મશહૂર કિતાબોના સબકો ચાલુ રાખ્યા, એક વર્ષમાં આ બધી જ કિતાબો પૂરી તહકીક સાથે પઢાવતા હતા.

એમના આ હદીષના સબકમાં દૂર દૂરના તાલિબે ઈલ્મો શામેલ થઈ લાભ ઉઠાવવા લાગ્યા.

**કિતાબો :–**

એમનો વધુ સમય તા'લીમમાં જ પસાર થતો એટલે કિતાબો લખવા તરફ વધારે ધ્યાન કેન્દ્રિત કરી શકયા નહી.છતાં પણ અમુક કિતાબો ઉમ્મતના લાભાર્થે લખી હતી, તેના નામો આ પ્રમાણે છે :

(૧) તસ્ફિયતુલ કુલૂબ (૨) ઈમદાદુસ્સુલૂક (૩) હિદાયતુશિઆ (૪) ઝુબદતુલ મનાસિક (૫) હિદાયતુલ મોઅતદી (૬) સબીલુર્રશાદ (૭) બરાહીને કાતિઆ અને બીજા અમુક રિસાલાઓ લખ્યા.

**પત્રો (મકતૂબાત) ફતાવા :–**

આપના શાગિર્દો અને મુરીદો તથા બીજા સંબંધીઓને આપે જે પત્રો લખ્યા હતા તે પત્રો પણ આપના અમુક ચાહકોએ ભેગા કરી છાપ્યા છે અને આપના ફતાવા પણ " ફતાવા રશીદિય્યહ " ના નામે ૩ જિલ્દમાં છપાયા છે.

**તકવો :–**

હઝ. મવલાના રશીદ અહમદ સા. તકવા, તહારત અને રસૂલુલ્લાહ (સ.અ.)ના અનુકરણમાં ઘણા જ ઊંચા દરજા ઉપર હતા, બિદઅતને તોડવા અને ઈસ્લામી નિશાનીઓને જીવંત કરવા તથા દીનના મામલામાં કોઈની પણ પરવા ન કરવામાં તેમનું જીવન એક દીવાદાંડી સમાન હતું. મુરીદોની તર્બિયત અને ઈસ્લાહ કરવામાં પણ અજોડ હતા. અલ્લાહ તઆલાએ એમને એવા એવા શાગિર્દો આપ્યા હતા કે વર્તમાન યુગમાં મળવા મુશ્કેલ છે.

**ખલીફાઓ :–**

આપના મહાન ખલીફાઓમાં મવ. મહમૂદ હસન (શૈખુલ હિન્દ)(રહ.),મવ. શૈખ અ.રહીમ રાયપુરી (રહ.), મવ.સૈયદ હુસૈન અહમદ (રહ.) અને મશહૂર શાગિર્દોમાં મવ. યહયા કાંધલવી (રહ.),

શૈખ માજિદ અલી (રહ.), શૈખ હુસૈન અલી અલવાની (રહ.) અને બીજા ઘણા ઉલમા  હતા. ૮ જમાદિલ ઉખરા ૧૩૨૩ હિ. જુમ્આના દિવસે આપનો ઈન્તિકાલ થઈ ગયો.

મવ. રશીદ અહમદ (રહ.) ૧૨૬૫ હિ.(૧૮૪૮ ઈ.)થી ૧૩૧૪ હિ.(૧૮૯૬ ઈ.) સુધી લગભગ પચાસ વર્ષ હદીષ શરીફના સબકો પઢાવ્યા છે.૧૮૫૯ પછી એમની આંખોની રોશની ઘણી કમઝોર થવાથી તા'લીમ આપવાનું બંધ કર્યુ હતું અને ફકત મુરીદોની બાતિની ઈસ્લાહના કામમાં લાગેલા રહયા હતા.

**હઝરત નાનૌતવી સાથે સંબંધ :–**

મવ. મો. કાસિમ સા. નાનૌતવી (રહ.) સાથે એમને ગાઢ મિત્રતાનો સંબંધ હતો. એક જ ઉસ્તાદના શાગિર્દ અને બન્ને એક જ શૈખના ખલીફા હતા. આ સંબંધ છેલ્લા સમય સુધી કાયમ રહયો.દારુલ ઉલૂમ દેવબંદની સ્થાપનામાં શામેલ હતા અને મવ. કાસિમ (રહ.)ની વફાત પછી આપ સાહેબ જ દારુલ ઉલૂમ,દેવબંદના સરપરસ્ત રહયા હતા.

**જનાબ ગુલામ કાદિર ગિરામીએ એક ફારસી રૂબાઈ કહી છે :**

**ખાકે ગંગોહ રા નવેદસ્ત રશીદ**
**ગન્જીનએ ફકર રા કલીદસ્ત રશીદ**
**ઈમદાદુલ્લાહ મુહાજિર મકકી રા**
**અલ્લાહ અલ્લાહ અજબ મુરીદસ્ત રશીદ**

ગંગોહની ભૂમિ માટે રશીદ અહમદ ખૂશખબરી સમાન છે અને રશીદ અહમદ વિલાયતના ખજાનાની ચાવી છે.અલ્લાહ અલ્લાહ હઝ. હાજી ઈમદાદુલ્લાહ મુહાજિર મકકીના તેઓ કેવા અજબ મુરીદ છે.

**ત્રણસો આલિમો શાગિર્દ હતા :–**

લગભગ ત્રણસોથી વધારે મહાન આલિમોએ આપથી ફૈઝ હાસિલ કર્યો હતો,જેમણે દેશ–પરદેશમાં હદીષ શરીફની સેવા આપી હતી.

**હઝરત મવ. અનવરશાહ કશ્મીરી (રહ.) ફરમાવ્યા કરતા હતા કે :–**

ઈમામે રબ્બાની હઝરત મવ. રશીદ અહમદ સા. ઈમામ અબૂ

હનીફા (રહ.) ના મઝહબ ઉપરાંત ચારે ચાર ઈમામોના મઝહબોમાં માહિર હતા, મેં આવા કોઈ આલિમ જોયા નથી, જે ચારેવ મઝહબોમાં માહિર હોય.

એમની તિર્મિઝી શરીફની તકરીર ૨(બે)ભાગમાં "અલ કવકબદુર્રિ "ના નામે પ્રસિદ્ધ થઈ છે. બીજી એક ઉર્દૂમાં "અન્નફહુ શ્શઝી" નામે પ્રગટ થઈ છે.

આપના જીવન અંગે વધુ માહિતી મેળવવા "તઝકિરતુર્રશીદ" વિગેરે કિતાબો વાંચવી જોઈએ.

**૪૦ ખલીફાઓ :–**

મવ. રશીદ અહમદ સા.ના ૪૦ ખલીફાઓના નામો છપાયા છે જેમાંના દરેક ઈસ્લામી જગતના ચમકતા તારલાઓ સમાન હતા.

## હુજ્જુતલ ઇસ્લામ

## મવ. મુહમ્મદ કાસિમ નાનૌતવી (રહ.)

ભારતીય ઉપખંડના અરબી તથા ઈસ્લામી શિક્ષણનો ઈતિહાસકાર તે મહાન અને ગર્વપાત્ર વ્યકિતઓને ભૂલી શકતો નથી, જેમણે આ દેશમાં ઉર્દૂ ભાષાના માધ્યમથી અરબી તથા ઈસ્લામી તા'લીમનો જબરદસ્ત ફેલાવો કર્યો, આવી મહાન વ્યકિતઓમાં હઝરત મવ. મુહંમદ કાસિમ સા. નાનૌતવી (રહ.)નું નામ છે.

**જન્મ :–**

**હઝરત મવ. મનાઝિર અહસન (રહ.) લખે છે :–**

મવ. નાનૌતવી (રહ.) નો જન્મ ૧૨૪૮ હિ. મુતાબિક ૧૮૩૨–૩૩ ઈસ્વીમાં નાનૌતા (જી.સહરાનપુર)માં થયો હતો.આપનું તારીખી નામ ખુર્શીદ હસન રાખવામાં આવ્યું હતું,કદી કદી આપ પોતાને છુપાવવા માટે મશહૂર નામ "મો.કાસિમ" છોડીને "ખૂર્શીદ હસન" નામ જાહેર કરતા હતા.

નાનપણમાં કુટુંબના અમુક માણસોની દુશ્મનીના કારણે એમની જાનને ખતરો હતો, એટલે એમના વાલિદ સા. એમને "નાનૌતા" થી

''દેવબંદ'' લઈ આવ્યા હતા, જયાં એમના સગાઓ રહેતા હતા. દેવબંદમાં એમને શૈખ કરામત હુસૈન સા.ના ઘરમાં ઉતારો મળ્યો હતો.

**તા'લીમ :–**

પ્રાથમિક તા'લીમ નાનૌતામાં લીધી હતી, દેવબંદ આવ્યા તો મૌલ્વી મિહતાબ અલી સા.( એઓ હઝ. શૈખુલ હિંન્દ (રહ.) ના મોટા કાકા હતા. )એ અરબીની કિતાબો પઢાવવાનું શરૂ કર્યુ. ઘણા જ હોશિયાર વિદ્યાર્થી હતા એટલે ઉસ્તાદને સમજાવવામાં કંઈ તકલીફ પડતી ન હતી, બલ્કે તે જ સમયથી એમની ઈજતિહાદી શાન માલૂમ પડતી હતી.

અમુક વખત પછી નાના શૈખ વજીહુદીન સા.ને ત્યાં સહરાનપુર ચાલ્યા ગયા, તેઓ પોતે વિદ્વાન અને ફારસીના સારા જાણકાર હતા.સાથોસાથ ઉર્દુના કવિ પણ હતા. મવ. કાસિમ સા. ને એમનો સંઘ મળયો, તેની સાથે સાથે મૌલ્વી મુહંમદ નિયાઝ સા. સહરાનપુરીથી ફારસી– અરબીની અમુક કિતાબો પઢવાનું ચાલુ કર્યુ.

૧૨૫૭ હિ. ૧૮૪૨ ઈસ્વીમાં સહરાનપુરમાં તાવની વબા ફેલાઈ ગઈ, આપના નાના તેનો ભોગ બન્યા અને તેમની વફાત થઈ ગઈ. તે પછી મવ. કાસિમ સા.પાછા નાનૌતા આવી ગયા અને એક વર્ષ નાનૌતામાં પસાર કર્યુ.

ઉસ્તાદુલ ઉલમા હઝ. મવ. મમલૂક અલી સા. જેઓ મવ. કાસિમ સા.ના સગાઈમાં કાકા પણ થતા હતા, એ સમયમાં દિલ્હીની પ્રખ્યાત દર્સગાહ દલ્હિી કોલેજમાં ઉસ્તાદ હતા. તેઓ એક વર્ષની રજા લઈ હજ્જ માટે ગયા હતા. ત્યાંથી પાછા ફરતાં તેમણે મવ. કાસિમ સા. ને કહ્યું : હું તમને મારી સાથે દિલ્હી લઈ જવા ઈચ્છું છું.

**દિલ્હીમાં :–**

વાલિદૈનથી રજા લઈ આપ મવ. મમલૂક અલી સા. સાથે મુહર્રમ ૧૨૬૦ હિ.૧૮૪૪ ઈસ્વીમાં દિલ્હી આવી ગયા અને ત્યાં હઝ. મવ. મમલૂક અલી સા.ની દેખરેખ હેઠળ ઘણા શોખ અને મેહનતથી તા'લીમમાં લાગી ગયા.

(અલીગઢ યુની.ના સ્થાપક સર સૈયદ પણ આપના વર્ગ સાથી( હમજમાઅત) હતા.

હદીષ શરીફની તા'લીમ હઝ. મવ. શાહ અબ્દુલગની મોહદ્દિસ દહેલ્વી (રહ.)થી હાસિલ કરી.તા'લીમ પૂર્ણ કર્યા બાદ દિલ્હી કોલેજમાં ટૂંક સમય ઉસ્તાદ રહયા, ત્યાર બાદ અહમદી પ્રેસ દીલ્હી અને મુજતબાઈ પ્રેસ મીરઠમાં કામ કરતા રહયા, મીરઠથી નોકરી છોડયા બાદ દેવબંદને જ પોતાની કર્મભૂમિ બનાવી, ઈલ્મી કામોમાં લાગી ગયા.

**શામલીના મેદાનમાં :–**

૧૮૫૭ની આઝાદીની લડાઈમાં હઝરત હાજી ઈમદાદુલ્લાહ સા. સાથે શામલીના મેદાનમાં અંગ્રેજોની વિરૂધ્ધ જિહાદમાં શામિલ થયા, તેમને લશ્કરની એક ટુકડીના અમીર (સેનાપતિ) પણ બનાવવામાં આવ્યા હતા. આપે ઘણી બહાદુરીપૂર્વક લડાઈમાં ભાગ લીધો, કાન ઉપર એક ગોળી લાગવાથી કપડાં લોહીથી ખરડાયા, પરંતુ તા'જુબની વાત એ હતી કે પાછળથી કોઈ જાતનું જખમ દેખાયું નહીં.

**બયઅત :–**

હઝ. મવ. નાનૌતવી (રહ.) એ પણ પોતાના મિત્ર મવ. રશીદ અહમદ સા. ની જેમ હઝ. હાજી ઈમદાદુલ્લાહ (રહ.) ના હાથ ઉપર બયઅત લીધી હતી અને સુલૂક (સત્યમાર્ગ)ની તા'લીમ સંપૂર્ણ કરી ખિલાફત મેળવી હતી.

હાજી સાહેબ (રહ.)ની મકકા શરીફ હિજરત પછી મવ. કાસિમ સાહેબે પણ ૧૨૭૭ હિ. મુતાબિક ૧૮૬૧ ઈસ્વીમાં હરમૈન શરીફૈનની ઝિયારત માટે સફર કરી હતી તથા ત્યાં પોતાના ઉસ્તાદે હદીસ શાહ અબ્દુલગની (રહ.) તથા પીર હાજી ઈમદાદુલ્લાહ (રહ.)થી ફૈઝ હાસિલ કર્યો હતો.

**દારુલ ઉલૂમ દેવબંદની સ્થાપના :–**

૧૨૮૩ હિ.માં દારુલ ઉલૂમ દેવબંદની સ્થાપનામાં શરીક રહયા હતા તથા જિંદગીની છેલ્લી ઘડી સુધી તેની સરપરસ્તી ફરમાવી હતી. જે મદ્રસો એક તાલિબે ઈલ્મથી અને એક મુદર્રિસથી શરૂ થયો હતો તે ઈસ્લામી જગતની મહાન દર્સગાહ રૂપે આજે પણ કામ કરી રહયો છે અને તે દર્સગાહના ફાઝિલોએ દુનિયાના ખૂણે ખૂણે દારુલ ઉલૂમો સ્થાપી દીધા છે અને આ મહાન કામો ફકત હઝરત હાજી સા., હઝ. મવ.

કાસિમ સા. તથા એમના પરહેઝગાર સાથીઓ ની દુઆઓ
ઈખ્લાસભરી કોશિશોનું જ પરિણામ છે.

૧૨૮૫ હિ. ૧૮૬૯ ઈસ્વીમાં હઝ. મવ. કાસિમ સ
બીજીવાર પણ હરમૈન શરીફૈનની સફર કરી હતી.

**પાદરીઓનો મુકાબલો :–**

૧૮૫૭ ઈ. પછી અંગ્રેજોના પાયા મજબૂત થતાં ઈસાઈ
પાદરીઓ જુદી જુદી જગ્યાએ ફેલાઈ ગયા અને મુસલમાનોના મ
ઉપર પ્રહારો શરૂ કર્યા.

હઝ. મવ. કાસિમ સાહિબે એમનો સજ્જડ મુકાબલો કર્યો અ
ઠેકાણે એમની સાથે મુનાઝરા કરી તેમને ખામોશ કરી આપ્યા.
તારાચંદ અને શાહજહાંપુરનો " મેલએ ખુદાશનાસી" માં પાદ
લા–જવાબ થઈ કિતાબો છોડી નાસી ગયા હતા.

એ જ પ્રમાણે આર્ય –સમાજના સ્થાપક "દયાનંદ સરસ્વ
પણ અનેકવાર દલીલો આપી ખામોશ કર્યા હતા. આ ફિત્ના
મુકાબલો કરવાનું કામ પણ હઝરત મવલાના નાનૌતવી (રહ.) નું
કામ હતું.

૧૨૯૪ હિ. ૧૮૭૭ ઈ.માં ત્રીજીવાર હિજાઝે મુકદ્દસની
ફરમાવી ફૈઝ હાસિલ કર્યો હતો.

**કિતાબો :–**

પાદરીઓ તથા આર્યસમાજીઓ ઈસ્લામ તથા પયગ
ઈસ્લામ (સ.અ.) ઉપર ટીકાઓ કરતા રહેતા હતા તથા
મુસલમાનોને ભરમાવવા જાત જાતના તુકકા વહેતા કરતા હતા.
મવ. કાસિમ સા. એક તરફ ખુલ્લેઆમ તેમની સાથે મુનાઝરા કરી
બીજી તરફ તહકીકી કિતાબો લખી તેઓને જડબા તોડજવાબો અ
હતા.

તહઝીરુન્નાસ, આબે હયાત, તકરીરે દિલપઝીર, ઈન્તિ
મુઅમિનીન, મુબાહસએ શાહજહાંપુર, હિદાયતુ શિઆ, કિબલા
વિગેરે તહકીકી કિતાબો આજે પણ ઉલમા માટે ઘણી જ મુફીદ છે.

**શાયરી :–**

આપ દીની કિતાબોના લેખનની સાથે સાથે શેરો–સુખુનમાં પણ પ્રવીણ હતા. ઉર્દૂ–ફારસી ભાષામાં ખુદા તઆલાની હમ્દ તથા નઅતો સરસ અંદાઝમાં કહી છે.

હઝરત હાજી સા.(રહ.) ,મવ. રશીદ ગંગોહીની જેમ આપને પણ ઘણા જ ચાહતા હતા અને પોતાના સંબંધીઓને આ બન્નેવ બુઝુર્ગોની કદર કરવા, તેમનાથી ફૈઝ ઉઠાવવા તાકીદ ફરમાવતા હતા.

૪ જમાદીયુલ અવ્વલ ૧૨૯૭ હિ. ૧૮૮૦ ઈ. માં તાવ અને ન્યુમોનિયાની બીમારીના કારણે આ ફાની જગત છોડી અલ્લાહને પ્યારા થઈ ગયા હતા.(રહ.)

સર સૈયદ અહમદ (રહ.) ૨૪ એપ્રિલ ૧૮૮૦ ના અલીગઢ ઈન્સ્ટીટયુટ ગેઝેટમાં હઝરત મવ. કાસિમ (રહ.) અંગે લાંબી નોંધ લખી છે :

દારુલ ઉલૂમ દેવબંદ અને એ મસ્લકના સેંકડો મદ્રસાઓ,દારુલ ઉલૂમો તથા ઉલમાએ દેવબંદની હઝારોની સંખ્યા તથા તેમની અજોડ સેવાઓ,મવ. નાનૌતવી (રહ.) અને એમના મુખ્લિસ સાથીઓની અઝમત અને તેમની મહાનતા તથા ઈખ્લાસની ગવાહી આપી રહયા છે.

આજે પણ એમના જ શાગિર્દોના શાગિર્દો બાતિલ ચળવળોનો બરાબર મુકાબલો કરી રહયા છે. અને ઈન્શાઅલ્લાહ ભવિષ્યમાં પણ કરતા રહેશે. એમના જીવનચરિત્ર વાંચવા માટે મવ. ગીલાની (રહ.)ની "સવાનિહે કાસિમી" સરસ કિતાબ છે.

**સર સૈયદ (રહ.) એક જગ્યાએ લખે છે :–**

આ ઝમાનામાં દરેક માણસ કબૂલ કરે છે કે મવ. મુહંમદ કાસિમ આ જગતમાં અજોડ શખ્સ હતા. તેમનો દરજો અમુક ઈલ્મમાં કદાચ શાહ અબ્દુલ અઝીઝ (રહ.) થી ઓછો હશે, પરંતુ બીજી બધી વાતે તેમનાથી આગળ હતા.

મિસ્કીની, નેકી, સાદગીમાં પણ તેઓ હઝરત શાહ ઈસ્હાક (રહ.) સાથે સમાન દરજો ધરાવતા હતા. સત્ય એ છે કે તેઓ ફરિશ્તા સિફત ઈન્સાન હતા. એવા માણસથી આ દુનિયાનું ખાલી થઈ જવું, તેમનાથી પાછળ રહેનારા દરેક માટે ઘણા જ રંજ અને દુઃખની વાત છે."

(અલીગઢ ગેઝેટ ૨૪/૪/૧૮૮૦)

## મવ. ફતેહ મુહમ્મદ થાનવી (રહ.)

મવ. ફતેહ મુહંમદ થાનવી (રહ.)નો જન્મ થાનાભુવન જી. સહરાનપુરમાં થયો હતો. નાનપણથી ઈલ્મનો શૌખ હતો, એમણે મુલ્લા મહમૂદ દેવબંદી,મવ.યાકૂબ સા. નાનૌતવી (રહ.) તથા અમુક કિતાબો મવ. કુતુબુદ્દીન હનફી દહેલ્વી (રહ.) અને મવ. અબ્દુર્રહમાન પાનીપતી (રહ.)થી પઢી.મવ. અહમદ અલી સહરાનપુરી (રહ.) થી હદીષ શરીફની તા'લીમ લઈ ફારિગ થયા.

હઝ. હાજી ઈમદાદુલ્લાહની પાસે રહી સુલૂકની તકમીલ કરી. ઘણા નમ્ર, ઝાહિદ, આબિદ અને ઘણા સારા કારી હતા. જયારે જલ્સામાં કુર્આન મજીદ પઢતા તો લોકોના દિલો મોહી લેતા.

તાલિબે ઈલ્મો સાથે ઘણા જ મહોબ્બતનો વર્તાવ કરતા હતા અને તેમની ખિદમત પણ કરતા હતા. ઘણી કિતાબોના તેમણે સબકો પઢાવ્યા છે.

એમની એક ખુસૂસિય્યત એ હતી કે, આખી ઝિંદગી તેમણે પગે ચાલી સફરો કરી, કદી પણ કોઈ સવારી ઉપર બેસી સફર કરી નહી.

મવ. અબુલ હસન અલી મિયાં (રહ.)એ લખ્યું છે કે જે જમાનામાં મવ. ફતેહ મો. સા. કાનપુરમાં પઢાવતા હતા, મારા વાલિદ સા. હકીમ મવ. સૈયદ અબ્દુલહય (રહ.) પણ થોડીક મદત કાનપુરમાં રહયા હતા અને તેમણે મવ. ફતેહ મુહંમદ સા. (રહ.) પાસે "શર્હે જામી" તથા "ઉસૂલુશ્શાશી"નો અમુક ભાગ પઢયો હતો. ૭૦ વર્ષની ઉંમરે થાનાભુવનમાંજ ૧૩૨૨ હિ.માં ઈન્તિકાલ થયો હતો.

ઈન્ના લિલ્લાહિ વ ઈન્ના ઈલયહિ રાજિઉન.

## અલ્લામા સૈયદ અબ્દુર્રહમાન કાંધલવી (રહ.)

આપ કાંધલા (જી. મુઝફફરનગર)ના રહેવાસી હતા.આપના વાલિદનું નામ સૈયદ રુસ્તમ અલી હતું. ઈલ્મ અને ફઝલમાં ઊંચો દરજો પ્રાપ્ત કર્યો હતો.

મુહંમદ મુરતઝાખાન સાહેબે શમાઈલે ઈમદાદિય્યહમાં એમના વિષે "અલ્લામએ અસર" જેવા શબ્દો આલેખ્યા છે.હઝ. મવ.રશીદ

અહમદ (રહ.) અને મવ. મો. કાસિમ (રહ.) પછી હાજી સાહેબથી બયઅત કરનાર મોટા આલિમોમાં પ્રથમ એમનું જ નામ આવે છે.શરીઅત ઉપર પાબંદી અને તકવો ગઝબનાં હતાં. મવ. ના કાકા સૈયદ ઈમામ અલી સા.પોલીસમાં ફોજદારીની નોકરી કરતા હતા. તેમણે મવ.ના ઘરની સાથોસાથ ઘર બનાવ્યું તો મવ.એ તે ગલીમાં થી પસાર થવાનું છોડી આપ્યું, લાંબુ અંતર કાપી મસ્જિદે જતા હતા, આનું કારણ જાણવા લોકોએ આગ્રહ કર્યો તો ફરમાવ્યું કે ચાચા પોલીસખાનામાં નોકરી કરે છે.એમણે લાંચ પણ લીધી હશે,તે પૈસા આ ઘર બાંધવામાં વપરાયા હશે, માટે હું  તેના પડછાયાથી પણ પરહેઝ કરું છું.એમની ઘણી કરામતો પણ મશહૂર હતી.

મવ. અહમદ અલી સહરાનપૂરી (રહ.) સાથે ઘણી મિત્રતા હતી.

મવ.ને અનેકવાર હરમૈન શરીફૈનની ઝિયારતની સઆદત પ્રાપ્ત થઈ હતી. હાજીઓના તે ઐતિહાસિક કાફલામાં કે જેમાં હઝ. ગંગોહી (રહ.), મવ. નાનૌતવી (રહ.), મવ. યાકૂબ સા. (રહ.), મવ. સૈયદ આબિદ હુસૈન (રહ.), મવ. અબ્દુસ્સમીઅ બેદિલ રામપુરી (રહ.)ની સાથે મવ. મુઝફફરહુસૈન કાંધલવી (રહ.), મવ. નૂરુલ હસન કાંધલવી (રહ.), તથા કાંધલા શહેર અને કુટુંબના એક સો થી વધુ ગણના પાત્ર માણસો શામિલ હતા, તેમાં મવ. અબ્દુર્રહમાન પણ હતા.

મવ. યાકૂબ સા.એ પોતાની રોજનીશીમાં ઘણીવાર એમનું વર્ણન કર્યું છે.આ કાફલો ૨૯ ઝિલકદ ૧૨૭૭ હિ. જુન ૧૮૬૧માં મકકા શરીફ પહોંચ્યો હતો. મવ. ના કુટુંબી મુન્શી સિદ્દીક અલી સા.ના કહેવા પ્રમાણે મવ. અબ્દુર્રહમાનનો ઈન્તિકાલ હાજી સા.ની હયાતીમાં મકકા શરીફમાં થયો હતો.

## શાહ શરફુદ્દીન અહમદ (રહ.)

**એમના વિષે શાહ મુઈન અહમદ ફારૂકી નદવી સા. લખે છે કે :–**

સપ્ટેમ્બર ૧૯૦૪માં એમનો જન્મ થયો હતો.શરૂની તા'લીમ ઘરમાં હાસિલ કરી. ત્યાર બાદ ફારસી,અરબીની શરૂની કિતાબો પોતાના નાના શાહ શરફુદ્દીન સા. મર્હૂમથી પઢી.

ત્યાર બાદ દેવબંદના અકાબિર ઉલમાથી ફૈઝ હાસલ કર્યો અને હઝ. હાજી સા. થી બયઅત અને ખિલાફત મેળવી હતી.

## હાફિઝ અબ્દુલ્લાહ હઝારવી (રહ.)

એમણે નાનપણમાં કુર્આન મજીદ હિફઝ કર્યું. ત્યાર બાદ દીની ઈલ્મ હાસિલ કરવા માટે પોતાના મામા કાજી મહમૂદનો દામન પકડયો.

**ડો. શેર બહાદુરખાન લખે છે :–**

મિયાં મોહંમદ હનીફની અવલાદમાં એક છોકરી અને ચાર છોકરા હતા, તેમાં હાફિઝ મો. સઅદુલ્લાહ સૌથી મોટા હતા. હાફિઝે કુર્આન તથા દીની ઈલ્મોમાં સંપૂર્ણ અનુભવી હતા. ખ્વાજા શમસુદીન સિયાલવીથી પણ ખિલાફત મળી હતી. અને પછી પીર મહેરઅલી શાહ ગોલળવી અને સઅદુલ્લાહ સા. એક જ દિવસે હઝરત હાજી સા. (રહ.)ની ખિદમતમાં હાજર થયા અને બયઅત કરી. હજ્જ પણ સાથે જ કરી અને ખિલાફત પણ બન્નેવને સાથે જ મળી હતી. હઝરત પીર મહેરઅલી શાહ સા. સાથે ખાસ સંબંધ હતો.

એમણે હંમેશા પોતાના મસ્લકને શરીઅતના તાબે રાખ્યો હતો. ૧૯૦૦ ઈ. માં ઈન્તિકાલ થયો છે.

## હઝરત મવ. સૈયદ અસગરહુસૈન સા. દેવબંદી (રહ.)

આપનું તારીખી નામ મુખ્તાર અહમદ હતું. વાલિદ સા.નું નામ મો. હુસૈન જેઓ સાદાત કુટુંબના હતા. મવ. અસગરહુસૈન સા.નો જન્મ દેવબંદમાં થયો.

નાના મિયાંજી શાહ સાહેબે આપને બિસ્મિલ્લાહ પઢાવી હતી તથા ફારસી એમના વાલિદ સા. પાસે પઢી. ત્યાર બાદ દારુલ ઉલૂમ દેવબંદમાં દાખલ થઈ ગયા.મવ. મો. યાસીન સા. તથા મવ. મનઝૂર અહમદ સા.થી ફારસીની તા'લીમ પૂરી કરી.

૧૩૧૦ હિ.માં અરબી દરજામાં દાખલ થયા અને ૧૩૨૦ હિ.માં શૈખુલ હિન્દ (રહ.) પાસે દવરએ હદીસ શરીફ પઢી સનદ મેળવી. આપના બીજા ઉસ્તાદોમાં મવ. હબીબુર્રહમાન ઉસ્માની, મવ. હાફિઝ

મુહંમદ અહમદ કાસિમી, મવ. મુફતી અઝીઝુર્રહમાન અને મવ. ગુલામ રસૂલ હઝારવી (રહ.)ના નામો છે.

૧૩૨૧ હિ.માં જોનપુર મુકામે મસ્જિદ અટાલાના મદ્રસામાં સદર મુદર્રિસ તરીકે નિમણૂંક થઈ. ૧૩૨૭ હિ. સુધી ત્યાં તા'લીમી કામ કરતા રહયા અને એ જ વર્ષમાં હઝ. શૈખુલ હિન્દ (રહ.)ના મશ્વેરાથી "અલ–કાસિમ" માસિકમાં તંત્રી તરીકેની સેવા બજાવવા લાગ્યા.

૧૩૩૦ હિ.માં દારુલ ઉલૂમ દેવબંદમાં મુદર્રિસ નિમાયા અને વર્ષો સુધી ઊંચી કિતાબોની તા'લીમ આપતા રહયા.

૧૩૩૦ હિ.માં પહેલીવાર હજ્જ કરી. ૧૩૪૫ હિ.માં બીજીવાર અને ૧૩૫૦ હિ.માં ત્રીજીવાર હરમૈન શરીફૈનની ઝિયારત કરી.પહેલાં એમણે જનાબ શાહ અબ્દુલ્લાહ (જેઓ મિયાંજી શાહ મુન્નાથી ઓળખાતા હતા)ના હાથ ઉપર બયઅત થયા અને તેમનાથી ઈજાઝત મળી. તયાર બાદ હઝ. હાજી સાહેબથી બયઅત થયા અને ખિલાફત મેળવી.

એઓ માદરઝાદ વલી તરીકે ઓળખાતા હતા. ૨૨ મુહર્રમ ૧૩૬૪ હિ.મુતાબિક ૮/૧/૧૯૪૫ ના ઈન્તિકાલ થયો અને રાંદેર (જી. સુરત)માં દફન કરવામાં આવ્યા.

આપે ઘણી કિતાબો પણ લખી છે.(૧) ફતાવા મુહંમદિય્યહ ૩ ભાગ.(૨)રહમતે રિઝવાન,જેમાં ઈમામ અબૂહનીફા (રહ.)ના હાલાત,ફઝાઈલ વિગેરે છે.(૩)મુસાફિરે આખિરત (૪)કુલ્લિયાતે શૈખુલ હિન્દ. (૫) ગુલઝારે સુન્નત. (૬) નસીહતુલ મુખ્લિસીન. (૭)અહદનામા જદીદ (૮) ખ્વાબે શીરીં. (૯) અલ–જવાબુલ મતીન,૧૫૦ સવાલોના જવાબ હદીષ શરીફથી આપ્યા છે. (૧૦)તૂહુરુલ મુસ્લિમીન (૧૧) ફરહતુસ્સાઈમીન (૧૨)તાબીરે સાદિક (૧૩) મૌલવી મઅનવી (૧૪) મલફૂઝાતે અસગરિય્યહ (૧૫) હયાતે ખિદર (૧૬) ઈલ્મુલ અવ્વલીન (૧૭) અલ કવલુલ મતીન ફિ ઈકામતિદ્દીન (૧૮) ચાલીસ હદીસો (૧૯) નેક બીબીઓ (૨૦) સિરાજી ઉપર હાશિયો (૨૧) રફીકે સફર.

વધુ વિગત માટે વાંચો "હયાતે અસગર" દેવબંદથી છપાઈ છે.

# હઝરત મવ. હાફિઝ અબ્દુર્રહમાન અમરોહી (રહ.)

**જન્મ :–**

આપનો જન્મ મુંબઈ મુકામે મવલાના ઈનાયતુલ્લાહ સનદેલ્વી ના ઘરમાં ૧૨૭૭ હિ.માં થયો હતો. આપનો નસબ શૈખ શિહાબુદીન સોહરાવરદીથી મળી હઝરતે સિદ્દીકે અકબર (રદિ.) સુધી પહોંચે છે.આપના બીજા પણ બે ભાઈઓ હતા.આપ ફરમાવતા હતા કે અમારા નામ "બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ" ની તરતીબ ઉપર રાખવામાં આવ્યા હતા. મોટા "અબ્દુલ્લાહ" પછી "અબ્દુર્રહમાન" અને નાના હાફિઝ "અબ્દુર્રહીમ".

**તા'લીમ :–**

હજુ આપની ઉંમર ૫ – ૬ વર્ષની હતી, ત્યાં પોતાની બહેન મકકા શરીફ અને બનેવી અબ્દુલઅઝીઝ સાઅતજી પાસે મકકા મુકર્રમામાં રહેવા લાગ્યા.મકકા મુકર્રમામાં એક હાફિઝ અબ્દુર્રહમાન હતા. તેમની પાસે હિફઝ કરવાનું શરૂ કર્યું. હિફઝ પૂરું કર્યા પછી પહેલી તરાવીહ હરમ શરીફમાં સંભળાવી.૧૨૯૦ હિ.માં ફરી મુંબઈ પાછા ફર્યા.

૧૨૯૨ થી ૧૨૯૭ સુધી દારુલ ઉલૂમ દેવબંદમાં તા'લીમ હાસિલ કરતા રહયા. તિર્મિઝી શરીફ મવ. મો. કાસિમ નાનૌતવી(રહ.) પાસે પઢી. હઝ. નાનૌતવીની વફાત પછી દેવબંદથી મુરાદાબાદ આવી ગયા અને મવ. અહમદ હસન અમરોહી થી ૧૩૦૧ હિ.માં આલિમની સનદ હાસિલ કરી.

ગંગોહ જઈ હઝરત મવ. રશીદ અહમદ (રહ.)થી પણ હદીષ શરીફ પઢી, એ જ રીતે ભોપાલ જઈ કાજી મો. ઐયૂબ સા. તથા અલ્લામહ હુસૈન ઈબ્ને મુહસિન યમાની (જેઓ એક જ વાસ્તાથી અલ્લામા શૌકાની (રહ.)ના શાગિર્દ હતા, તેઓ)થી પણ હદીષ શરીફની સનદ મેળવી હતી.

**તદરીસ :–**

ફારિગ થયા પછી અમુક વર્ષો મદ્રસા શાહી મુરાદાબાદમાં તા'લીમ આપતા રહયા અને પછી મદ્રસા ઈસ્લામિય્યહ જુમ્આ મસ્જિદ

અમરોહામાં જોડાઈ ગયા અને તેમના ઉસ્તાદ મવ. અહમદ હસન (રહ.)ના ઈન્તિકાલ બાદ કાયમી રીતે સદર મુદર્રિસ  તથા શૈખુલ હદીષ તરીકે નકકી થયા. અમુક મહિના મેઢુ  સ્ટેટમાં અને પછી ડાભેલ(જી. સુરત) અને ત્યાંથી દારુલ ઉલૂમ દેવબંદમાં હદીષ શરીફનો સબક પઢાવતા રહયા. છેલ્લે પુનઃ અમરોહા વૃદ્ઘાવસ્થા હોવા છતાં કુર્આને પાક અને હદીષ શરીફનો સબક પઢાવતા રહયા.

એમના ઉપર હઝ. નાનૌતવીનો રંગ ચઢેલો હતો, એટલે તેમના તરીકા પ્રમાણે દર્સ આપતા હતા. ઘણીવાર હઝરત નાનૌતવી (રહ.)ની વાતોનો હવાલો આપતા હતા અને તેમની વાતોને સ્પષ્ટ રીતે બયાન ફરમાવતા હતા.

ઈલ્મ, ઈરફાન નો આ સૂર્ય ૨૩ જમાદિયુલ આખર ૧૩૬૭ હિ.ના સવારમાં ગુરૂબ થઈ ગયો. અમરોહાની જુમ્આ મસ્જિદના સહેનના ખૂણામાં પોતાના ઉસ્તાદની કબર પાસે દફન કરવામાં આવ્યા. મવ. ફખરુદ્દીન  સાહેબે મુરાદાબાદથી આવી જનાઝાની નમાઝ પઢાવી હતી.

**બયઅત :–**

એમનો સંબંધ પણ હઝરત હાજી ઈમદાદુલ્લાહ (રહ.) થી હતો અને હાજી સા. તરફથી એમને ખિલાફત મળી હતી.

**કિતાબો :–**

''મુતવ્વલ'',''મુખ્તસર'' અને બૈઝાવી શરીફ ઉપર આપનો હાશિયો છે. આપના અસંખ્ય શાગિર્દો થયા. મુફતી કિફાયતુલ્લાહ (રહ.) પણ આપના શાગિર્દ હતા. છેલ્લે સુધી પોતાનું ઘર પણ બનાવ્યું નહીં. છેલ્લી જિંદગી મદ્રસાના રૂમમાં પસાર કરી. (રહમતુલ્લાહિ અલયહિ).

## શૈખુલ હિન્દ મવ. મહમૂદ હસન દેવબંદી (રહ.)

મવ. મહમૂદ હસન (રહ.)નો જન્મ બરેલી મુકામે ૧૨૬૮ હિ.માં થયો હતો, પરંતુ તા'લીમ શરૂથી છેવટ સુધી દેવબંદમાં  થઈ હતી.

આપના વાલિદ સા. ઝુલફિકાર અલી સા. પોતે મહાન આલિમ અને અરબી ભાષાના અદીબ હતા.

મવ.મહમૂદ હસન (રહ.)ના બીજા ઉસ્તાદોમાં મવ. સૈયદ અહમદ સા. દહેલ્વી, મવ.યાકૂબ બિન મવ. મમલૂક અલી સા. તથા મવ. મો. કાસિમ નાનૌતવી (રહ.)ના નામો સૌથી મોખરે છે.

**હઝરત મવ. મુહંમદ તૈયબ સા. લખે છે :–**

"આપ મવ. કાસિમ નાનૌતવી (રહ.)ના સર્વ શ્રેષ્ઠ શાગિર્દ હતા. મવ. કાસિમ સા.ના ઈલ્મનો તેમની વફાત પછી એમના મારફત દુનિયાભરમાં ફેલાવો થયો. બીજા શાગિર્દોમાં તેની મિસાલ જોવામાં આવતી નથી. તેઓએ પોતાના ઉસ્તાદ માટે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરી દીધું હતું અને ઉસ્તાદ પાછળ ગાંડાતુર બની ઈલ્મ પ્રાપ્તિમાં મગ્ન હતા.

તેઓ પોતાના ઉસ્તાદના ઈલ્મના અમીન અને રખેવાળ હતા. તેમણે જ હઝરત નાનૌતવી (રહ.)ની કિતાબોને સારામાં સારી રીતે નવા શીર્ષકો આપી છાપી હતી. કુર્આન શરીફનો તરજુમો પણ કર્યો, બુખારી શરીફના અબવાબ અને તરાજિમ ઉપર એક સરસ કિતાબ લખી. મુનાઝરાની કિતાબો પણ લખી અને મુનાઝરા પણ કર્યા હતા.

૪૦ વર્ષ સુધી એકધારી હદીષ શરીફની તા'લીમ આપી, ૮૬૦ ઊંચી લાયકાતવાળા અને દરેક વિષયના નિષ્ણાત આલિમો ફાઝિલો તૈયાર કર્યા. આપનો હદીષ શરીફનો સબક ખાસ વિશેષતા ધરાવતો હતો. તે સમયના ઉલમાઓએ એમને "મોહદ્દિસે અસ્ર" માન્યા હતા. બયઅત અને ઈર્શાદનો સિલસિલો પણ ચાલુ હતો. હઝારો મઅરિફતના તરસ્યાઓને આરિફ બિલ્લાહ બનાવ્યા. આપનો ફૈઝ હિન્દની સરહદો વટાવી અફઘાનિસ્તાન અને અરબ દેશો સુધી પહોંચ્યો. ઘણી ઈલ્મી કિતાબો વારસામાં મૂકી ગયા.

હિન્દુસ્તાનને વિદેશી સત્તામાંથી છોડાવી આઝાદ કરવા એક ક્રાંતિકારી ચળવળ શરૂ કરી, જેને "રેશમી રૂમાલ તહરીક" તરીકે ઓળખવામાં આવે છે. આ ઘણી સરસ ચળવળ હતી, પરંતુ એનો ભેદ ખુલી જતાં એ નિષ્ફળ થઈ હતી, પરંતુ જેમના દિલોમાં આ આઝાદીની જયોત જલાવી હતી તે જ લોકોએ અંતે દેશને આઝાદ કરાવ્યો."

૧૨૯૨માં દારુલ ઉલૂમમાં મુદર્રિસ તરીકે નિમણૂક થઈ હતી.

તરીકત અને સુલૂક પહેલા શૈખ રશીદ અહમદ ગંગોહીથી હાસિલ કર્યો. વર્ષમાં અસંખ્ય વાર ગંગોહ હાજરી આપતા. મવ. ગંગોહીથી ખિલાફત મેળવી હતી. ઘણીવાર હિજાઝની સફર કરી. ૧૨૯૪ હિ.માં ઘણા ઉલમા અને નેક લોકો સાથે હરમૈન શરીફૈનની ઝિયારતની સઆદત હાસિલ કરી.

મકકા શરીફ હાજી ઈમદાદુલ્લાહ (રહ.) અને મવ. રહમતુલ્લાહ કેરાનવી (રહ.) થી મુલાકાત કરી અને મદીના શરીફમાં મવ. અબ્દુલગની (રહ.)થી ઘણો ફૈઝ હાસિલ કર્યો.

મવ. યાકૂબ નાનૌતવી (રહ.)ની વફાત પછી જયારે મવ. સૈયદ અહમદ દહેલ્વી (રહ.) ભોપાલ ચાલ્યા ગયા તો એમને દારુલ ઉલૂમની સદારત સોંપવામાં આવી હતી.

દેશની આઝાદી માટે પોતાના શાગિર્દોને અફઘાનિસ્તાન તથા ઉસ્માની ખલીફા પાસે મદદ માંગવા મોકલ્યા. મવ. ઉબૈદુલ્લાહ સિંધી અને બીજા ઉલમાએ ઘણી સારી સેવા કરી અને ૧૩૩૩ હિ. માં શૈખુલ હિન્દ (રહ.) પોતે હિજાઝ તશરીફ લઈ ગયા. મકકા શરીફમાં તુર્કી ગવર્નર ગાલિબ પાશા સાથે મુલાકાત કરી ત્યાંથી મદીના શરીફ ગયા. ત્યાં તુર્કી વઝીરે જંગ અનવર પાશા અને કમાન્ડર જમાલ પાશાને પણ મળ્યા (તેઓ મદીનહ મુનવ્વરહ ઝિયારત માટે આવ્યા હતા.) તેમની સહાનુભૂતિ મેળવી, હિન્દના લોકો માટે તેમનો એક પત્ર પણ મેળવ્યો, જેમાં તેમણે આ આઝાદીની ચળવળમાં મદદ આપવાનું વચન આપ્યું હતું. આ કાગળોની નકલો હિન્દુસ્તાન તથા અફઘાનિસ્તાન મોકલવાનો પ્રોગ્રામ તૈયાર થયો. હિન્દુસ્તાન આ નકલ પહોંચી ગઈ હતી, હવે ઈરાનના માર્ગે ઉત્તરમાં અને અફઘાનિસ્તાનમાં મોકલવાની હતી.

૧૩૩૪ હિ.માં અંગ્રેજોને આ પ્રોગ્રામની બાતમી મળી ગઈ, જે રેશમી રૂમાલમાં કાગળો લખેલા હતા તે પકડાયા. એટલે અંગ્રેજોએ ચળવળના લીડરની શોધખોળ કરી,તેમની ધરપકડ કરવાનું નકકી કર્યું.

એ જ સમયમાં મકકા શરીફમાં શરીફ હુસૈન બળવો કરી ઉસ્માની ખિલાફતથી નીકળી ગયો હતો, એટલે તેણે હઝ. શૈખુલ હિન્દને અંગ્રેજોના હવાલે કરવા માહે સફર ૧૩૩૫ હિ.માં ગિરફતાર કર્યા.

એમની સાથે મવ. હુસૈન અહમદ સા.(રહ.) , હકીમ નુસરત હુસૈન કોળવી (રહ.),મવ. ઉઝૈર ગુલ (રહ.), મવ. વહીદ અહમદ (રહ.) પણ હતા.૧૮ રબીઉલ અવ્વલ ૧૩૩૫ હિ.ના આ સૌને મિસર મોકલવામાં આવ્યા અને ત્યાંથી માલ્ટાની જેલમાં પહોંચાડી આપ્યા.

હઝ. શૈખુલ હિન્દ પૂરા ત્રણ વર્ષ અને અમુક મહીના સુધી માલ્ટાની જેલમાં કેદ રહયા, ત્યાં પણ ઝિક્ર,ઈબાદત અને ઈલ્મી ફૈઝ પહોંચાડવાનું ચાલુ રાખ્યું.

હકીમ નુસરત (રહ.) કેદની હાલતમાં જ વફાત પામ્યા. છેવટે શૈખુલ હિન્દને જમાદીયુલ ઉખરા ૧૩૩૮ હિ.ના છોડી મૂકવામાં આવ્યા અને ૨૦ રમઝાનુલ મુબારક ૧૩૩૮ હિ.ના હિન્દુસ્તાન પાછા ફર્યા.

હિન્દના લોકોએ આપનું ઉમળકાભેર સ્વાગત કર્યું. આપના આકર્ષક વ્યકિતત્વ પર લોકો આફરીન થઈ ગયા હતા. આખા દેશમાં નાના–મોટા એમને શૈખુલ હિન્દ કહેવા લાગ્યા. જયાંથી આપ પસાર થતા હતા, લોકોના ટોળે ટોળા આપની ઝિયારતથી ફૈઝયાબ થવા ઊમટી પડતા હતા અને આપના સ્વાગતમાં એક મોટો જલ્સો પણ કરવામાં આવ્યો હતો.

માલ્ટાની જેલમાં સખ્ત તકલીફો વેઠવાથી હઝરત બિલકુલ કમઝોર થઈ ગયા હતા એટલે બીમારીના હુમલા વેઠી શકયા નહી, પરંતુ બેહદ કમઝોરી,બીમારીની હાલતમાં પણ હિન્દના મોટા શહેરોની સફર ખેડી. અલીગઢ ગયા, જામિઅહ મિલ્લિયહનો પાયો નાખ્યો. ત્યાં પ્રવચન કર્યુ અને અંગ્રેજ સરકારના બાયકોટનો ફતવો આપ્યો. દિલ્હી આવ્યા ત્યાં બીમારી ઘણી વધી ગઈ અને અંતે ૧૮ રબીઉલ અવ્વલ ૧૩૩૯ હિ.ના આ મહાન મુજાહિદ અલ્લાહને પ્યારા થઈ ગયા.(રહિમહુલ્લાહુ રહમતન વાસિઅતન).

આપનો જનાઝો દેવબંદ લાવવામાં આવ્યો. મોટી સંખ્યામાં મુસલમાનોએ નમાઝે જનાઝા અદા કરી અને પોતાના મહબૂબ ઉસ્તાદ મવ. કાસિમ નાનૌતવી (રહ.)ના પાસેજ દફન કરવામાં આવ્યા.

આપ સાહેબ નિખાલસ નિષ્ઠાવાન અને મુજાહિદ શિફત મર્દે મોમિન હતા.

આપને હઝરત મવ. કાસિમ નાનૌતવી (રહ.), મવ. રશીદ અહમદ ગંગોહી (રહ.) અને સૌના પીર હઝરત હાજી સા. (રહ.) ત્રણેવથી બયઅતની ઈજાઝત અને ખિલાફત મળી હતી.

આપ ઘણા સાદા, નમ્ર સ્વભાવના, અલ્લાહ તઆલા ઉપર ભરોસો રાખનારા અને મહાન આલિમ હતા. ઈતિહાસનો અભ્યાસ પણ ઘણો સારો હતો. સાથોસાથ શેઅર અને અદબથી પણ એમને સારી દિલચશ્પી હતી. ઘણા અશઆર યાદ હતા. પોતે પણ શેઅર કહેતા હતા. એમના સબકની વિશેષ્ટતા એ હતી કે એઓ ઘણા ટુંકા શબ્દોમાં વાતને સમજાવી આપતા. મુહદ્દિસીને કિરામ તેમજ દીનના ઈમામોનો બેહદ એહતિરામ ફરમાવતા હતા. કદ દરમ્યાની હતું. ચાલવા અને વાત કરવામાં વકાર સાથે ચાલતા. ઈબાદત અને મુજાહિદાના કારણે ચેહરા ઉપર નૂર વરસી રહેતું હતું.

તા'લીમ તથા સિયાસી કામોના લઈને લખવાનો મોકો ઓછો મળતો, છતાં એ મૈદાનમાં પણ સારી ખિદમત કરી ગયા હતા.

"અદિલ્લએ કામિલહ", "જોહદુલ મુકિલ્લ", અહસનુલ કુરા", ઈફાદાત", "તરજુમએ કુર્આન શરીફ", "અલઅબ્વાબ", કુલ્લીયાતે મહમૂદમાં નઝમો છે.મુખ્તસર મઆની ઉપર ૧૩૪૪ હિ.માં હાશિયો છપાયો હતો તથા ફતાવા પણ છે.

એમના ખલીફાઓમાં મવ. ઝિર્ગામુદ્દીન મુઝફફરનગરી, મૌ. સુફી મો. અકરમ પંજાબી, મવ. મો. સહુલ ભાગલપુરી, મવ. વારિસ હસન, મવ. ફકીહુલ્લાહ રાયપુરી વિ. હઝરાત છે.

**ડો. ઈકબાલ હસન સા. લખે છે કે :**

વફાતથી થોડીકવાર પહેલાં ૩૦ નવેમ્બર ૧૯૨૦ ઈ. મુતાબિક ૧૮ રબી. ૧૩૩૯ હિ.ના હાલત ઘણી ખરાબ થઈ ગઈ, આશા છોડી દેવામાં આવી. એજ હાલતમાં કંઈક હાલતમાં સુધારો થયો તો ફરમાવ્યું :

"મરવાનો અફસોસ નથી પરંતુ એનો અફસોસ છે કે બિસ્તરા ઉપર ઈન્તિકાલ થઈ રહ્યો છે. મારી તમન્ના તો એ હતી કે જિહાદના મૈદાનમાં હોતે અને અલ્લાહનો કલિમો બુલંદ કરવાની સઝામાં શરીરના ટુકડા કરવામાં આવતે". ત્રણવાર અલ્લાહ અલ્લાહ પઢયા, યાસીન

પઢવાનું શરૂ કર્યું અને "વઈલયહિ રાજિઉન"ની આયત આવતાં કિબ્લા તરફ મોઢું કરી લીધું અને હંમેશના માટે આંખો બંધ કરી લીધી અને જોતજોતામાં ઈલ્મ અને હિકમતની શમઅ જે અર્ધી સદીથી વધારે જગતને રોશની આપી રહી હતી તે બુજાઈ ગઈ. ઈન્ના લિલ્લાહિ વ ઈન્ના ઈલયહિ રાજિઉન.

જયારે એમને ગુસલ આપવા તખ્તા ઉપર સૂવાડવામાં આવ્યા અને કપડાં ઉતાર્યા તો ફકત હાડકાં માલમ પડતાં હતાં અને ચામડી ઉપર કાળા કાળા ડાઘો પડેલા જણાયા, લોકો આ જોઈ રડી પડયા. હઝરતના જેલના સાથીઓએ કહયું કે જેલમાં આપને જે કોરડા મારવામાં આવતા હતા આ તેનાં નિશાન છે,પરંતુ હઝ. (રહ.)એ અમને સખત તાકીદ કરી હતી કે મારી હયાતીમાં કોઈને પણ આ તકલીફો અંગે કંઈ પણ કહેવું નહીં. આપની આવી સબ્ર અને અડગતા સાંભળી દરેક હાજરજન અચંબામાં પડી ગયા હતા.

નમ્રતા એટલી હતી કે ફરમાવતા હતા કે "જો અલ્લાહ તઆલાએ આ ઈલ્મ આપ્યો ન હોત તો હું પોતાને એવો મિટાવી દેત કે કોઈ "મહમૂદ" નામને જાણત પણ નહી." ગરીબો સાથે રહેવાનું પસંદ કરતા, માલદારોથી ગભરાતા હતા.

**આપના પત્રો ઘણા ઉપયોગી છે. એક પત્રમાં લખે છે કે :–**

"દુનિયા ઘણી ગંદી અને બિન પાયદાર છે. અલ્લાહ પાક વગર બીજા કોઈ થી આશા રાખવું ગલત છે. જે માણસ એહસાન કરે તેનું એહસાન માનો અને અલ્લાહ નો શુક્ર અદા કરો કે તેણે પોતાના બંદા થી નફો પહોંચાડયો. કોઈ એહસાન ન કરે તો તેની કદી શિકાયત કરવી નહીં"

**એકવાર લખ્યું કે :–**

ફિકર કરવાની ફકત આટલી જ છે કે અલ્લાહ તઆલા પોતાના ફઝલથી આપણા બધાનો ખાતિમો ઈમાન ઉપર ફરમાવે, બાકી બીજી કોઈ વસ્તુ ફિક્ર કરવા જેવી નથી. આદમી ની સઆદત અને ખુશકિસ્મતી એ જ છે કે તે પોતાના અલ્લાહ, જે રહીમ અને કરીમ છે, તેને કદી ભૂલે નહી. હર હંમેશ તેના જ હુકમને વળગી રહે. હસ્બુનલ્લાહુ વ નિઅમલ

વકીલ."

બન્દાની સઆદતમંદી એમાં જ છે કે પોતાના માલિકે હકીકીના હુકમને –નફસને ગમેતેટલું મુશ્કેલ લાગતું હોય તો પણ– ખૂશી ખૂશી માથે ચઢાવે અને તેની રહમત ઉપર ભરોસો રાખે. પરેશાન ન થાય. તેની કુદરત અને રહમત સર્વાંગી છે. તેની કુદરતના સામે કોઈ વસ્તુ લા–ઈલાજ નથી. તકલીફને રાહત અને રાહતને તકલીફમાં ફેરવવું તેના માટે મુશ્કિલ નથી.

**"આલિમ કી મૌત જાન લો આલમ કી મૌત હૈ."**

**આપના મશહૂર શાગિર્દોના નામો નીચે પ્રમાણે છે :**

(૧) મવ. સૈયદ હુસૈન અહમદ મદની(રહ.)(૨)મવ. અશરફ અલી થાનવી(રહ.)(૩)મવ. ઉબૈદુલ્લાહ સિન્ધી (રહ.) (૪)મવ. અનવરશાહ કાશ્મીરી (રહ.) (૫)મવ. મુફતી કિફાયતુલ્લાહ શાહજહાંપૂરી (રહ.)(૬)મવ. હબીબુર્રહમાન ઉસ્માની (રહ.)(૭)મવ. શબ્બીર અહમદ ઉસ્માની (રહ.) (૮)મવ. મોહંમદ મિયાં અનસારી (રહ.)(૯) મવ. સૈયદ અહમદ મુહાજિર મદની (રહ.)(બાની મદ્રસા શરઈય્યહ, મદીના શરીફ) (૧૦) મૌલાના એજાઝ અલી "શૈખુલ અદબ" (રહ.) (૧૧) મવ. ફખરુદ્દીન મુરાદાબાદી (રહ.) (૧૨)મવ.અબ્દુસ્સમીઅ (રહ.) (૧૩) મૌલાના સિદ્દીક મુહાજિર મકકી (રહ.)(૧૪) મવ. મુહંમદ સાદિક કરાંચી (૧૫)મવ. ઉઝૈર ગુલ સરહદી (રહ.) (૧૬) મૌ. અ.વહહાબ દરભંગવી. (૧૭) મવ. અબ્દુસ્સમદ રહમાની (૧૮) મવ. અબ્દુર્રહીમ– પેશાવર. (૧૯) ઉસ્તાદુલ ઉલમા મવ. ગુલામ રસૂલ સા. સરહદી (૨૦) મવ. મુહંમદ રસૂલખાં હઝારવી (૨૧) મવ. સૈયદ હામિદ હસન ગંગોહી (૨૨) મવ. રહમતુલ્લાહ નિહોળવી (૨૩) મવ. અહમદુલ્લાહ પાનીપતી (૨૪) મવ. ફઝલે રબ્બી – સરહદી (૨૫) શૈખુલત્તફસીર મવ. અહમદ અલી લાહોરી (રહ.) (૨૬) મવ. અકબર પેશાવરી (૨૭) મવ. ઈબ્રાહીમ બલ્યાવી (૨૮) મવ. મો. ઈલ્યાસ કાંધલવી (બાની જમાઅતે તબ્લીગ).

મવ. મહમૂદ હસન (રહ.) ઘણી મુદત સુધી જુમ્આના સવારે દેવબંદ થી ચાલતા નીકળી હઝ. ઈમામે રબ્બાની મવ. રશીદ અહમદ

ગંગોહી (રહ.) ની પાછળ જુમ્આની નમાઝ પઢતા અને રાત્રે પાછા દેવબંદ આવી જતા, કારણ કે બીજા દિવસે સબક પઢાવવાનો હતો.

દર અઠવાડિએ એક દિવસમાં ચાલીસ માઈલ ચાલવું કંઈ સહેલું કામ ન હતું, આ તે જ માણસ કરી શકે છે જે મુહબ્બત અને શોખમાં કામિલ હોય. ગંગોહ હઝ. ની ખિદમતમાં હાજર થઈ ચૂપચાપ બેસી જતા. એકવાર હઝ. ગંગોહી (રહ.)એ ફરમાવ્યું કે " મૌલ્વી મહમૂદ હસન તો ઈલ્મ કા પહાડ હૈં."

હે અલ્લાહ ! આ સર્વે બુઝુર્ગો પર રહમતનો વરસાદ વરસાવ, બુલંદ દરજા અતા ફરમાવ, આમીન !

## હઝરત મવ. ખલીલ અહમદ સા. સહારનપૂરી (રહ.)

મવ. ખલીલ અહમદ સા. (રહ.)નો સંબંધ એક ઈલ્મી ખાનદાન સાથે હતો. આપના વાલિદ સા.નો નસબ હઝ. અબૂ ઐયૂબ અન્સારી (રઝિ.) સુધી અને વાલિદહનો હઝ. અબૂબક્ર સિદ્દીક (રઝિ.) સુધી પહોંચતો હતો.

આપના બાપ–દાદાઓમાં મોટા મોટા ઉલમા, મુહદ્દિષો થઈ ગયા છે. તેઓમાં શૈખુલ ઈસ્લામ અબૂ ઈસ્માઈલ અબ્દુલ્લાહ અનસારી (રહ.) સૌથી ઉંચા દરજા ઉપર હતા. તેમણે પોતાના ઈલ્મ અને ફઝલથી તૌહીદ અને સુન્નતની મહાન સેવા કરી હતી.

ઈમામ ઝહબી (રહ.)એ પોતાની કિતાબ "તઝકિયતુલ હુફફાઝ"માં તેમના ઈલ્મ, તકવા અને સત્ય કહેવાની હિંમત તથા નિડરતાના વખાણ કર્યા છે.

શૈખુલ ઈસ્લામની અવલાદ જુદા જુદા શહેરોમાં ફેલાઈ ગઈ અને તૌહીદ તથા અલ્લાહની રાહમાં જિહાદનો વાવટો ફરકતો રાખ્યો. એની એક શાખા હિન્દુસ્તાન પણ આવી અને તેઓમાંના કેટલાક દિલ્હી, સહરાનપુર, બારાબંકી અને અવધ સ્ટેટમાં રહેવા લાગ્યા. જે લોકો જી. બારાબંકીના "સુહાલી" નામી કસ્બામાં વસેલા હતા તેમના વડવાઓમાં મુલ્લા નિઝામુદ્દીન હતા. તેમને અલ્લાહ તઆલાએ એવી અવલાદ આપી કે જેઓ તા'લીમ અને ફતવામાં સરખી મહારત ધરાવતા હતા.ફિરંગી

મહલના ઉલમાનો પણ આ જ લોકો સાથે સંબંધ છે.એ લોકોમાંથી જેમણે આત્મશુદ્ધિ (તઝકિયએ નફસ) કુર્આન, સુન્નતને ફેલાવવાનું અને માનવતાની સેવા કરવાનું કામ શિરે લીધું તેમણે સહારનપૂરને પોતાનું વતન બનાવ્યું હતું. તેઓમાંના એક શૈખ મુહંમદ બિન અબ્દુર્રહમાન અનસારી (રહ.) પણ હતા. મવ. અબ્દુલહય (રહ.)એ "નુઝહતુલ ખવાતિર" માં ઘણા સારા શબ્દોમાં એમનું વર્ણન કરેલ છે. ઘણા લોકોએ એમની પાસે જઈ પોતાની ઈલ્મી પ્યાસ બુઝાવી છે. હઝરત મવ. ખલીલ અહમદ સા.નો પણ એમની સાથે જ સંબંધ છે.

**જન્મ :–**

આપનો જન્મ સફર ૧૨૬૯ હિ. ડિસેમ્બર ૧૮૫૨ ઈ.માં પોતાના મોસાળ નાનૌતામાં થયો હતો. પિતાનું નામ મજીદ અલી અને માં નું નામ "મુબારકુન્નિસા" હતું. તેણી મવ. મમલૂક અલી (રહ.)નાં નેક પુત્રી હતાં.

આપ હજુ બાળ વસ્થામાં હતા અને નાના મવ. મમલૂક અલી (રહ.) વફાત પામ્યા. વાલિદ વતનથી દૂર નોકરી કરતા હતા. એટલે આપની તર્બિયત આપના ફાઝિલ તથા પરહેઝગાર મામા મવ. યાકૂબ સા. નાનૌતવીએ ફરમાવી. એમની જ સરપરસ્તીમાં આપે ઈલ્મ હાસિલ કરવાનું શરૂ કર્યું.

**તા'લીમ :–**

એમના કાકા અનસાર અલી ગવાલિયરમાં હતા, ત્યાં પણ ટૂંક સમય રહી તા'લીમ લીધી, ફરી વતન આવી શૈખ સખાવત અલી (રહ.) પાસે પઢવા લાગ્યા.

૧૨૮૩માં જયારે આપની ઉંમર ૧૩–૧૪ વર્ષની હતી ત્યારે દારુલ ઉલૂમ દેવબંદની સ્થાપના કરવામાં આવી હતી. આપના મામા મવ. યાકૂબ સા. દારુલ ઉલૂમમાં સદર મુદર્રિસ હતા, તેમણે એમને દેવબંદ બોલાવ્યા, ત્યાં આપે છ માસ રહી તા'લીમ હાસિલ કરી.

શૈખ સઆદત અલી (રહ.)(જેઓ હઝરત સૈયદ અહમદ શહીદ (રહ.)ના ખાસ મુરીદોમાં હતા)એ સહરાનપુરમાં બીજો મદ્રસો સ્થાપ્યો. ત્યાં આપના મામા શૈખ મઝહર નાનૌતવી (રહ.) સદર મુદર્રિસ હતા.

મવ. ખલીલ અહમદ સા. દેવબંદથી આવી મદ્રસા મઝાહિરુલ ઉલૂમમાં દાખલ થઈ ગયા. અહીં એમણે સઘળા ઈલ્મોની તકમીલ ફરમાવી.

**ઉસ્તાદો :–**

આપના ઉસ્તાદોમાં શૈખ સખાવત અલી સા.(રહ.), મુફતી સઆદત અલી (રહ.) તથા શૈખ સઆદત હુસૈન બિહારી (રહ.)ના નામો જણાય છે. આપના ખાસ ઉસ્તાદ શૈખ મઝહર અલી નાનૌતવી (રહ.) છે. જેમની પાસે આપે હદીષ શરીફની બધી જ કિતાબો પઢી હતી.

**ફરાગત :–**

૧૮૮૫–૮૬ ઈ.માં આપે દવરએ હદીષ શરીફ પઢયો હતો. સાથો સાથ અરબી અદબમાં પણ માહિર થયા હતા. લાહોર જઈ અલ્લામહ ફૈઝુલ હસન અદીબ સહરાનપુરી (રહ.) થી અરબી ભાષામાં તા'લીમ લીધી.

મવ. યાકૂબ સા. ના મશ્વેરાથી થોડો સમય મસૂરીમાં રહયા અને ત્યાં કામૂસનો તર્જુમો કર્યો.

**હિફઝ :–**

એકવાર આપે કોઈ હાફિઝ સા.ને તરાવીહમાં કુર્આન સંભળાવવા કહ્યું, તેમણે જવાબ આપ્યો,તમે કેમ હિફઝ કરતા નથી ! તેમના આ જવાબથી તેઓને લાગી આવ્યું, તુરત હિફઝ કરવાનું શરૂ કર્યું, એક વર્ષમાં હિફઝ પૂરું કરી તરાવીહમાં સંભળાવ્યું.

**નિકાહ :–**

૨૧ વર્ષની ઉમરમાં આપની શાદી થઈ ગઈ હતી, એક છોકરાનો જન્મ થયો હતો, પરંતુ તે ભરજુવાનીમાં ઈન્તિકાલ કરી ગયા હતા. ઈન્ના લિલ્લાહિ વ ઈન્ના ઈલયહિ રાજિઉન.

**હઝ. ગંગોહીથી સંબંધ :–**

વિદ્યાર્થી કાળ દરમ્યાન જ તેમણે ઈમામે રબ્બાની હઝ. મવ. રશીદ અહમદ (રહ.) સાથે સંબંધ બાંધ્યો હતો. હઝરત ગંગોહી ઈલ્મ અને અમલ, હદીષની તા'લીમ, ઈસ્લાહ અને તઝકિયામાં ઉચા દરજા ઉપર હોવાના કારણે લોકો માટે કેન્દ્ર સમાન હતા. લોકો પતંગિયાની જેમ તેમના ઉપર પડતા અને ઈમાનની મીઠાશ હાસિલ કરતા હતા.

મવ. કાસિમ નાનૌતવી (રહ.) અને મવ. યાકૂબ સા. થી મશ્વેરો કરી ૧૯ વર્ષ ની ઉમરે એમણે હઝરત ગંગોહી (રહ.) થી બયઅત કરી લીધી હતી. શૈખની મુહબ્બત દિલમાં બેસી ગઈ અને એવી મેહનત અને મુજાહદા કર્યા કે લોકો તા'જુબ કરવા લાગ્યા. નવ વર્ષ સુધી એમની ખિદમતમાં રહયા.

**હાજી સા.(રહ.)થી બયઅત અને ખિલાફત :–**

૧૨૯૪ હિ.માં હજ્જ માટે રવાના થયા. ત્યાં મકકા શરીફમાં હઝ. હાજી ઈમદાદુલ્લાહ (રહ.)ની ઝિયારત કરી. હાજી સાહેબે આપના ઉપર ખાસ ધ્યાન આપ્યું અને ઈજાઝત આપી,ખલીફા બનાવ્યા.

**તા'લીમી સેવાઓ :–**

સૌ પ્રથમ મેંગ્લોર જી. સહરાનપુરમાં પાંચ વર્ષ બરાબર મેહનત થી પઢાવ્યું. ત્યાર બાદ શૈખ જમાલુદ્દીન સા. ના આમંત્રણ અને મવ. યાકૂબ સા. ના હુકમથી ભોપાલમાં તા'લીમનું કામ કરતા રહયા. તે સમયમાં ભોપાલ પણ ઈલ્મનું કેન્દ્ર હતું. નવાબ શાહજહાં બેગમના પ્રતાપે મહાન મહાન આલિમો ભોપાલમાં હતા. તેમનાથી પણ ફૈઝ મેળવ્યો તથા પોતે પણ ફૈઝ આપતા રહયા. રિયાસતના મુફતી મવ. અ. કય્યૂમ બુરહાનવી (રહ.) થી હદીષ શરીફની સનદ પણ લીધી. અને હજ્જ ના સફરમાં મવ. અબ્દુલ ગની મોહદ્દિષ (રહ.) થી પણ મદીનહ શરીફ માં સનદ લીધી હતી. હજ્જ થી પાછા આવ્યા બાદ હઝ. ગંગોહી (રહ.)ના મશ્વેરાથી સીકંદરાબાદ જી. બુલંદશહેરની જુમ્આ મસ્જિદના મદ્રસામાં તા'લીમી કામ શરૂ કર્યું, પરંતુ અહીં બિદઅતી ભાઈઓએ આપને ઘણા સતાવ્યા. આપ સબ્ર કરતા રહયા અને શૈખના હુકમથી એક માસમાં પાછા આવ્યા.એક વર્ષ વતનમાં રહી મામા મવ. યાકૂબ સા.ના મશ્વેરાથી ભાવલપુર ચાલ્યા ગયા. ભાવલપુર હિન્દુસ્તાનની મશ્હુર ઈસ્લામી રિયાસત હતું. અહીં દસ વર્ષ સુધી આપ તા'લીમ આપતા રહયા. અહીં પણ મુનાઝરા થતા રહયા અને દીનની ઘણી સેવા કરી. અહીં જ આપે "હિદાયતુ ર્રશીદ" નામી કિતાબ લખી.

ફરીવાર હજ્જ માટે સફર કર્યો અને ત્યાંથી આવી બરેલીના મદ્રસા મિસ્બાહુલ ઉલૂમમાં ૧૩૦૬ હિ. થી ૧૩૦૮ સુધી તદરીસ ફરમાવતા રહયા.

**દારુલ ઉલૂમ દેવબંદમાં :–**

ત્યાર બાદ મવ. ગંગોહી (રહ.)ના મશ્વેરા પ્રમાણે ૧૩૦૮ હિ.ના દારુલ ઉલૂમ દેવબંદમાં પઢાવવાનું શરૂ કર્યું. ૬ વર્ષ સુધી તા'લીમ આપતા રહયા. તલબાએ આપથી ઘણો જ ફાયદો ઉઠાવ્યો. હઝરત શૈખુલ હિન્દ (રહ.) દેવબંદમાં પઢાવતા હતા. બન્નેવમાં ઘણી મોહબ્બત અને સંબંધ થઈ ગયો. દરેક એક બીજાની દિલથી કદર કરતા હતા. હઝ. મવ. સૈયદ હુસૈન અહમદ મદની (રહ.)એ પણ આપથી ફૈઝ હાસિલ કર્યો હતો.

**મઝાહિરુલ ઉલૂમમાં :–**

મઝાહિરુલ ઉલૂમ સહરાનપુર ૧૨૮૩ હિ.માં સ્થાપવામાં આવ્યો હતો. તેમાં તરકકી થતી રહી. ૧૩૧૨ હિ.માં મદ્રસાની ખ્યાતિ ઘણી વધી ગઈ. મવ. રશીદ અહમદ ગંગોહી (રહ.) મઝાહિરુલ ઉલૂમમાં સરપરસ્ત હતા. તેમને એવું જણાયું કે હવે અહીં કોઈ કાબિલ આલિમની જરૂરત છે, આપની નજર મવ. ખલીલ અહમદ સા. તરફ ગઈ અને આપને દારુલ ઉલૂમથી બોલાવી ૮ જમાદિલ ઉખરા ૧૩૧૪ હિ.માં મઝાહિરુલ ઉલૂમના સદર મુદર્રિસ નકકી કરવામાં આવ્યા. આપની સદારત કાળમાં મદ્રસાની ઘણી તરકકી થઈ. હઝારો તલબાએ આપથી ફૈઝ હાસિલ કર્યો. ૧૩૩૬ હિ.માં આપને વ્યવસ્થાપક નકકી કરવામાં આવ્યા. આપે સારા સારા આલિમોને ત્યાં બોલાવ્યા, જેમાં મવ. મુહંમદ યહ્યા સા. કાંધલવી (રહ.) અને તેમના ફરઝંદ મવ. મુહંમદ ઝકરિય્યા (રહ.)ના નામો મોખરે છે. ૨૨ વર્ષ સુધી આપ સદર મુદર્રિસ અને ૬ વર્ષ વ્યવસ્થાપક રહયા. મદ્રસાની તા'મીર અને તરકકી પાછળ પોતાનું સર્વસ્વ ખર્ચી નાખ્યું. મદ્રસો એમને પોતાના વતન કરતાં વધારે પ્યારો હતો અને ત્યાંના ઉસ્તાદોને સગાંઓ કરતા વધારે ચાહતા હતા.

તા'લીમના સમયની પાબંદી અજોડ હતી. તલબાની ઈબ્તિદાઈ તા'લીમ (પ્રાથમિક શિક્ષણ) તરફ ખાસ ધ્યાન આપતા. આપ એમની બુનિયાદ મજબૂત કરતા. તજવીદ અને કિર્અત ની તા'લીમ તરફ પણ આપનું ખાસ ધ્યાન હતું. પરીક્ષામાં કડક હતા. તલબાને અંતર આત્માથી ચાહતા હતા. તેમની સાથે પોતાની અવલાદની જેમ રહેતા હતા. ઉસ્તાદોનો એહતિરામ કરતા તથા કદર ફરમાવતા, તેમના સબકો અંગે

દેખરેખ પણ રાખતા.

આપે કુલ સાત વાર હજ્જ કર્યા હતા. પ્રથમ ૧૨૯૩ હિ.માં ભોપાલથી, ફરી ભાવલપુરથી, (જેમાં આપને ઈજાઝત મળી હતી), ત્રીજીવાર ૧૩૨૩ હિ., એ સમયમાં હઝરત મદની સા. મદીનહ શરીફમાં પઢાવતા હતા. જયારે આપ ત્યાં પહોંચ્યા તો હઝ. મદની (રહ.)એ મદીનહ શરીફના ઉલમા સાથે આપની મુલાકાત ગોઠવી ઓળખાણ કરાવી હતી. અને આપને હદીષ શરીફનો સબક પઢાવવા અરજ કરી. આપે કબૂલ ફરમાવ્યું. હિજાઝના ઘણા ભાગોથી તલબા આવી ભેગા થઈ ગયા.પાચમીવાર ૧૩૩૩ હિ.માં સફર કર્યો. હઝરત શૈખુલ હિન્દ (રહ.) પણ સાથે હતા. આપે સાથે જ હજ્જ અદા કરી મદીનહ શરીફનો સફર કર્યો. ત્યાં એક જલ્સામાં અનવરપાશાથી મુલાકાત કરી. હઝરત મદની (રહ.) શૈખુલ હિન્દ (રહ.) અને આપના તરફથી તકરીર ફરમાવી. શૈખુલ હિન્દ ત્યાંથી તાઈફ તશરીફ લઈ ગયા અને મવ. ખલીલ સા. હિન્દુસ્તાન પાછા આવી ગયા.

**ધરપકડ :–**

મુંબઈ પહોંચતાં જ આપને પકડી લેવામાં આવ્યા અને નૈનીતાલ જેલમાં આપને કેદ કર્યા. છૂટયા પછી દેવબંદ, સહરાનપુર આવ્યા. ત્યાં આપનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું.

છટ્ઠીવાર શાબાન ૧૩૩૮ હિ.માં હજ્જ માટે સફર કર્યો. શૈખુલ હદીષ મવ. ઝકરિય્યા (રહ.) આ સફરમાં આપની સાથે હતા. આ સફરમાં હાજી સા.ના ખલીફા મુહિબ્બુદ્દીન સા.થી મુલાકાત થઈ. તેમણે આપને હિન્દુસ્તાન પાછા જવાનો મશ્વેરો આપ્યો. કારણ કે આ દિવસોમાં હિન્દમાં ઘણી અશાંતિ હતી. પરેશાનીના દિવસો હતા. રસ્તાઓ પણ અસલામત હતા. આપ મોહર્રમ ૧૩૩૯ ના સહરાનપુર આવી ગયા.

સાતમીવાર ૧૩૪૪ હિ.માં હજ્જ કરી. આ વખતે ઘણા લોકો આપની સાથે શરીક થયા. સહરાનપુરથી હૈદરાબાદ ગયા. ત્યાંથી મુંબઈ આવ્યા. મુંબઈમાં લોકોએ ઉમળકાભેર સ્વાગત કર્યુ. ત્યાંથી જુમેરાત ૭ ઝિલકદ ૧૩૪૪ હિ.ના રવાના થયા. ૨૦૦ માણસો સાથે હતા. તેઓએ આપને અશ્રુભિની આંખોએ વિદાય આપી. આ સફર અજીબ

મહોબ્બતની સફર હતી. હજ્જ અદા કરી મદીનહ મુનવ્વરહ રવાના થઈ ગયા. ૮ મોહર્રમ ૧૩૪૪ હિ.ના મસ્જિદે નબવી (સ.અ.વ.)ની ઝિયારત ફરમાવી. મદ્રસા ઉલૂમે શરઈય્યહમાં કિયામ કર્યો અને પૂરો સમય લેખન પ્રવૃત્તિમાં પ્રવૃત્ત રહયા. પોતાની જગ વિખ્યાત કિતાબ ''બઝલુલ મજહૂદ'' પૂર્ણ કરી.

**નજદના ઉલમાથી મુલાકાત :–**

આ સફરમાં નજદના ઉલમાથી મુલાકાત કરી તેમની ઘણી ગેર સમજો દૂર કરી. ત્યાંના ચીફ કાજી આપનાથી ઘણા પ્રભાવિત થયા હતા. બે ત્રણ વાર સુલતાન પોતે આપને મળ્યા હતા. તે આપના તકવા, લિલ્લાહિય્યત, હકગોઈ થી ઘણા પ્રભાવિત થયા હતા. ઘણા આગ્રહ પછી તેમની દઅવત કબૂલ કરી, તેમને અમુક નસીહતો કરી.

૧૩૪૫ હિ.માં ''બઝલુલ મજહૂદ'' પૂરી કરવાના શુક્રમાં મોટી દઅવત કરી. ઘણા ઉલમાને તેમાં બોલાવ્યા. પછી ઈબાદત અને ખુદા તઆલાના ધ્યાનમાં લાગી ગયા. એ પછી આપ બીમાર થયા. તાવ પછી લકવા થયો. રમઝાન શરીફ ઘણા સબ્ર અને હિમ્મતથી પસાર થયો. શૈખ ઝકરિય્યા સા.ને ખિલાફત આપી હિન્દુસ્તાન મોકલ્યા.

૧૩૪૬, ૧૨ રબીઉસ્સાનીના મઝાહિર પત્ર લખી વ્યવસ્થા બાબત વાતો લખી અને ૧૫ રબીઉસ્સાની ૧૩૪૬ હિ.માં અલ્લાહ અલ્લાહ કરતાં પોતાના અલ્લાહને પ્યારા થઈ ગયા. ઈન્તિકાલની ખબર વીજળી વેગે ફેલાઈ ગઈ. દરેક માણસ ગમમાં ડૂબી ગયો. ઉલમાએ કિરામ અને બુઝુર્ગાને દીન અફસોસ કરવા લાગ્યા. મૌ. શૈખ અહમદ મદની તથા સૈયદ અહમદે ગુસ્લ આપ્યું. શૈખ તય્યિબે નમાઝ પઢાવી અને ઈશા પહેલાં જન્નતુલ બકીઅમાં દફન કરવામાં આવ્યા.

ઈન્ના લિલ્લાહિ વ ઈન્ના ઈલયહિ રાજિઉન.

મવ. ખલીલ અહમદ સા. દરેક મામલામાં રસૂલુલ્લાહ (સ.અ.વ.)ની સુન્નતો,તરીકાઓનું જ અનુકરણ કરતા હતા. પછી આપ ઘરમાં કે સફરમાં જયાં પણ હોતા, સુન્નતો પર અમલ કરવાનું ચૂકતા ન હતા.

**મુહબ્બતે રસૂલ (સ.અ.વ.) :–**

આખું જીવન રસૂલે પાક (સ.અ.)ની મુહબ્બતમાં પસાર કર્યું.મદીનહ શરીફમાં રહેવાનો શોખ હદથી વધારે હતો. એમના મનની મુરાદો એમની વાણી અને વર્તનથી ટપકતી હતી. મદીનહ શરીફનું નામ આવતાં જ આકુળવ્યાકુળ બની જતા હતા, એટલે જ સાતવાર ઝિયારતની સઆદત પણ મળી. છેલ્લી વખત તો હાલત જ જુદી હતી. આપે હિજરતની નિય્યત કરી અને મદીનહ શરીફમાં સ્થાયી થઈ ગયા. ત્યાં જ વફાત થઈ. જન્નતુલ બકીઅમાં આરામ કરી રહયા છે.

**એક અરબ કવિએ કહ્યું છે :–**

**ઈઝા હબ્બત રિયાહુન મિન તયબતિન**
**અહાજ ફુઆદી તીબોહા વ હુબુબોહા**
**ફલા તઅજબુ મિન લવઅતી વ સબાબતી**
**હવા કુલ્લુ નફસિન અયન હલ્લ હબીબોહા**

" જયારે તયબહ ના તરફથી હવા ચાલે છે, તો તેની સુગંધથી મારું દિલ મુગ્ધ થઈ જાય છે. મારી મહોબ્બત પર અચંબો કરશો નહીં, કારણ કે દરેક માણસનું આકર્ષણ કેન્દ્ર તેનો મહબૂબ (દોસ્ત) હોય છે.

**અડગતા :–**

એમનામાં ગજબની અડગતા હતી. ૭૫ વર્ષની ઉંમરે જયારે એમના હાથ પણ ધ્રુજવા લાગ્યા હતા અને ઘણી જ કમઝોરી આવી ગઈ હતી, છતાં ગમે તેવી મુશ્કેલીમાં હરમ શરીફની નમાઝ છોડતા ન હતા. અને પહેલી સફમાં બેસવાનો જ આગ્રહ રાખતા હતા. એક દિવસ વરસાદમાં પણ રાત્રે હાથમાં ફાનુસ લઈ રસ્તા ઉપર વહેતા પાણીમાં થઈ હરમ શરીફ પહોંચ્યા અને પહેલી સફમાં નમાઝ અદા કરી હતી.

સાચી વાત કહેવામાં કદી ડરતા ન હતા.અંગ્રેજોની વિરૂદ્ધ ફતવો આપ્યો હતો. આપ સમયના ઘણા પાબંદ હતા. હઝરત ગંગોહી (રહ.) ની વફાત પછી લોકોનો એમના તરફ ધસારો વધી ગયો હતો.

આપના ખલીફાઓમાં હઝરત મવ. મુહંમદ ઈલ્યાસ (રહ.) અને મવ. મુહંમદ ઝકરિય્યા (રહ.) એ જે મહાન ખિદમતો કરી છે, એનાથી જગતભરના મુસલમાનો વાકિફ છે.

આ મહાન બુઝુર્ગોની મેહનત અને તવજ્જોહના કારણે આજે દુનિયાના ખૂણે ખૂણે દઅવત ઈલલ્લાહ અને ઝિક્રની મજલિસો કાયમ થઈ ગઈ છે.

હે અલ્લાહ! આ સૌ બુઝુર્ગો ઉપર પોતાની રહમતની વર્ષા વરસાવ, એમના દરજાઓ બુલંદ ફરમાવી, અમને પણ જન્નતમાં એમનો સાથ નસીબ ફરમાવ.,આમીન!

# મવ. શાહ વારિસ હસન (રહ.)

**જન્મ :–**

મવ. શાહ વારિસ હસન સા. શાહ ઈમ્તિયાઝ હસન સા. ના પુત્ર હતા. આપનો જન્મ કોળા જહાંઆબાદ જી. ફતેહપુરમાં ૧૨૮૨ હિ.માં થયો હતો.

આપના ખાનદાનનો સિલસિલો સૈયદ ઈમામ હુસૈન (રહ.) સાથે મળે છે. એટલે આપ હુસૈની સાદાત કહેવાય છે.

શાહજહાં જયારે પાટકુંવર હતા ત્યારે આ કુટુંબના બુઝુર્ગોના હાથ ઉપર બયઅત થયા હતા એટલે કોળા નામી ગામ પાસે "શાહજહાં આબાદ" નામી ગામ વસાવ્યું હતું. એ જ ગામને આજે કોળાજહાં આબાદ કહેવામાં આવે છે.

**તા'લીમ :–**

સાત વર્ષની ઉમરમાં એમણે કુર્આન મજીદ હિફઝ કરી લીધું હતું, સાથે સાથે ફારસીની અમુક કિતાબો પણ પઢી લીધી અને સાત વર્ષની ઉમરથી જ એઓ નમાઝ, રોઝાના પાબંદ હતા.

એમના વાલિદ સા. ના ઈન્તિકાલ પછી માંમાં એ એમની દેખરેખ રાખી અને પોતાની અવલાદની જેમ એમને ચાહતા હતા. એમની તા'લીમ ચાલુ રાખી અને અરબી તા'લીમ શરૂ કરાવી. ૧૯ વર્ષની ઉમર થઈ એટલે એમણે સનદ મેળવી લીધી. દારુલ ઉલૂમથી ૧૩૧૦ હિ.માં ફારિગ થઈ હઝ. મવ. ગંગોહી (રહ.) થી હદીષ શરીફ પઢી બયઅત થયા.

ફારિગ થયા બાદ તા'લીમ આપવાનું શરૂ કર્યુ અને આલિમ

કોર્સની ઉચી કિતાબોનો દર્સ આપવાનું શરૂ કર્યું. આ તદરીસના કામ સાથે એમણે ઝિક્ર પણ શરૂ કર્યો. આપના ઈલ્મની સુવાસ ચોમેર ફેલાવા લાગી, એટલે સારા સારા આલિમો આપના તરફ આવવા લાગ્યા.

**સુલૂક :–**

પહેલાં હઝરત ગંગોહી (રહ.) થી બયઅત થઈ સુલૂક ની તા'લીમ લીધી, ત્યારબાદ હિજાઝની સફર કરી અને હઝ. હાજી સા. પાસે ખાસી મુદત રહયા અને ત્યાંથી પણ ખિલાફત મેળવી.

હિન્દુસ્તાન પાછા ફરી બનારસ તથા મુઝફફપુર વિગેરે શહેરોમાં તા'લીમ આપવાનું ચાલુ રાખ્યું. ઘણા શહેરોનો સફર કર્યો.

શાહ હુસૈન અલી નકશબંદી (રહ.)થી પણ ફૈઝ હાસિલ ફરમાવ્યો હતો. છેવટે લખનૌની એક મસ્જિદમાં રહેવા લાગ્યા. આ મસ્જિદ પીર મુહંમદ લખનવીની મસ્જિદથી મશ્હુર હતી. ત્યાં એમને ઘણી જ મકબૂલિય્યત હાસિલ થઈ. અને ખુદા તઆલાની ઘણી મખ્લૂકને ફાયદો થયો.

એમની પાસે મેજીસ્ટ્રેટ, વકીલો, મોભાદાર માણસો અને બીજા ઉચા હોદ્દેદારો આવતા. હઝરતના માર્ગદર્શન હેઠળ ઘણાનું જીવન બની ગયું હતું. અને તેમનો સમય ઝિક્ર તથા ઈબાદતમાં પસાર થવા લાગ્યો.

૧૬ જમાદિલ ઉલા ૧૩૫૫ હિ.ના ઈન્તિકાલ થયો. ટીલા શાહ પીર મુહંમદની જુમ્આ મસ્જિદ પાસે દફન કરવામાં આવ્યા.

એમના એક ખલીફા સૈયદ મોહમ્મદ ઝૌકી ફર્ખઆબાદી (૧૮૭૭–૧૯૫૧) હતા, જેમનો ઈન્તિકાલ અરફાતના મૈદાનમાં થયો હતો. તેમણે પોતાના શૈખ સૈયદ વારિસ અલી હસન (રહ.) ના મલફૂઝાત "તર્બિયતુલ ઉશ્શાક" નામી કિતાબમાં લખયાં છે.

## મવ. મુફતી અઝીઝુર્રહમાન દેવબંદી (રહ.)

**જન્મ :–**

મુફતી અઝીઝુર્રહમાન સા. નો જન્મ દેવબંદ કસ્બામાં ૧૨૭૫ હિ.માં થયો હતો. આપના વાલિદ સા. મવ. ફઝલુર્રહમાન સા. પણ સારા આલિમ હતા. મુફતી સા. એમના મોટા ફરઝંદ હતા. અલ્લામા શબ્બીર

અહમદ ઉસ્માની (રહ.) એમના નાનાભાઈ હતા.

**તા'લીમ :–**

દેવબંદના અકાબિર ઉલમાથી તા'લીમ અને તર્બિયત મેળવી. ખાસ કરી મવ. કાસિમ સા. નાનૌતવી તથા મવ. યાકૂબ સા. નાનૌતવી થી ઘણો ફૈઝ હાસિલ કર્યો. ૧૨૯૮ હિ.માં ફારિગ થયા.

ફારિગ થયા બાદ એમણે દારુલ ઉલૂમમાં વગર પગારે સેવા આપવાનું શરૂ કર્યું. ૧૨૯૮ હિ.થી ૧૩૦૯ હિ. સુધી મુદર્રિસ તથા ૧૩૧૦ હિ. થી ૧૩૪૬ હિ. સુધી મુફતી તરીકે સેવા કરતા રહયા.

દારુલ ઉલૂમમાં ઈફતા વિભાગની શરૂઆતમાં ફતાવાનો રેકોર્ડ રાખવામાં આવ્યો ન હતો. ૧૩૨૯ હિ. થી કાયદેસર રજીસ્ટરમાં ફતાવાની નકલો લખવામાં આવવા લાગી. એમના ૧૫ વર્ષના ફતાવાની સંખ્યા લગભગ ૪૨૫૧૯ છે.

એમને ફતવા લખવાની ઘણી જ મહારત થઈ ગઈ હતી. મુશ્કેલથી મુશ્કેલ ફતવાઓના જવાબ તુરત લખી આપતા. આપની હયાતીમાં જ આખા દેશમાં આપના ફતવાઓને ઘણા મોઅતબર ગણવામાં આવતા હતા. ઘણા જ ટૂંકમાં અને સ્પષ્ટ ફતવા લખતા હતા.

**સુલૂક :–**

એમને જેમ ફિકહ તથા બીજા ઈલ્મમાં મહારત હતી તે જ પ્રમાણે તસવ્વુફ તથા અખ્લાકે બાતિનીમાં પણ ઉચ્ચ સ્થાન ઉપર હતા. એમણે પ્રથમ મવ. શાહ રફીઉદ્દીન (રહ.) (દારુલ ઉલૂમ દેવબંદના પ્રથમ મોહતમિમ) થી બયઅત અને ખિલાફત મેળવી હતી.

સૈયદ સુલયમાન નદવી (રહ.) એ લખ્યું છે કે એમણે મવ. મમલૂક અલી (રહ.), મવ. શાહ ફઝલુર્રહમાન ગંજમુરાદાબાદી (રહ.) અને મવ. રશીદ અહમદ ગંગોહી (રહ.) થી પણ ફૈઝ હાસિલ કર્યો હતો.

**અખ્લાક :–**

ઘણાં ઓછુંબોલા, સાદા તબીઅતના આલિમ હતા. તકવો અને દીનદારી એમના ખાસ ગુણ હતાં. મોહલ્લાવાળાઓનો સોદો પોતે ખરીદ કરી લાવી આપતા હતા.

૧૮ જમાદીસ્સાની ૧૩૪૭ હિ.માં વફાત થઈ.

મુફતી અતીકુર્રહમાન સા. તથા કારી જલીલ અહમદ સા. આપના ફરઝંદો હતા.

## મવ. હાફિઝ મુહમ્મદ અહમદ કાસિમી દેવબંદી (રહ.)

**જન્મ :–**

આપ મવ. મુહમ્મદ કાસિમ નાનૌતવી (રહ.)ના ફરઝંદ હતા. ૧૨૭૯ હિ. ૧૮૬૩ ઈ.માં નાનૌતામાં જન્મ થયો.

**તા'લીમ :–**

રામપુર મન્યારા (જી.સહરાનપુર) કસ્બાના એક સારા હાફિઝ જનાબ હાફિઝ નૂરમુહમ્મદ (રહ.)પાસે ૯ વર્ષની ઉંમરમાં કુર્આન મજીદ હિફ્ઝ કર્યું હતું. ત્યાર બાદ મદ્રસા ઈસ્લામિય્યહ ગુલાવઠીમાં એમને દાખલ કરવામાં આવ્યા. ત્યાર બાદ એમણે મવ. અબ્દુલ્લાહ સા. અંમ્બેટવી (રહ.)થી સબકો પઢયા. ત્યાર બાદ મદ્રસા શાહી મુરાદાબાદમાં દાખલ થયા અને મવ. કાસિમ સા.ના મશહૂર શાગિર્દ મવ. અહમદ હસન સા. અમરોહી (રહ.) થી વિભિન્ન વિષયોની કિતાબો પઢી, અને પછી મવ. નાનૌતવી (રહ.) એ એમને ફરી દેવબંદ બોલાવી તા'લીમ આપવાનું શરૂ કર્યું, પરંતુ ટૂંક સમયમાં હઝરત નાનૌતવી (રહ.) નો ઈન્તિકાલ થઈ ગયો, એટલે બીજા મશહૂર ઉલમાથી તા'લીમ હાસિલ કરી. હઝ. શયખુલ હિન્દ મવ. મહમૂદ હસન (રહ.) તથા મવ. યાકૂબ સા. નાનૌતવી (રહ.) થી પણ ફૈઝ હાસિલ કર્યો. દવરએ હદીષ શરીફ હઝ. ગંગોહી (રહ.) પાસે રહી પઢયા.

**તદરીસ :–**

૧૩૦૩ હિ. ૧૮૮૬ ઈ.માં દારુલ ઉલૂમ દેવબંદમાં મુદર્રિસ તરીકે નિમાયા અને એમણે જુદા જુદા વિષયોની કિતાબો સારી રીતે પઢાવી.

**મોહતમિમ :–**

૧૩૧૩ હિ. ૧૮૯૬ ઈ.માં હઝરત ગંગોહી (રહ.)ના મશ્વેરાથી આપને દારુલ ઉલૂમના મોહતમિમ બનાવવામાં આવ્યા. જીવનની છેલ્લી ઘડી સુધી આપ મોહતમિમ રહયા અને દારુલ ઉલૂમની તઅમીર અને તરક્કીમાં મહાન સેવા બજાવી. આપે મવ. હબીબુર્રહમાન સા. ઉસ્માની

સાથે મળી દારુલ ઉલૂમના એહતિમામને ચમકાવી આપ્યું. આપનો એહતિમામનો સમયગાળો દારુલ ઉલૂમનો સુવર્ણ યુગ કહેવામાં આવે છે.

**સુલૂક :–**

આપને હઝરત ગંગોહી (રહ.) તથા હઝ. હાજી સા. (રહ.) બન્નેવ બુઝુર્ગો સાથે બયઅતનો સંબંધ હતો અને બન્નેવ બુઝુર્ગો તરફથી આપને ઈજાઝતે બયઅત મળી હતી.

**ખિતાબ પાછો કર્યો :–**

આપને બ્રિટીશ સરકાર તરફથી શમસુલ ઉલમાનો ખિતાબ મળ્યો હતો, પરંતુ દારુલ ઉલૂમના મસ્લકને આવા ખિતાબ અનુકુળ ન હોવાના કારણે આપે આભાર સહિત સરકારને પરત કર્યો હતો.

**હૈદરાબાદમાં :–**

આપને નિઝામે હૈદરાબાદ તરફથી આમંત્રણ મળ્યું અને આપ ત્યાં સને ૧૯૨૩ થી ૧૯૨૬ સુધી હૈદરાબાદના મુફતીએ આઝમ તરીકે પણ રહયા, જે ત્યાંનો સૌથી ઊંચો દીની હોદ્દો હતો. ત્યાંથી ફરી દારુલ ઉલૂમ દેવબંદ આવી ગયા હતા.

આપ ૧૯૨૯માં નિઝામે હૈદરાબાદને લેવા માટે હૈદરાબાદ ગયા હતા, ત્યાં જ નિઝામાબાદ સ્ટેશન ઉપર આપનો ઈન્તિકાલ થઈ ગયો. વફાતના સમયે ઝિક્ર જારી હતો, અલ્લાહ શબ્દ પઢતા રૂહ નીકળી ગઈ.

મીર ઉસ્માન અલી નિઝામનો હુકમ થયો કે જનાઝો હૈદરાબાદ લાવવામાં આવે, ત્યાં ૪, જમાદીલ અવ્વલ ૧૩૪૭ હિ. ના ખિત્તએ સાલિહીનમાં દફન કરવામાં આવ્યા.

હઝરત મવલાના કારી મુહંમદ તૈયબ સા. તથા કારી મો. તાહિર કાસિમી સા.આપના જ બાકમાલ ફરઝંદો હતા.

## મવ. હૈદર હસનખાન સા. ટોંકી (રહ.)

શૈખ હૈદર હસન ઈબ્ને અહમદ હસન અફઘાની ટોંકીનો જન્મ ૧૨૮૧ હિ.માં ટોંકમાં થયો હતો. તેઓ હિન્દુસ્તાનના મશ્હૂર અરબી લેખક મવ. મહમૂદ હસન (રહ.)ના ભાઈ છે. ટોંકમાં બાળપણ પસાર થયું. પોતાના ફાઝિલ ભાઈઓ મહમૂદ હસન, મુહંમદ હસન, અલી મો.

હસન અને મવ. અબ્દુલ કરીમ સા. થી તા'લીમ મેળવી. તયાર બાદ લાહોરી સફર કર્યો. ત્યાં મવ. ગુલામ અહમદ નોઅમાની લાહોરી (રહ.) થી મદ્રસા નોઅમાનિય્યહમાં દાખલ થઈ લાંબી મુદત સુધી તા'લીમ મેળવતા રહયા. હદીષ શરીફ શૈખ અલ્લામા હુસૈન ઈબ્ને મુહસિન અનસારી (રહ.) યમાની અને સૈયદ નઝીર હુસૈન સા. દહેલ્વીથી પઢી.

ફારિગ થઈ ફરી ટોંક આવી મદ્રસા નાસિરીય્યહમાં તા'લીમ આપવાનું શરૂ કર્યું. તેઓ ફિકહ, ઉસૂલે ફિકહ, ઈલ્મે કલામ તથા હદીષ શરીફમાં માહિર હતા. ઘણી ઈઝઝત અને વકારથી પઢાવતા હતા. અલ્લાહ તઆલા ઉપર ભરોસો રાખી ઘણા ટૂંકા પગારમાં સેવા કરતા હતા. એમના પુખ્ત ઈલ્મ અને ખ્યાતિના લઈ મવ. સૈયદ હકીમ અ. હય સા. એમને નદવતુલ ઉલમા લખનૌમાં પઢાવવા લઈ આવ્યા, જયાં એમણે ૧૭ વર્ષ સુધી હદીષ શરીફ પઢાવી.

આપ ઘણી તહકીક સાથે હદીષ શરીફ પઢાવતા હતા અને સંપૂર્ણપણે હદીષે પાકની તા'લીમમાં લાગી રહેતા. સને હિજરી ૧૩૩૯થી સને હિ. ૧૩૫૮ સુધી નદવા (લખનૌ) માં રહયા. ત્યારબાદ પોતાના વતન ટોંકમાં પાછા આવી ગયા અને છેલ્લે સુધી તા'લીમ આપતા રહયા.

તેઓ ઘણા જ પરહેઝગાર અને ખુદાથી ડરવાવાળા આલિમ હતા. જુવાનીમાં હઝ્રથી મુશર્રફ થયા હતા અને હઝ. હાજી સા. (રહ.) થી બયઅત થઈ ઈજાઝતે બયઅત હાસિલ કરી હતી.

જીવનની છેલ્લી ઘડી સુધી અવરાદ, વઝાઈફની પાબંદી કરતા રહયા. રાત્રે નમાઝ ઘણી લાંબી પઢતા હતા. ઘણી જ નમ્રતાથી દુઆઓ કરતા હતા અને ઘણા જ રડવાવાળા હતા. કુર્આન મજીદ તજવીદના કાયદા પ્રમાણે ઘણું સરસ પઢતા હતા.

કિર્અતે અશરામાં પણ માહિર હતા. શાત્બિય્યહ નામી કિતાબ ઘણી તહકીકના સાથે પઢાવતા હતા. કુર્આન મજીદ સહીહ કરી પઢવા ઉપર ઘણો ભાર દેતા અને એટલા જ માટે ટોંકમાં એક મદ્રસો ખાસ કુર્આન શરીફની તજવીદ માટે ખોલ્યો હતો.

અકલી ઉલૂમ તથા ઈલ્મે બલાગત, હયઅતમાં પણ ઘણા માહિર હતા.

હનફી મઝહબને ઘણી મજબૂતીથી સમજાવતા હતા. ઈમામ અબૂ હનીફા (રહ.) થી ઘણી મુહબ્બત રાખતા હતા, પરંતુ બીજા ઈમામોના પણ બરાબર એહતિરામ ફરમાવતા.

પોતાના શાગિર્દો સાથે અવલાદથી વધારે પ્યાર અને મુહબ્બત ફરમાવતા. મવ.ને પઢવા–પઢાવવા વગર બીજો કોઈ શૌક ન હતો. રાજકારણથી દૂર રહેતા હતા. કદી કોઈ તાલિબે ઈલ્મ કોઈ વાત સંભળાવતો તો સાંભળી લેતા.

ઘણાં નમ્ર સ્વભાવના હતા. અફઘાન લોકોની જેમ માથા ઉપર અમામહ (પાઘડી) બાંધતા હતા. તેમના મોંઢા ઉપર ઈબાદત અને ઉજાગરાની અસર માલૂમ પડતી હતી. એમને જે કોઈ જોતું તો અદબથી ઉભા થઈ ઈઝઝત કરતું.

એમણે અમુક કિતાબો પણ લખી છે.

મવ. અબુલ હસન અલી મિયાં નદવી (દા.બ.)ના ઉસ્તાદ હતા. મવ. નદવી સા. લખે છે કે એમના જેવી સાદગી અને તલબા સાથે શફકત મેં આજ સુધી બીજા કોઈ આલિમમાં જોઈ નથી. અમુક હોશિયાર તલબાને પોતાની અવલાદ કરતાં વધારે ચાહતા હતા.

સબક પઢાવતી વખતે હદીષની કિતાબો તથા અસ્માઉર્રિજાલ અને ઉસૂલની કિતાબો પોતાની આસપાસ રાખતા. દરેક મસ્અલાની તહકીક કરતી વખતે મોંઢે કહેવા પછી તલબાને કિતાબ ખોલી પઢી પણ સંભળાવતા હતા.

**સૈયદ સુલયમાન નદવી (રહ.)એ લખ્યું છે કેઃ–**

એમની સાથે અનેકવાર ઈલ્મી વાર્તાલાપ થતો, ઘણા હાઝર દિમાગ હતા, દલીલો સાથે વાત કરતા.

જયારે કોઈ વાત સમજમાં ન આવતી તો કબૂલ કરી લેતા અને તેની તહકીક કરી બીજીવાર ચર્ચા કરતા.

સુન્નતના ઘણા જ પાબંદ, નમ્ર અને ખુશૂઅવાળા આલિમ હતા. ૧૫ જમાદિલ ઉલા ૧૩૬૧ હિ. ૧ જુન ૧૯૪૨ ઈ.ના ઈન્તિકાલ થયો અને મોતીબાગના કબ્રસ્તાન (ટોંકમાં)માં દફન થયા.

લખનૌના મોટાભાગના ઈલ્મવાળા એમના ચાહક અને ઈલ્મના

માનનારા હતા. ઈખ્તિલાફી મસ્અલાઓમાં એમની વાત છેલ્લા ફેસલા તરીકે માન્ય રહેતી હતી.

ખરેખર, તેઓ આગલા જમાનાના મશાઈખો, ઉલમાની યાદગાર હતા.

# મવ. શર્ફુલ હક્ક દેહલવી (રહ.)

**જન્મ :–**

મવ. શર્ફુલ હકક સા. ૧૮૬૭ ઈ.માં દિલ્હીના મહોલ્લા ચુળીવાલનમાં પૈદા થયા હતા. આપના વાલિદ સા. નું નામ હાફિઝ કારી જલાલુદીન સા. હતું. હઝરત અબૂબક્ર સિદીક (રદિ.) સુધી આપનો નસબ મળતો હતો.

**વાલિદ સા.:–**

આપના વાલિદ સા.ને ૧૮૫૭ની આઝાદીની ચળવળ વખતે અંગ્રજોએ બળવાખોરોના નેતા માની પકડી લીધા હતા, પરંતુ તેઓ કોઈક રીતે છૂટી નીકળી આવ્યા અને જયાં સુધી ધરપકડોનો સમય વીતી ન ગયો ત્યાં સુધી છુપાઈ રહયા હતા.

આપના પરદાદા સરહિંદ શરીફમાં રહેતા હતા અને પટિયાલાના દરબારમાં તેમની સારી એવી પહોંચ હતી. પછી ત્યાં કંઈ એવો મતભેદ ઊભા થતાં તેઓ આખા કુટુંબને લઈ સરહિંદ શરીફ છોડી લાહોર આવ્યા, થોડીક મુદત ત્યાં રહયા, પછી દિલ્હી આવી ગયા.

**વાલિદહ, તા'લીમ :–**

આપના વાલિદહ (માતા) શાહ મવ. રહીમબખ્શ દેહલ્વીથી બયઅત હતાં. એટલે મવ. શર્ફુલ હકક સા. પણ એમની દેખરેખ હેઠળ ઈલ્મ શીખવા લાગ્યા. શાહ સાહબે કુર્આન મજીદ પઢાવ્યું, ઉર્દૂ લખતા વાંચતા શીખવાડયું અને શાહ સા.ના એક ચાહક પંડિત દુર્ગાપ્રસાદે હિન્દી અને સંસ્કૃત ભાષા શીખવાડી સને ઈસવી ૧૮૭૭માં ઍંગલો એરેબિક સ્કૂલમાં દાખલો મેળવ્યો. મેટ્રીક પાસ કરી અંગ્રજી વિષયમાં પહેલો નંબર લાવ્યા.

સને ઈ.સ. ૧૮૮૧માં મવ. અલતાફ હુસૈન હાલી (રહ.) થી

ફારસીની પ્રાથમિક કિતાબો પઢી. ૧૮૮૩ ઈ.માં પંજાબ યુનિવર્સિટીની મુન્શી–ફાઝિલની પરીક્ષામાં બેઠા અને પૂરા પંજાબમાં પહેલો નંબર લાવ્યા. ત્યાંથી આવી મદ્રસા ઈસ્લામિય્યહ ફતેહપૂરી દિલ્હીમાં અરબી ગ્રામરની તા'લીમ લીધી.

**મુનાઝરા :–**

કોઈએ સાચું કહ્યું છે કે "જેની હુકૂમત હોય છે તેનો ધર્મ ઉન્નતિ કરે છે." અંગ્રેજોના કબજા પછી પાદરી લોકો ગલીએ ગલીએ ઈસાઈય્યતની તબ્લીગ કરવા લાગ્યા હતા. તેમની પાસે વિશાળ સાધનો, સરકારનું પીઠબળ હતું, એની સામે ઉલમા–એ –દીન સાધન વિહોણા, ચટાઈ ઉપર બેસનારા હતા. છતાં એમણે આ પાદરીઓનો હિંમતભેર મુકાબલો કર્યો અને તેમની બધી ડિંગો મારવાનું હવામાં ઉડાડી આપ્યું હતું.

મવ.શર્ફુહલહક સા. પોતાના વિદ્યાર્થી કાળમાં દિલ્હીના ઘંટા ઘર પાસેથી પસાર થઈ રહયા હતા. ત્યાં એક પાદરીએ વ્યંગ કરતાં એવું કહ્યું કે "મુસલમાનોના પયગમ્બરને હબીબુલ્લાહ કહેવામાં આવે છે, પરંતુ જયારે તેમના નવાસા (હઝ. ઈમામ હુસૈન રદિ.)ને વિરોધીઓએ કતલ કર્યા ત્યારે પયગમ્બર સાહેબે ખુદા તઆલાથી ફરિયાદ ન કરી, તેઓ જો ફરિયાદ કરત તો ખુદા જરૂર સાંભળત, કારણ કે હબીબનો મહબૂબ વધારે મહબૂબ હોય છે."

પાદરીની આવી જાહિલાના વાતોથી લોકો ઉપર ખામોશી છવાઈ ગઈ હતી, પણ મવ. થી એ વાત વેઠી શકાય એમ ન હતી, એટલે આગળ આવી જવાબ આપ્યો કે :

" તમો ખોટું કહો છો કે પયગમ્બર સા. ખુદાથી ફરિયાદ કરી નહી, ફરિયાદ કરી હતી અને જરૂરથી કરી હતી, નવાસા ઉપર જે જુલમ થયો તેની સંપૂર્ણ વિગતો કહી હતી, પરંતુ ત્યાંથી જવાબ મળ્યો કે બેશક તમારા નવાસાઓને વિરોધીઓએ કતલ કરી નાખ્યા છે અને ખરેખર તેમના ઉપર અતિ અત્યાચાર થયા છે. પરંતુ હમણા મને મારા એકના એક દીકરા ઈસા મસીહને સલીબ ઉપર ચઢાવવાનું યાદ આવી રહ્યું છે. તેનો ગમ મને બેચેન બનાવી રહયો છે. આ જવાબ સાંભળી અમારા

પયગમ્બર સા. ખામોશ થઈ ગયા હતા કે સાચે જ એકના એક છોકરાથી વધારે મારા નવાસા કેવી રીતે હોઈ શકે ! જયારે સગો દીકરો બચી ના શકયો તો પછી મારા નવાસાની શું વિસાત ?''.

આપના આ જવાબથી આખા સમૂહમાં જાન પડી ગઈ, તાડીઓ પડવા લાગી અને પાદરી સા. દૂમ દબાવી નાસવા લાગ્યા.

આ બનાવ પછી એમને ''મુનાઝરા'' કરવાનો શૌક વધવા લાગ્યો. મોટાભાગનો સમય આવા વાર્તાલાપોમાં જ વીતવા લાગ્યો. મવ. હાલી (રહ.) એ મશ્વેરો આપ્યો કે મુનાઝરામાં તમને સંપૂર્ણ કામ્યાબી ત્યારે જ મળશે જયારે તમો તમારી તા'લીમને પૂરી કરી લેશો. એટલે તેઓ દારુલ ઉલૂમ દેવબંદમાં તા'લીમ માટે દાખલ થઈ ગયા અને ત્યાં જુદા જુદા વિષયોની કિતાબો પઢી. દવરએ હદીષ શરીફ માટે ગંગોહ જઈ હઝરત ઈમામે રબ્બાની (રહ.) થી પૂરું કર્યું અને સનદ મેળવી. મુનાઝરાનો શોક તો હતો જ, એટલે ફરી મુનાઝરા શરૂ કર્યા. આ વખતે, હઝરત ગંગોહી (રહ.) એ ફરમાવ્યું કે ''જાવ, ઈસાઈઓના જવાબો આપી ઈસ્લામની તબ્લીગ કરો.''ત્યારથી તેઓ બાતિલ ફિર્કાઓના જડબાતોડ જવાબો આપવા લાગ્યા અને તેમની જડ ઉખેડવામાં લાગી ગયા. પાદરી લોકો સાથે મુનાઝરા થવા લાગ્યા. તે સમયે એમને થયું કે આ લોકો સાથે વાર્તાલાપ કરવા માટે ''ઈબ્રાની'' તથા ''યુનાની'' ભાષાઓ જાણવું જરૂરી છે. એટલે હકીમ અબ્દુલ મજીદ સા. પાસે ઈલાજ માટે રહેલા એક યહૂદી પાસે એમણે આ બન્નેવ ભાષાઓ શીખી. તેણે એમને સનદ પણ આપી. એ વગર ''પુશ્તુ'' ભાષા મવ. અબ્દુલ હકીમ અફઘાની સા. અને મવ. અબુલ ખયર સા. પાસે તુર્કી ભાષા પણ શીખી લીધી.

મતલબ કે ૩૦ વર્ષ ની ઉંમરમાં તો અરબી, ફારસી, અંગ્રેજી, સંસ્કૃત, ઈબ્રાની, યુનાની, પુશ્તુ અને તુર્કી એમ આઠ ભાષાઓ શીખી લીધી હતી.

૧૩૦૫ હિ. મુતાબિક ૧૮૮૮ ઈ.માં હજ્જ માટે હરમૈન શરીફૈન પહોંચ્યા. ત્યાં હઝ. મવ. રહમતુલ્લાહ કેરાનવી (રહ.) પાસે ત્રણ માસ રહી, મુનાઝરાના ફનને સંપૂર્ણ રીતે શીખ્યો. મવ. સાહેબે પણ સનદ આપી અને પોતાની લખેલી સઘળી કિતાબો અર્પણ કરી.

મવ. રહમતુલ્લાહ સાહેબે આપેલી સનદ જોવાથી માલૂમ પડે છે કે આપને મવ. કારી અબ્દુર્રહમાન મકકી (રહ.) થી પણ હદીષ શરીફની સનદ મળી હતી. આ સનદ ઉપર મવ. રહમતુલ્લાહ સા. (રહ.)ની સહી અને ૧૩ રબીઉસ્સાની ૧૩૦૬ લખેલાં છે. એ પછી પણ એમણે બીજી બેવાર હજ્જ કર્યા હતા.

જાહેરી ઈલ્મમાં કમાલ પૈદા કરવા સાથે સુલૂક અને તસવ્વુફ તરફ પણ ધ્યાન આપ્યું અને મકકા શરીફમાં હઝરત હાજી ઈમદાદુલ્લાહ (રહ.) થી બયઅત થઈ કાયદેસર સુલૂક ની તા'લીમ મેળવી અને સાબેરી, ચિશ્તી સિલસિલામાં કામિલ થઈ ઈજાઝત અને ખિલાફત મેળવી.હઝરત હાજી સા.ના મસ્નવી શરીફના સબકોમાં પણ પાબંદી સાથે હાજરી આપતા રહયા. નકશબંદી સિલસિલાની ઈજાઝત મવ. અનવારુલ્લાહ અને મવ. મુહમ્મદ સલીમ સા. મકકીએ આપી હતી અને કાદરી હાશિમી સિલસિલામાં હઝ. સૈયદ સાલિહ જીલાની (સજજાદા નશીન દરગાહ શાહ અ.કાદિર જીલાની (રહ.)થી ઈજાઝત મળી. મુજદ્દિદી સિલસિલામાં હઝ. ફિદા મુહંમદ સાહેબે તથા શાજલી સિલસિલાની ઈજાઝત શૈખ અબુલ હસન તાહિર મકકી (રહ.) થી મળી હતી.

૧૩૨૧ હિ.માં બીજીવાર હજ્જ કરવા પછી દોઢ વર્ષ સુધી ઈસ્લામી દેશોનો પ્રવાસ પણ કર્યો હતો.

એમણે હિન્દુસ્તાનના ખૂણે ખૂણે જઈ પાદરીઓ સાથે મુનાઝરા કર્યા હતા, પરંતુ ડિસેમ્બર સને ઈ. ૧૮૯૧માં પાદરી એમ. જી. ગોલ્ડ સ્મિથ સાથે હૈદરાબાદમાં, ૮ ફેબ્રુઆરી ૧૮૯૩ ઈસવીના પાદરી જે. શિમ્યોલ સાથે પુનામાં, ૮ માર્ચ ૧૮૮૫ ના રોજ પાદરી એ. મેદ્રક સાથે ગાઝીપુરમાં, જે મુનાઝરા થયા તે આપની કાબેલિય્યત તથા ઈસ્લામી ઈલ્મમાં નિપુર્ણ હોવાના યાદગાર મુનાઝરા હતા અને જેનાથી આખા હિન્દમાં આપની ઈલ્મિય્યતનો સિકકો વાગી ગયો હતો.

બાયબલમાં ફેરફાર થવાના વિષય ઉપર મવ. રહમતુલ્લાહ સા. ૧૮૫૪માં પાદરી ફંદર સાથે કામિયાબ મુનાઝરો કર્યો હતો. એ જ વિષય ઉપર ૧૮૯૧ માં દિલ્હીની ફતેહપુરી મસ્જિદમાં અંડળલાર્ડબીશપ જી.

એ. લેફરોય સાથે મવ. શર્ફુલહક સાહેબે પણ મુનાઝરો કર્યો. દિલ્હી અને આજુબાજુ ના જીલ્લામાં હલચલ મચાવી દીધી હતી.

એનું મુખ્ય કારણ એ હતું કે મુનાઝરા થવા પહેલાં એવું જાહેર કરવામાં આવતું કે હારનારે ખુલ્લેઆમ સૌ લોકોની સામે પોતાની હાર કબૂલ કરવી પડશે અને હાર કબૂલ કરવા અંગે લેખિત આપવું પડશે અને તે સામાવાળાને મઝહબને કબૂલ કરશે. આ મુનાઝરામાં આગ્રા, અલીગઢ, મીરઠ, સહરાનપુરના મોભાદાર તથા મશ્હૂર ઉલમા તથા મસીહુલ મુલ્ક હકીમ અજમલખાં સા. અને તેમના કુટુંબના બુઝુર્ગ હકીમ અહમદ સઈદખાં સા., હકીમ ગુલામ મો. ખાં, મવ. અબ્દુલહકક મોહદ્દિસ દહેલ્વી (રહ.) વિગેરે અકાબિરોએ ભાગ લીધો હતો. ઈસાઈઓ પણ ઠેક ઠેકાણેથી આવ્યા હતા. બે દિવસ સુધી મુનાઝરો ચાલુ રહ્યો. લગભગ ૨૦ થી ૨૫ હઝાર માણસો ભેગા થતા રહયા. પહેલા દિવસે ૬ થી ૭ કલાક વાદવિવાદ ચાલ્યો, પણ વાત અધૂરી રહી. બીજા દિવસે જે વાર્તાલાપ થયો તે ઘણો જ ઉચ્ચ કક્ષાનો ઈલ્મી વાર્તાલાપ હતો, જેણે સર્વત્ર ધૂમ મચાવી દીધી. બીજે દિવસે લગભગ આખું શહેર ઊમટી પડયું હતું. હજુ એક કલાક પણ થયો ન હતો કે મવ. રહમતુલ્લાહ સા. ના આ શાગિર્દે પાદરીઓને ખુલ્લી હાર આપી.

તેણે ધર્મ તો બદલ્યો નહી, પણ કબૂલ કર્યું કે બાયબલમાં ફેરફારો થયાં છે અને લખી આપ્યું કે "હું કબૂલ કરૂં છું કે લોકોની ઈન્જીલનાં તરજુમામાં અને તેના અસ્લી નુસ્ખાઓમાં જે આજે પ્રાપ્ત છે, અમુક આયતો ખોટી છે અને ભૂલથી દાખલ થઈ ગઈ છે. આ વાત જુની આવૃત્તિ સાથે મેળવવાથી જણાઈ છે. તે આયતો તેમાં નથી. એટલા માટે હું તે ઈન્જીલને સાચી માનું છું.

**સહી. જી. ઓ. લીફરોય**

મવ. મુનાઝરો કરતી વેળા સામેવાળાની કિતાબોથી દલીલો રજૂ કરતા હતા. અને તેમના જ હથિયારોથી તેમને હરાવતા હતા. આપના લેકચરો ઈલ્મી ઢબના જ થતા હતા, એટલા માટે તેમાં ઊંચા વર્ગના લોકો આવતા. યુ. પી. નો કોઈ જીલ્લો આપે બાકી રાખ્યો નહીં.આમ લોકોમાં દીનદારી આવી. લગભગ ૨૫ હઝાર લોકો આપ થી બયઅત થયા હતા.

(૧) દાફિઉલ બોહતાન, બે ભાગ (૨)ઈસ્તીસાલે દીને ઈસ્વી (૩) મુનાઝરા ગાઝીપુર (૪) મુનાઝરા હૈદરાબાદ (૫) મુનાઝરા કાલ્કા (૬) મુનાઝરા પુના (૭) મુનાઝરા દિલ્હી (૮)દીની મુનાઝરા (૯) લેકચર અમેરીકા (૧૦) સફરનામા હજ્જ.

એમાંથી અમુક મુનાઝરાની વિગતો અંગ્રેજીમાં પણ છપાઈ ગઈ છે.

વફાતથી દોઢ વર્ષ પહેલાં લકવાનો હુમલો થયો હતો. ઈલાજ થી થોડોક ફાયદો થયો. છેવટે ૭૦ વર્ષની ઉમરમાં ૨૮ જાન્યુઆરી ૧૯૩૬ મુતાબિક ૩ ઝિલ્કઅદહ સને હિજરી ૧૬૫૪ મંગળવારે દિલ્હીમાં ઈન્તિકાલ થયો તે જ દિવસે જયોર્જ પાંચમાનું મરણ થવાથી આખા હિન્દમાં હડતાળ હતી. ઈન્ના લિલ્લાહિ વ ઈન્ના ઈલયહિ રાજિઉન.

## હઝ. મવ. સૈયદ અહમદ હસન અમરોહી (રહ.)

મવ. અહમદ હસન સા.નો જન્મ અમરોહા (યુ.પી.) ૧૨૬૭ હિ.માં થયો હતો. થોડીક મુદત અમરોહામાં પ્રાથમિક તા'લીમ મેળવી અને પછી દેવબંદ ચાલ્યા ગયા. ત્યાં મવ. મુહંમદ કાસિમ સા. નાનૌતવી (રહ.) પાસે રહી ફૈઝ હાસિલ કરતા રહયા અને બીજા ઉલમાથી પણ કિતાબો પઢી. ઘણાં હોશિયાર તથા મેહનતી હતા, એટલે પોતાના ઘણા સાથીઓથી આગળ નીકળી ગયા.

હદીષની સનદ શૈખ અલી સહારનપુરી (રહ.) તથા શૈખ અબ્દુર્રહમાન અન્સારી (રહ.) પાનીપતી અને શૈખ અબ્દુલ કય્યૂમ બુર્હાનવી (રહ.) થી મેળવી હતી.

ફારિગ થયા બાદ હિજાઝનો સફર કર્યો અને ત્યાં હઝરત હાજી સા. (રહ.)થી તરીકતની તા'લીમ લીધી. મદીનહ શરીફમાં શૈખ અબ્દુલગની મુહદ્દિસ દહેલ્વી (રહ.)થી પણ હદીસે પાકની સનદ હાસિલ કરી. ત્યાંથી પાછા આવી અમરોહાના મદ્રસા અરબિય્યહમાં તા'લીમ આપવાનું શરૂ કર્યું.

આપનું ખાનદાન સાદાતનું ખાનદાન છે. આપે અમરોહા વગર ખોરજા, સંભલ અને દિલ્હીમાં તા'લીમ આપી છે. હઝરત મવ. કાસિમ સા. નાનૌતવી (રહ.) ના મશ્વેરાથી જયારે મુરાદાબાદમાં મદ્રસા શાહીની

સ્થાપના થઈ ત્યારે મવ. અહમદ હસન અમરોહી (રહ.) ત્યાં સદર મુદર્રિસ નીમાયા. ૧૩૧૩ હિ. સુધી ત્યાં સેવા આપવા પછી આપ અમરોહા આવ્યા અને જુમ્આ મસ્જિદમાં મદ્રસા ઈસ્લામિય્યહને ફરીવાર ચાલુ કર્યો. આ મદ્રસાની "મદ્રસા કાસિમુલ ઉલૂમ" ના નામે ઘણી ખ્યાતિ થઈ અને દૂર દૂરના તલબા આવી ફૈઝ હાસિલ કરવા લાગ્યા.

થોડીક મુદત દારુલ ઉલૂમ દેવબંદમાં પણ તા'લીમ આપી. હઝ. મવ. શૈખુલ હિન્દ (રહ.) પણ ત્યાં મુદર્રિસ હતા. બન્નેવ સાહિબો એક જ ગ્રેડના ગણવામાં આવતા હતા, પરંતુ અમરોહાના લોકો આવ્યા અને કહેવા લાગ્યા કે "અમારો બગીચો ઉજ્જડ થઈ રહયો છે." આપને ફરી અમરોહા લઈ ગયા.

આપ હઝરત હાજી સા. (રહ.) થી બયઅત થયા હતા અને હાજી સા. તથા મવ. કાસિમ નાનૌતવી (રહ.) બન્નેવથી ઈજાઝત મળી હતી.

પોતાનો હાલ હંમેશા છુપાવતા. વધુ વખત ઈલ્મી પ્રવૃત્તિમાં જ પસાર થતો હતો. ઘણા મહાન મોહદ્દિસ તરીકે નામના મેળવી હતી. વાત કરવાનો અંદાજ ઘણો જ મીઠો તથા ઘણા ઉચા અખલાક ધરાવતા હતા.

હઝ. કારી તૈયબ સા. (રહ.) લખે છે કે :– આપ મવ. નાનૌતવી (રહ.) ના મખસૂસ શાગિર્દોમાં હતા. તેઓ કાસિમી ઉલૂમના અમીન હતા અને તેના પ્રચાર–પ્રસારમાં આખું જીવન વ્યસ્ત રહયા. આપનો ફૈઝ દૂર દૂર પહોંચ્યો હતો. મવ. અ.રહમાન ખાન ખોરજાવાલા તથા મવ. અબ્દુર્રહમાન સા. અમરોહી જેવા મહાન આલિમો આપના શાગિર્દ હતા, જેમના મારફતે ઈલ્મ અને ઈરફાનનું નૂર ફેલાયું. ૨૮ રબીઉલ અવ્વલ ૧૩૩૦ હિ.માં પલેગની બીમારીમાં સપડાઈ શહાદત હાસિલ થઈ. અલ્લાહપાક એમના દરજા બુલંદ ફરમાવે, આમીન !

## હઝ. મવ. અહમદ હસન કાનપૂરી સા. (રહ.)

મવ. અહમદ હસન સા. કાનપૂરી (રહ.) નું મૂળ વતન પટયાલા જી. ગોરદાસપુર હતું. પ્રાથમિક તા'લીમ ત્યાં જ મેળવી. પછી અલીગઢ જઈ મવ. મુફતી લુતફુલ્લાહ (રહ.) ની સેવામાં રહી તા'લીમ હાસિલ કરતા રહયા. ત્યાં જ સઘળા વિષયમાં કામિલ થયા.

ફારિગ થયા બાદ લાંબી મુદ્દત મઝાહિરુલ ઉલૂમ સહરાનપૂરમાં પઢાવતા રહયા અને પછી કાનપુરના મદ્રસા " ફૈઝે આમ"માં એમની નિમણૂક થઈ, ત્યાં પણ ઘણો લાંબો સમય મુદર્રિસ રહયા.

ત્યાર બાદ હિજાઝનો સફર કર્યો અને હજ્જની સઆદત હાસિલ કરી. તરીકતની તા'લીમ હઝ. હાજી સા. (રહ.)થી હાસિલ કરી અને ફરી હિન્દુસ્તાન આવ્યા.

તેઓ ઘણા મહાન આલિમ, નેક તથા નમ્ર સ્વભાવના તથા મિત્રો સાથે ઘણો સારો વર્તાવ કરનાર હતા.

એમનો કમાલ એ હતો કે મૂશ્કેલ કિતાબોના લગભગ ૧૫ સબકો પઢાવતા. ૧૨૯૭ હિ. થી એવણ કાનપુર ફૈઝેઆમ માં પઢાવવા લાગ્યા અને છેલ્લી ઘડી સુધી ત્યાં રહયા. એટલે કાનપૂરીથી મશ્હૂર થયા.

હઝરત હાજી સા. (રહ.)એ એમને મસ્નવી શરીફ છાપવાનું કામ સોંપ્યું હતું. એમણે જયારે તેનો એક ભાગ છાપ્યો અને નમૂના રૂપે હાજી સા. (રહ.) ને મોકલ્યો તયારે હઝરત હાજી સાહબે, હઝરત મવ. અશરફ અલી થાનવી (રહ.) ને આ પ્રમાણે પત્ર લખ્યો :–

"અઝીઝી મૌલ્વી અહમદ હસન સા. (ઝાદહુલ્લાહુ મુહબ્બતહુ વ ઈરફાનહુ) શંકા નથી કે મેહનત કરી રહયા છે. અલ્લાહ તઆલા એમની મેહનત કબૂલ ફરમાવે અને  મસ્નવી શરીફને એમના દરજા ઉંચા થવાનું કારણ બનાવે, આમીન! એનો પહેલો ભાગ મારી પાસે આવ્યો. દિલ ઘણું ખુશ થયું. મસ્નવી શરીફ જે દરજાની કિતાબ હતી એમણે તેનો પૂરો હક અદા કરી આપ્યો. "

મવ. અહમદ હસન સાહેબે હાજી સા. (રહ.) ના મશ્વેરાથી મસ્નવી શરીફનો હાશિયો પણ લખ્યો હતો અને માતબર ખર્ચ કરી તેને છપાવ્યો હતો.

૧૩૨૨ હિ.ના કાનપૂરમાં વફાત થઈ. ઘણી કિતાબો લખી યાદગાર છોડી ગયા છે. હઝરત ગંગોહી (રહ.) થી આપે હદીષની સનદ મેળવી હતી. તથા લખનૌમાં મવ. અબ્દુલહય (રહ.) થી પઢવાની સઆદત પણ હાસિલ કરી હતી.

એમના ઈલ્મથી સેકડો તાલિબે ઈલ્મોએ ફૈઝ હાસિલ કર્યો

હતો.(જામિઅહ ડાભેલના સ્થાપક હઝ. મવ. અહમદ હસન ભામ સીમલકી (રહ.) પણ એમના જ શાગિર્દ હતા. એટલે ગુજરાત સુધી એમનો ફૈઝ પહોંચ્યો અને આજે પણ એ મુબારક સિલસિલો ચાલુ જ છે.

(રહમતુલ્લાહિ અયલહિમ અજમઈન)

## હાજી સય્યિદ મુહમ્મદ આબિદ હુસૈન દેવબંદી (રહ.)

આપનો જન્મ ૧૨૫૦ હિ. મુતાબિક ૧૮૨૪ ઈ.માં થયો હતો. કુર્આન શરીફ તથા ફારસી કિતાબો પઢી આગળ દીની તા'લીમ માટે દિલ્હી ગયા હતા. પરંતુ પઢવાના સમયમાં જ એમને તસવ્વુફનો શૌક પૈદા થયો અને તઅલીમ પૂરી કરી શકયા નહીં.

ઘણા બુઝુર્ગોથી ખિલાફત મેળવી હતી. દારુલ ઉલૂમ દેવબંદની સ્થાપના અને તેની ઉન્નતિમાં એમનો ઘણો મોટો ફાળો છે. દેવબંદની જુમ્આ મસ્જિદ બાંધવામાં પણ એમની ઘણી મહેનત હતી. દારુલ ઉલૂમ દેવબંદના સૌપ્રથમ મોહતમિમ પણ એવણ જ હતા.

એઓ લગભગ ૬૦ વર્ષ છત્તાની મસ્જિદમાં રહયા હતા.મશ્હૂર છે કે ૩૦ વર્ષ સુધી એમની પહેલી તકબીર છૂટી ન હતી. ૬૦ વર્ષમાં તહજ્જુદની કઝા પણ થઈ નથી. કશ્ફ અને કરામત વાળા બુઝુર્ગ હતા. સમયના ઘણા પાબંદ હતા.

મિયાંજી કરીમ બખ્શ રામપુરી (રહ.) અને હાજી ઈમદાદુલ્લાહ (રહ.) થી ખિલાફત મેળવી હતી. સુન્નતો ઉપર અમલ કરવામાં ઘણા જ મજબૂત હતા. ફરમાવતા હતા કે "અમલ વગરનો દુરવેશ હથિયાર વગરના સિપાહી જેવો છે." આપનાથી ખૂદાની મખ્લૂકને ઘણો ફાયદો પહોંચ્યો. અન્ય ધર્મના લોકો પણ આપને માનતા હતા.

ઘર, જમીન, બાગ વિગેરે બધું જ અલ્લાહ તઆલાના નામે વકફ આપ્યું હતું અને અલ્લાહ ભરોસે જીવન પસાર કરતા.

એઓ લગભગ ત્રણ વાર દારુલ ઉલૂમના મોહતમિમ નિમાયા હતા. એમના તાવીજ તથા અમલો થી પણ ઘણો ફાયદો થયો હતો.

મવ. ફરોગ સાહેબે એમના વખાણ પોતાની મસ્નવીમાં કર્યા છે.

(જુઓ માસિક બુર્હાન, દિલ્હી)

જુમેરાત ૨૭ જિલહજ્જ ૧૨૩૧ હિ. મુતાબિક ૧૯૧૨ ઈ.માં ૮૧ વર્ષની ઉમરમાં આપનો ઈન્તિકાલ થયો હતો.દેવબંદમાં જ દફન કરવામાં આવ્યા હતા.

એમણે સાત વાર હજ્જ કર્યા હતા. છેલ્લી હજ્જ ૧૯૧૨માં થઈ છે.

## મવ. શાહ સુલયમાન ફુલવારી શરીફ (રહ.)

મવ. શાહ સુલયમાન સા. નો જન્મ ફુલવારી શરીફ (બિહાર)માં ૧૨૮૬ હિ.(૧૮૫૯ ઈ.)માં થયો હતો. પ્રાથમિક તા'લીમ પોતાના વતનમાં મેળવી પછી મવ. અબ્દુલહય ફિરંગી મહલ્લી (રહ.), મવ. અહમદ અલી સહરાનપુરી (રહ.) તથા મવ. નઝીર હુસૈન દહેલ્વી (રહ.) પાસે તા'લીમ પૂરી કરી.

લખનૌમાં કોર્સ પૂરો કર્યા પછી યુનાની હિકમતની કિતાબો પઢી અને ઘણી સફળતાથી દવાખાનું ચલાવતા રહયા. આપને શેઅર શાયરીનો પણ  શૌક હતો. અરબી તથા ઉર્દૂ ભાષામાં વધુ પ્રમાણમાં શેઅર કહેતા હતા. કદી ફારસીમાં પણ કહેતા હતા.

નદવતુલ ઉલમા નામી સંસ્થાના સ્થાપકોમાં હતા. પહેલા કાનપૂરમાં અને પછી લખનૌમાં આ સંસ્થાનું કામ કરતા રહયા.

**મવ. સય્યિદ સુલયમાન નદવી (રહ.) લખે છે કે :–**

મર્હૂમ ઘણી વિશાળ દષ્ટ્રિવાળા આલિમ, ઘણા સારા અદીબ, ખૂશબયાન ખતીબ તથા બાહોશ વ્યકિત હતા.

ઘણા મહાન બુઝુર્ગોથી ફૈઝ હાસિલ કરનાર સૂફી હતા. એમને ઈતિહાસ તથા અરબી ગધ અને પદ (નઝમ–નસર)થી સારી દિલચસ્પી હતી. સારા પુષ્તકો અને સારા કુતુબખાનાઓની શોધખોળ કરતા રહેતા હતા. આવી ઈલ્મી દિલચસ્પી ના લઈ તેઓ પોતાના સમયના બીજા ઉલમા કરતાં વિશેષતા ધરાવતા હતા.

હાજી ઈમદાદુલ્લાહ (રહ.) સાથે પણ નિસ્બત રાખતા હતા. અને પંજાબ, મદ્રાસ, ઉ.બિહાર તથા યૂ. પી. માં એમના મુરીદોની ઘણી મોટી સંખ્યા હતી.

**સય્યિદ સા. ફરમાવે છે :–**

મેં નાનપણમાં ફુલવારી શરીફમાં એમનાથી અમુક સબકો પઢયા હતા અને જયારે ૧૯૦૨ ઈ.માં તેઓ નદવાના તા'લીમી વિભાગના સંચાલક હતા અને તેઓ ત્યાં જ રહેવા લાગ્યા તયારે એમની બુઝુર્ગાના મહેરબાની અને હિમ્મત દેવાથી મારી ઈલ્મી તરકકીમાં ઘણી મદદ મળી હતી. એ જ સમયમાં નવાબ મુહસિનુલ મુલ્ક નદવાની વીઝીટ માટે પધાર્યા હતા. શાહ સાહેબે મને તથા મારા સાથી મવ. ઝહૂર અહમદ 'વહશી' શાહજહાંપૂરીને એમની સામે ઈમ્તિહાન માટે રજૂ કર્યા હતા. મેં નવાબ સાહેબના સ્વાગતમાં અરબીમાં એક કસીદો લખ્યો હતો.

શાહ સા.ની તકરીર ઘણી દિલચસ્પ થતી. ઘણાં ચુટકલા (લતીફા) મશહૂર છે.જો તે બધાને ભેગા કરવામાં આવે તો એક કિતાબ બની શકે.

રંગુનમાં મોહંમેડન એજયુકેશનલ કોન્ફરન્સ નો જલ્સો હતો. અમુક મૌલવી સાહેબોએ કોન્ફરન્સ વાળાઓ ઉપર કુફ્રનો ફતવો લગાવ્યો હતો. એ જલ્સામાં શાહ સા. પણ નવાબ મુહસિનુલ મુલ્કની સાથે ગયા હતા.

**તકરીર કરવા ઊભા થયા તો કહ્યું :–**

અહીંના મૌલ્વી સા.એ કોન્ફરન્સ વાળાઓ ઉપર કુફ્રનો ફતવો આપ્યો છે. જેમાં કદાચ હું પણ શામિલ છું. વિચાર કરો કે નવાબ મુહસિનુલ મુલ્ક તો મેહદી છે. એમને કોણ દજજાલ કહેશે (નવાબ સા. નું નામ મેહદી અલી હતું) અને મારા ઉપર કુફ્રનો ફતવો લાગી શકતો જ નથી, કારણ કે ખુદ અલ્લાહ પાકે ફરમાવ્યું છે કે "વમા કફર સુલયમાન વ લાકિન્ન શ્શયાતિન કફરૂ" (સુલયમાને કુફ્ર કર્યું નથી પરંતુ શૈતાનોએ કુફ્ર કર્યુ છે) આ વાત સાંભળી હાજરજનો ખુશ થઈ ગયા અને તે ફતવો આ લતીફાથી હવામાં ઊડી ગયો.

શાહ સાહેબે ચિશતિય્યહ સિલસિલામાં સૌ પ્રથમ મવ. શાહ કુદરતુલ્લાહથી ઈજાઝત મેળવી હતી. ત્યાર બાદ હઝ. હાજી મુહાજિર મકકી (રહ.) થી ખિલાફત મળી. ફરમાવ્યા કરતા હતા કે હવે હું ચિશતી જ ચિશતી છું. હજ્જ માટે ગયા ત્યારે હાજી સા. (રહ.) એ ફરમાવ્યું કે મિયાં વઅઝ, નસીહત કરતા રહો. શાહ સુલયમાન (રહ.) ફરમાવતા

હતા કે મેં કઅબા શરીફ પાસે જઈ ગિલાફ પકડી રડી રડી ને દુઆઓ માંગી કે હે અલ્લાહ ! આવા મોટા શૈખ મને વઅઝ માટે કહે છે અને મને તો બોલવાનું પણ ભાન નથી. ખુદાવંદા, તું જ મને બયાનની તાકાત અને તેમાં અસર અતા ફરમાવ.

ત્યાંથી પાછા આવી ફુલવારી શરીફની સંગીન મસ્જિદમાં પહેલું બયાન થયું. એ વઅઝથી લોકો ઉપર ઘણી જ અસર થઈ અને ચોધાર આંસુએ રડવા લાગ્યા. એમના સમયમાં આવું સરસ બયાન કરનાર બીજા કોઈ આલિમ ન હતા. બયાનમાં મોકાસર મસ્નવી શરીફના શેઅરો ઘણી ખુશ ઈલ્હાનીથી પઢતા હતા. અવાજમાં દર્દ ભરેલું હતું. એમનાથી મસ્નવીના શેઅરો સાંભળી લોકોના દિલો પીગળી જતા.

સને ઈસ્વી ૧૯૨૦માં પવિત્ર જગ્યાઓની ઝિયારત માટે એમણે ઈરાકનો સફર કર્યો. ત્યાં હઝરત શૈખ અ. કાદિર જીલાની (રહ.) ની ખાનકાહના સજજાદહ નશીન જનાબ સૈયદ અબ્દુર્રહમાન અલ–મહદ સા.ના મેહમાન બન્યા અને તેમનાથી પોતાના બાપ–દાદાના કાદરી સિલસિલાની બરકત માટે ઈજાઝત લીધી.

એમના ખાનદાનમાં ઘણા ઉલમા તથા બુઝુર્ગો થઈ ગયા છે, જેમણે બિહાર સ્ટેટને ઈલ્મ અને ઈરફાનથી માલામાલ કરી આપ્યું હતું. એમના ફુવા મવ. મુહંમદ હુસૈન કાદરી (રહ.) હતા તથા મવ. આલે અહમદ મોહદ્દિસ મુહાજિરે મદીનહ એમની નાનીના સગા ભાઈ હતા. શાહ નિઅમતુલ્લાહ કાદરી સા. પણ એ જ કુટુંબના નબીરા હતા.

શાહ સુલયમાન સા. સૂફી હોવાની સાથે તાલીમના પણ માહિર હતા.તેઓ કલકત્તા યુનિવર્સિટી સેનેટના મેમ્બર હતા. મદ્રસા આલિય્યહ કલકત્તા ના પણ સભ્ય હતા. ઢાકા યુનિવર્સીટીની સ્થાપના કરવામાં નવાબ સલીમુલ્લાહ સા. ના મદદગાર રહયા હતા.

**ડો. ઈકબાલ એમના વિષે એક પત્રમાં લખે છે :–**

" અલ્લાહ તઆલાએ એમને રૂહાની કમાલ સાથે ઈલ્મ અને ફઝલ પણ અર્પણ કર્યાં છે.આપના પત્રો ઘણાં દિલચસ્પ છે. હિફાઝતથી રાખવા જેવાં છે, ન કે કચરાપેટીમાં નાખવા જેવા, મેં પોતે એનું વાંચન કર્યું છે અને ઘરમાં પણ બેગમને પઢવા આપ્યાં છે."

એમને વઅઝ કહેવાનો અજબ કમાલ હતો. ધારતા ત્યારે હસાવતા અને ધારે ત્યારે રડાવતા હતા. આખા હિન્દમાં એમની ખ્યાતિ થઈ ગઈ હતી.

૨૭ સફર ૧૩૫૪ હિ. ના વફાત થઈ ગઈ હતી.

**આશિકાને ખવાજગાને ચિશ્ત રા**
**અઝ કદમ તા સર નિશાને દીગરસ્ત**

# મવ. મુહમ્મદ યાકૂબ નાનૌતવી સિદ્દીકી (રહ.)

હઝ. મવ.યાકૂબ સા. ઉસ્તાદુલ ઉલમા મવ. મમલૂક અલી સા.(રહ.)ના નેક ફરજઝંદ હતા. ૧૩ સફર ૧૨૪૯ હિ. મુતાબિક ૧૮૩૪ ઈ.માં એમનો જન્મ થયો હતો. પોતાના વતનમાં કુર્આન શરીફ હિફઝ કર્યું અને પછી વાલિદ સા. પાસે દિલ્હી જઈ બાકી તા'લીમ પૂર્ણ કરી, મઅકૂલ અને મનકૂલ દરેક ઈલ્મમાં પોતાના વાલિદ સા.ના જેમ કમાલ હાસિલ કર્યો. ઘણાં જ હોશિયાર, સમજદાર હતા. અલ્લાહ તઆલાએ એમને બધી રીતે કામિલ બનાવ્યા હતા.

હઝરત મવલાના મુહંમદ કાસિમ નાનૌતવી (રહ.)ની સાથે ઘણો જ સંબંધ હતો. તેઓ પોતે લખે છે :–

''નાચીઝને મવ. કાસિમ સા. સાથે કૌટુંબિક સંબંધ સિવાય પણ બીજા ઘણા સંબંધો હતા. એક જ મકતબમાં તા'લીમ શરૂ કરી, એક જ વતનમાં એક જ કુટુંબમાં રહયા, સાઢુભાઈ થયા. એક જ ઉસ્તાદ અને એક જ સમયમાં સાથે ઈલ્મ હાસિલ કર્યો. અમુક કિતાબો પણ એમનાથી પઢી. એક જ શૈખના મુરીદ થયા. બે વાર હજ્જમાં પણ સફરના સાથી રહયા અને લાંબો સમય સાથે જ જીવન પસાર કર્યું.''

આપે હદીષ શરીફ હઝરત મવલાના શાહ અબ્દુલગની (રહ.) થી પણ પઢી હતી.અકલી (તર્કશાસ્ત્ર) અને નકલી (કુર્આન–હદીષ,ફિકહ વિ.) ઉલૂમમાં મવ. કાસિમ સા. નાનૌતવી તથા મવ. રશીદ અહમદ ગંગોહી (રહ.) થી કોઈ પણ રીતે ઊણા ઉતરતા ન હતા. બુદ્ધિની ચંચળતા અને હોશિયારીની સાથે સાથે અનહદ મેહનતું પણ હતા.

અજમેર ગવર્નમેન્ટ કોલેજમાં નિમણૂક થઈ હતી. ત્યાંથી બનારસ ગયા હતા અને સહારનપુરમાં ડેપ્યુટી ઈન્સ્પેકટર તરીકે આવ્યા. ત્યાં ૧૮૫૭ ની ચળવળ વખતે હતા.

વાલિદ સા.ની વફાત પછી અજમેર ગયા અને ત્યાં થોડીક મુદ્દત પછી શિક્ષણ ખાતામાં ડીપ્ટી ઈન્સપેકટર તરીકે નિમણૂક થઈ. જયારે દારુલ ઉલૂમ દેવબંદની સ્થાપના થઈ તો હઝ. મવ. કાસિમ સાહેબે એમને સદર મુદર્રિસ તરીકે ત્યાં નકકી કર્યા. અજમેરમાં ૧૫૦ રૂા. પગાર હતો. ( તે સમયમાં ૧૫૦ ઘણો ઉંચો પગાર ગણાતો) પરંતુ આપે મહાન ભોગ આપી દારુલ ઉલૂમ દેવબંદમાં ફકત ૨૫/૦૦ પચ્ચીસ રૂપિયામાં કામ કરવાનું પસંદ કર્યુ અને દારુલ ઉલૂમમાં હદીષ શરીફના દર્સમાં મશગૂલ થઈ ગયા.

આપ દારુલ ઉલૂમ ના સૌ પ્રથમ શૈખુલ હદીષ તરીકે નીમાયા હતા. ૧૯ વર્ષની મુદ્દતમાં ૧૫૧ તલબાએ આપનાથી ફૈઝ હાસિલ કરી વિદ્વાન થયા. આપના નામાંકિત શાગિર્દોમાં મવ. અબ્દુલહક પુરકાઝવી, મવ. અબ્દુલ્લાહ અંભેટવી, મવ. ફતેહ મુહંમદ થાનવી, શૈખુલ હિન્દ મવ.મહમૂદ હસન દેવબંદી, મવ. ખલીલ અહમદ સહરાનપુરી, મવ. અહમદ હસન અમરોહી, મવ. ફખરુલ હસન ગંગોહી, મવ. હકીમ મન્સૂર અલીખાં મુરાદાબાદી,મવ. મુફતી અઝીઝુર્રહમાન દેવબંદી, મવ. અશરફ અલી થાનવી, મવ. અહમદ ફાઝિલ સિકંદરપૂરી અને મવ. હબીબુર્રહમાન ઉસ્માની (રહમતુલ્લાહિ અલયહિમ અજમઈન) જેવા જગ વિખ્યાત ઉલમા હતા.

મવ. યાકૂબ સા.ના આ શાગિર્દોના નામોના વાંચન પછી નિઃશંકપણે એમ કહી શકાય છે કે આજે ભારત અને પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને મધ્ય એશિયામાં જેટલા ઉલમા મૌજુદ છે તેમાંથી લગભગ બધાએ જ ઈલ્મી ઝરણાથી પોતાની ઈલ્મી પ્યાસ છિપાવી છે.

દારુલ ઉલૂમમાં હદીષે પાકના સબકની સાથે ફતાવા લખવાનું કામ પણ એમના જ શિરે હતું. આપ દારુલ ઉલૂમમાં ૧૨૮૩ હિ. મુતાબિક ૧૮૬૭ ઈ. થી રબીઉલ અવ્વલ ૧૩૦૨ હિ. મુતાબિક ૧૮૮૬ ઈ. સુધી આ હોદ્દા ઉપર રહયા હતા.

હઝરત હાજી ઈમદાદુલ્લાહ (રહ.) થી બયઅત ફરમાવી સુલૂકમાં કામિલ થયા અને ઈજાઝત મેળવી હતી. આપ ઉર્દૂ – ફારસી અને અરબી ભાષામાં શેર પણ કહેતા હતા.

**પ્રોફેસર અનવારુલ હસન શેરકોટી લખે છે :–**

મવ. યાકૂબ સા. જામિઉસ્સિફાત (બહુ મુખી પ્રતિભા ધરાવતા) વ્યકિત હતા. તેઓ ફકત ઉર્દૂ–ફારસીના જ નહી, અરબી શાયરીમાં પણ તેમની કલમ બરાબર ચાલતી અને ફિલ–બદીહ લખતા રહેતા. એમ લાગતું કે એમની માતૃભાષા અરબી છે. જયારે અરબીમાં લખે છે તો અરબી ભાષા ગર્વ અનુભવે છે.

સુલતાન અબ્દુલહમીદ (રહ.) ૧૨૯૪ હિ.માં જયારે રશિયનો લડી રહ્યા હતા, ત્યારે તેમની બહાદુરીની ખબરો સાંભળી તેમની તા'રીફમાં પણ લીટીનો લાંબો કસીદો (પ્રશસ્તિ કાવ્ય) લખ્યો હતો.

આપની તબીયતમાં ખુદારી (સ્વાભિમાન) ઘણી હતી. નવાબ મહમૂદ અલીખાં ઓફ છતારી ઘણીવાર કહેતા કે મવ. યાકૂબ સા.ને કોઈ રીતે પણ અહીં લાવો. એક વાર મવ. સા. ને અરજ કરવામાં આવી. હઝરત નવાબ સા. ની ઘણી ઈચ્છા છે કે આપ એક વાર છતારી તશ્રીફ લાવો. મવ. યાકૂબ સાહેબે જવાબમાં ફરમાવ્યું કે મેં સાંભળ્યું છે કે જે મવ. નવાબ પાસે જાય છે, તેઓ તેમને ૧૦૦ રૂપિયા આપે છે. અમને કદાચ તેઓ પોતે બોલાવે છે એટલે કદાચ ૨૦૦ રૂપિયા આપશે. પણ એ ૧૦૦–૨૦૦ કેટલા દિવસ ચાલશે ? એટલા માટે હું ત્યાં જઈ ''મૌલવિય્યત'' ના નામ ઉપર કલંક લગાડવા ચાહતો નથી. એમના આ બે શેઅર વાંચો :

**બસ છોળા દે નફસો શૈતાંસે ઈલાહી દિલ મેરા**
**કર મુશર્રફ ઈશકે રહમાં સે ઈલાહી દિલ મેરા**
**પાક કર ઝુલમે ઈસ્યાં સે ઈલાહી દિલ મેરા**
**કર મુનવ્વર નૂરે ઈરફાં સે ઈલાહી દિલ મેરા**

તફસીરનો સબક પઢાવતી વખતે ઘણીવાર આંખોમાંથી આંસુ વહેતા અને ધ્રુસકે ધ્રુસ્કે રડી પડતા હતા. અજબ શાનના બુઝુર્ગ હતા. વધુ ભાગે જઝબની હાલત રહેતી, દુનિયા તરફ બિલ્કુલ ધ્યાન ન હતું. તેમણે

પોતાના મુરીદ મુન્શી મો. કાસિમ નયાનગરી સા. (રહ.)ને જે પત્રો લખ્યા છે તે સુલૂક અને મઅરિફતનો ખઝાનો તથા બંધારણ સમાન છે. સાલિકો માટે હિદાયતનામું છે.

તેમનો જીવનહેતુ સુન્નતની પેરવી અને ખુદા તઆલાની ફરમાંબરદારી સિવાય બીજો કંઈ ન હતો. રૂહાની (આધ્યાત્મિક) ઈલાજ ની સાથે શારીરિક બીમારીનો ઈલાજ પણ કરતા હતા.

## શૈખુલ ઇસ્લામ મવ. સય્યિદ હુસૈન અહમદ મદની (રહ.)

હઝ. મવ. સય્યિદ હુસૈન અહમદ મદની (રહ.)નો જન્મ બાંગરમઉ (જી.ઉનાવ) મુકામે ૧૯ શવ્વાલ ૧૨૯૬ હિ. મુતાબિક ૧૬ ઓકટોબર ૧૮૭૯ ઈ.માં થયો હતો. આપના વાલિદ સા. સય્યિદ હબીબુલ્લાહ સા. (રહ.) ત્યાં ઉર્દૂ મેડલ સ્કૂલના હેડમાસ્તર હતા.એટલે કુટુંબ સાથે ત્યાં રહેતા હતા.

આપની ઉંમર હજુ ત્રણ વર્ષની હતી અને વાલિદ સાહેબે પોતાના વતન ટાંડા જી. ફૈઝાબાદ ખાતે પોતાની બદલી કરાવી, એટલે મવ. પણ ટાંડા આવી સ્થાયી થયા અને લગભગ ૧૨ વર્ષ ની ઉંમર સુધી ત્યાં જ રહી પ્રાથમિક તા'લીમ હાસિલ કરી.

૧૩ વર્ષની ઉંમરે આપના વાલિદ સાહેબે વધુ તા'લીમ માટે દેવબંદ મોકલવાનું નકકી કર્યુ. દારુલ ઉલૂમ દેવબંદમાં આપના બે ભાઈઓ મવ. મુહંમદ સિદ્દીક (રહ.) અને મવ. સૈયદ અહમદ (રહ.) પહેલેથી જ ત્યાં પઢતા હતા. સફર ૧૩૦૯ હિ.માં આપ દારુલ ઉલૂમ દેવબંદમાં દાખલ થઈ ગયા. દેવબંદનું ઈલ્મી વાતાવરણ આપને ઘણું પસંદ આવ્યું અને રમત ગમતનો બધો શૌખ પડતો મૂકી આપ ઈલ્મ શીખવામાં સંપૂર્ણ પણે લાગી ગયા. એક તરફ ભાઈઓ ની બરાબર દેખરેખ, બીજી તરફ પોતાનો શૌખ અને મેહનતના કારણે ઘણા જલ્દી ઉસ્તાદ સાહબો ની નઝરમાં પણ મકબૂલ થવા લાગ્યા.

હઝરત શૈખુલ હિન્દ (રહ.) તે સમયે ઉપલા વર્ગોની કિતાબો પઢાવતા હતા, છતાં આપને અમુક શરૂઆતની તથા મધ્યમ વર્ગોની કિતાબો પઢાવી અને એ રીતે શૈખુલ હિન્દ (રહ.)ની શફકત અને

મુહબ્બત આપના તરફ વધવા લાગી અને આપને પણ પોતાના ઉસ્તાદ શૈખુલ હિન્દ (રહ.) થી ઘણો જ લગાવ અને મુહબ્બત થઈ ગયાં હતાં.

શાબાન ૧૩૧૬ હિ.માં આપના વાલિદ સાહેબે મદીનહ મુનવ્વરા હિજરત કરવાનો ઈરાદો કર્યો અને પોતાના ત્રણેવ દીકરાઓને પણ સાથે લઈ જવાનું નકકી કર્યું. એટલે ત્રણેવ ભાઈઓ શાબાનમાં દારુલ ઉલૂમથી રજા લઈ ઘરે આવી ગયા. એ ભાઈઓને અલવિદાઅ કહેવા આવનારાઓમાં શૈખુલ હિન્દ (રહ.) પોતે પણ હતા. તેઓ દેવબંદ સ્ટેશન સુધી પગપાળા ચાલી સાથે તશરીફ લાવ્યા અને ઘણી તાકીદ સાથે મશ્વેરો આપ્યો કે તા'લીમ આપવાના કામમાં જરાપણ ગફલત કે ઢીલ કરશો નહી, ભલે એક અથવા બે તાલિબે ઈલ્મ હોય.

મદીના મુનવ્વરહ પહોંચ્યા બાદ ઉસ્તાદ સા. ની નસીહત પ્રમાણે તા'લીમ આપવાનું શરૂ કર્યું. શરૂ શરૂમાં થોડીક તકલીફ પડી, કારણ કે અરબી વાતચીતનો હજુ મહાવરો થયો ન હતો, પરંતુ થોડાક સમયમાં જ એમણે કાબૂ મેળવી લીધો અને ધીમે ધીમે આપના સબકોનો વિસ્તાર થવા લાગ્યો. અરબ તથા હિન્દના તલબા ઉપરાંત અન્ય ઈસ્લામી દેશોના તલબા તથા ઈલ્મ પ્રેમીઓ આપના દર્સમાં શામિલ થવા લાગ્યા અને આપે ઘણા વર્ષો મદીનહ શરીફમાં તા'લીમી કામ કર્યું. એ દર્મિયાન એમણે હિન્દુસ્તાનના સફર પણ કર્યા, પરંતુ મદીના શરીફનો સંબંધ ચાલુ રહયો.

૧૩૩૩ હિ.માં હઝરત શૈખુલ હિન્દ (રહ.) એ હજ્જ માટે અને અમુક સિયાસી કામો માટે હિજાઝનો સફર કર્યો, ત્યારે મવ. હુસૈન અહમદ (રહ.) મદીનહ શરીફમાં જ હતા. હજ્જથી ફારિગ થઈ હઝ. શૈખુલ હિન્દ (રહ.) જયારે મદીનહ શરીફ પહોંચ્યા તો આપના ઘરે મહેમાન રહયા હતા.

અને હઝ. શૈખુલ હિન્દ (રહ.) જયારે બીજી હજ્જથી ફારિગ થયા અને આપની ધરપકડ કરવામાં આવી ત્યારે આપની સાથે મવ. હુસૈન અહમદ સાહેબે પોતે ધરપકડ વહોરી લીધી હતી અને પોતાના ઉસ્તાદની મોહબ્બત તેમજ ઊંડી લાગણીના કારણે આ પગલું ભર્યું હતુ અને કેદની પૂરી મુદત ઉસ્તાદે મુકર્રમની સાથે માલટાની જેલમાં રહયા હતા. ૨૦

રમઝાનુલ મુબારક ૧૩૩૮ હિ. મુતાબિક ૮ જુન ૧૯૨૦માં અંગ્રેજોએ આ ઉલમાને મુંબઈ લાવી છોડી મૂકયા.

હઝરત શૈખુલ હિન્દ (રહ.) ના શાગિર્દોમાં ઘણા મહાન આલિમો અને ફાઝિલો હતા, પરંતુ શૈખુલ હિન્દની સઘળી ઈલ્મી–રાજકીય, ઈસ્લાહી વિશેષતાઓ મવ. સય્યિદ હુસૈન અહમદ (રહ.)માં ભેગી થઈ હતી,અને એ રીતે આપ હઝરત શૈખુલ હિન્દના સહીહ જાંનશીન હતા.

માલટાની કેદ પહેલાં જ હઝ. શૈખુલ હિન્દ (રહ.)એ પોતાના વિચારોથી આપને જાણકાર કરી આપ્યા હતા. એ પહેલાં આપને આ અંગે વધારે ખબર ન હતી. માલટાથી પાછા આવ્યા પછી પણ છેલ્લે સુધી શૈખુલ હિન્દના પગલે ચાલતા રહ્યા.

દારુલ ઉલૂમ દેવબંદમાં હદીષ શરીફની અગત્યની સેવાની સાથોસાથ રાજકીય કામો બરાબર કરતા રહ્યા.

શૈખુલ હિન્દ (રહ.) ના કામને પૂર્ણ કરવા, દેશની આઝાદીની ચળવળમાં ભરપૂર ભાગ લીધો, કોંગ્રેસમાં જોડાયા અને આખા દેશમાં અંગ્રેજી સરકાર વિરુદ્ધ તકરીરો કરી, જેથી આપ અંગ્રેજી સરકારની નજરમાં આવ્યા અને આપને ઘણીવાર જેલમાં જવું પડયું.

તસવ્વુફની તા'લીમ ઈમામે રબ્બાની હઝ. ગંગોહી (રહ.) થી શરૂ કરી અને તેમની ઈજાઝત અને મશ્વેરાથી હઝ. હાજી સા. (રહ.) થી પણ સંબંધ કેળવ્યો હતો. મદીનહ શરીફમાં સખત મુજાહદો ફરમાવતા રહયા અને જે કંઈ હાલાત પેશ આવતા, હઝ. ગંગોહી (રહ.) ને લખી મોકલતા હતા. ૧૩૧૮ હિ.માં હઝ. ગંગોહી (રહ.) નો પત્ર મળ્યો, જેમાં લખયું હતું :–

**"થોડાક દિવસ ગંગોહ આવી મને મળી જાવ તો સારૂં."**

આ વાંચી તંગી હોવા છતાં ગમે તે ભોગે હિન્દુસ્તાન આવવાનો વિચાર કરી લીધો. હજ્જથી ફારિગ થઈ મોટા ભાઈ મવ. સિદ્દીક સા. સાથે ગંગોહ આવી ગયા.

થોડોક સમય હઝરત ગંગોહીની સેવામાં રહયા ત્યારે હઝરત (રહ.) એ પોતાનો કુર્તો અને ઈજાર બન્નેવ ભાઈઓને અર્પણ કર્યાં. એમાં ટોપી તથા અમામો (પાઘડી) ન હતાં. એટલે કોઈ ભાઈએ ધીમી

અવાજે કહ્યું કે હઝ. નો હુકમ હોય તો અમે ખાદિમો અમામો લઈ આવીએ, જે આપ પોતાના મુબારક હાથે અમને આપો. હઝ. ગંગોહી એ સાંભળી ચૂપ રહ્યા અને બન્નેવ ભાઈઓ હઝ. ગંગોહીએ આપેલી જોડી લઈ આભાર માની આવી ગયા.

થોડાક સમય પછી ફરી બન્નેવ સા.ને બોલાવવામાં આવ્યા, અને ફરમાવ્યું કે પોત પોતાના અમામા લઈને આવો. હઝ. ઈમામે રબ્બાની (રહ.) પોતાના મુબારક હાથે બન્નેવના માથે બાંધી આપ્યા અને પૂછયું કે તમે જાણો છો કે આ શું છે.? મવ. સિદ્દીક સાહેબે ફરમાવ્યું કે "દસ્તારે ફઝીલત" હઝરતે ફરમાવ્યું , નહીં "દસ્તારે ખિલાફત છે". ઈમામે રબ્બાનીએ પોતાની ઝબાન અને અમલ થી જે રીતે ખિલાફત આ બન્નેવ ભાઈઓને આપી, એવી બીજા કોઈ ખલીફાઓને આપી નથી અને કેમ ન હોય કે હઝરત મવ. હુસૈન અહમદ મદની સા. (રહ.) મુહાજિરે મદીનહ અને બતહાના પૈયગંબરના પડોશી હતા. આપનો દર્સ મસ્જિદે નબવી (રહ.) માં થતો ત્યારે શામી તથા યમની ઉલમા વિગેરે પણ આપના દરજા ઉપર પહોંચી શકતા નહી.

આપ ઈલ્મના પહાડ હતા. વર્ષો સુધી હદીસ શરીફના સબકો પઢાવ્યા, છતાં અજીબ નમ્રતા , સેવાભાવના, મહેમાન નવાઝી વિગેરે ગુણોના માલિક હતા.

આપે ૧૩૩૯ હિ.માં મદ્રસા આલિયહ કલકત્તામાં સદર મુદર્રિસ તરીકે તથા જામિઅહ ઈસ્લામિય્યહ સીલહટમાં પણ શૈખુલ હદીષ તરીકે સેવા આપી છે. જયાં આપ ૧૩૪૫ હિ. સુધી રહ્યા હતા.

અલ્લામા અનવર શાહ કાશ્મીરી જયારે ડાભેલ ચાલ્યા આવ્યા ત્યારે આપને દારુલ ઉલૂમ દેવબંદના સદર મુદર્રિસ તરીકે બોલાવવામાં આવ્યા હતા. ૧૩૪૫ હિ. થી ૧૩૭૭ હિ. સુધી (બત્રીસ વર્ષ) દારુલ ઉલૂમ દેવબંદના સદર મુદર્રિસ તથા નાઝિમે તા'લીમાત રહયા. લગભગ ૪૪૮૩ તલબાઓએ આપનાથી બુખારી શરીફનો સબક પઢયો છે.

આપ જમઈય્યતે ઉલમા એ હિન્દના અનેકવાર સદર બન્યા અને દેશની આઝાદી માટે મહાન કુર્બાનીઓ આપી.

તકવા, તહારત, સુન્નતની પેરવીમાં મિસાલી જીવન હતું. લાખો

ઈન્સાનોને આપથી ફૈઝ પહોંચ્યો.

હઝરત મદની (રહ.) દીની ઈલ્મમાં ઉચ્ચ સ્થાન ધરાવતા હતા. સાથોસાથ ઈતિહાસ તથા આંતરરાષ્ટ્રીય રાજકારણ પર પણ બારીક નજર રાખતા હતા, બલકે રાજકારણના ઉંડા અભ્યાસુ હતા.

અરબી ભાષા અરબોના લેહજામાં બોલતા હતા. કુર્આન મજીદ પઢવામાં એવું દર્દ હતું કે કેટલીવાર સાંભળનાર રડી પડતા.

રાત્રે વહેલા ઊઠી તહજજુદમાં જે રીતે રડી રડી દુઆઓ કરતા તેવા ઘણા ઓછા આલિમો જોવા મળે છે.

એકવાર મવ. ઈલ્યાસ સા.(તબ્લીગી જમાઅતના બાની)એ મવ. ઝહીરુલ હસન (એમ. એ.) ને જઝબની હાલતમાં કહ્યું "મિયાં ઝહીર, મવ. હુસૈન અહમદકો પહેચાના નહીં, ખુદાકી કસમ ઉન્કી રૂહાની તાકત ઈસ કદર બળ્હી હૂઈ હૈ કે અગર વહ ઈસ તાકત સે કામ લે કર અંગ્રેઝ કો હિન્દુસ્તાન સે બાહર નિકાલના ચાહેં તો નિકાલ સકતે હૈં. લેકિન ચૂં કે યહ આલમે અસ્બાબ હૈ ઈસ લિયે ઉન્કો ઐસા કરને સે મના કર દિયા હૈ."

હઝરત મદની પોતાના નામ સાથે હંમેશ " નંગે અસ્લાફ" લખતા હતા. એમાં કોઈ પણ જાતની બનાવટ કે તકલ્લુફ ન હતો. આપ પોતાને એવું જ સમજતા રહયા.

આપ ઘણીવાર દર્દભરી રીતે અરબીનો આ શેઅર પઢતા હતા.

**ઝહબલ લઝીન યુઆશુ ફી અકનાફિહિમ**
**બકીય લ્લઝી હયાતુહુમ લા તનફઉ**

**અર્થાત :–** "તે લોકો તો ચાલ્યા ગયા, જેમના છાયડાંમાં જીવન પસાર કરવામાં આવતું હતું અને હવે એવા લોકો રહી ગયા છે, જેમનું જીવન કશા કામમાં આવતું નથી."

કદી ફારસી અને કદી હિન્દી ના દોહા દર્દભર્યા સ્વરે પઢતા હતા.

મહેમાન નવાઝીમાં તો હઝ. મદની ઘણા જ આગળ હતા. તેઓ મેહમાનો સાથે જે નમ્રતાનો વર્તાવ કરતા તે નિહાળીને અરબ કવિનો આ શેઅર યાદ આવી જતો :

**ઈન્ની લઅબદુ ઝઝયફે માદામ નાઝિલન**
**વમા શિબ્હતુન લી ગયરહા તશબ્બુહલ અબદિ**

જયાં સુધી મહેમાન મારા ઘરે રહે હું મહેમાનોનો ગુલામ છું. જીવનનો ફકત આ જ એવો મોકો છે જેમાં હું ગુલામ દેખાઉ છું.

મતલબ કે ઉચ્ચ માનવ મૂલ્યોથી શણગારાયેલ આપનું વ્યકિતત્વ હતું. રાજકીય મતભેદોના લઈ અમુક બદ –નસીબ લોકોએ મવ. (રહ.) ને ભાંડવા તથા આપને તકલીફો પહોંચાડવામાં કંઈ કસર રાખી ન હતી, પરંતુ આપે એ સૌને માફ કરી આપ્યા હતા.

જે લોકોએ મવ. મદની (રહ.)ને સવારની નમાઝમાં કુનૂતે નાઝિલહ પઢતા સાંભળ્યા છે, તેઓ ગવાહી આપશે કે મવ. જયારે કુનૂત પઢતા તો એમ લાગતું કે દીવાલ ફાટી જશે.

ઉમ્મતના આ મહાન મોહદ્દિસ, આઝાદીની ચળવળમાં ફકત અલ્લાહને રાજી કરવા માટે જોડાયા હતા. આઝાદી પછી જયારે આપને રાષ્ટ્ર પ્રમુખ તરફથી ખિતાબ આપવામાં આવ્યો તો આપે આભાર સહિત પરત કરી દીધો હતો.

દેશની આઝાદી પછી જીવનની છેલ્લી ઘડી સુધી મુસલમાનો ની તકલીફો દૂર કરવા, એમની દીની ઈસ્લાહ કરવાના કામમાં લાગી ગયા હતા. હઝારો ઈન્સાન આપથી બયઅત થઈ સીધા રસ્તા ઉપર આવી ગયા હતા.

આપના જીવનચરિત્ર અંગે જુદા જુદા આલિમોએ મોટી મોટી કિતાબો લખી છે.

૧૨ જમાદિલ ઉલા ૧૩૭૭ હિ. મુતાબિક ૫ ડિસમ્બર ૧૯૫૭ ઈ.માં દેવબંદમાં વફાત થઈ અને પોતાના પ્રાણ પ્યારા ઉસ્તાદ હઝ. શૈખુલ હિન્દ (રહ.)ની કબર પાસે દફન થયા.

અલ્લાહુમ્મ અમતિર અલયહિ શઆબીબ રિઝવાનિક વ રહમતિક, આમીન !

વધુ વિગત માટે વાંચો "નકશે હયાત"–"હયાતે શૈખુલ ઈસ્લામ" (ફરીદુલ વહીદી)– " શૈખુલ ઈસ્લામ કે હૈરત અંગેઝ વાકિઆત" – "બીસ બળે મુસલમાન" તથા અલ જમઈય્યતનો "શૈખુલ ઈસ્લામ નંબર" – "પુરાને ચિરાગ" (મવ. નદવી) વિગેરે.

# મવ. અનવારુલ્લાહ હૈદરાબાદી (રહ.)

મવ. અનવારુલ્લાહ ઈબ્ને મવ. શુજાઉલ્લાહ હનફી (રહ.) જી. નાંદેળના કંદહાર નામી કસ્બામાં ૪ રબીઉલ આખર ૧૨૪૬ હિ.માં પૈદા થયા હતા.

કુર્આન હિફઝ તથા પ્રાથમિક ફારસી – અરબી કિતાબો પોતાના જ શહેરમાં પઢી. પછી શૈખ અબ્દુલ હલીમ અન્સારી (રહ.) અને તેમના ફરઝંદ શૈખ અબ્દુલહય લખનવી (રહ.) પાસે રહી ફૈઝ હાસિલ કર્યો. શૈખ અબ્દુલ્લાહ યમની (રહ.)થી તફસીર શીખી હતી.

તસવ્વુફ અને સુલૂકની તા'લીમ પ્રથમ પોતાના વાલિદ સા.થી હાસિલ કરી અને તેમનાથી ઈજાઝત પણ મેળવી. ઘણા ઈલ્મોમાં મહારત પેદા કરી, નોકરી શરૂ કરી હતી.

૧૨૯૪ હિ.માં હજ્જની સફરે રવાના થયા અને ત્યાં શૈખે કબીર હઝ. હાજી સા. (રહ.)થી મળ્યા અને તેમના હાથ ઉપર પણ બૈઅત લીધી. સુલૂકની તા'લીમ પૂરી કર્યા બાદ હાજી સા. તરફથી પણ ઈજાઝત મળી હતી.

૧૨૯૫માં હિ.માં નવાબ મહબૂબ અલીખાંના ઉસ્તાદ નકકી થયા અને ૧૩૦૧ હિ.માં એમને ખાન બહાદુરનો ખિતાબ મળ્યો. આ વર્ષ બીજીવાર હજ્જ માટે ગયા. ત્રીજીવાર ૧૩૦૫ હિ.માં હજ્જનો સફર કર્યો અને ત્રણ વર્ષ સુધી મદીનહ મુનવ્વરહમાં રહયા. ૧૩૦૮ હિ.માં હૈદરાબાદ પાછા ફર્યા અને વલી અહદ મીર ઉસ્માન અલીખાંના ઉસ્તાદ નીમાયા.

૧૩૨૯ હિ.માં જયારે નિઝામ મહબૂબ અલીખાંની વફાત થઈ અને તેમની જગ્યા પર મીર ઉસ્માન અલીખાં આવ્યા તો એમને ઈહતિસાબનું ખાતું સોંપવામાં આવ્યું. ૧૩૩૨ હિ.માં વકફ ખાતું સોંપવામાં આવ્યું અને આપને નવાબ ફઝીલત જંગનો ખિતાબ મળ્યો હતો.

આપનું ઘણું માન હતું. દીની અને શરીઅતના મામલામાં આપની વાતને અહમિયત દેવામાં આવતી હતી.

ઘણા ઈબાદત ગુઝાર, વાંચનનો શૌક ધરાવનાર, કિતાબો લખવા અને પઢાવવામાં મગ્ન રહેતા હતા. બિદઅતથી નફરત કરતા અને સુન્નતોની તા'લીમ આપતા હતા.

કસરત પણ છેલ્લે સુધી કરતા રહયા. બીમારોની ખબર લેવા જતા હતા. જનાઝામાં પણ ભાગ લેતા હતા, માલ દૌલત તરફ ધ્યાન આપતા ન હતા. ફુઝૂલ વાતોથી હંમેશા બચતા હતા. અડધી રાત સુધી " ફુતૂહાતે મકકિયહ" નું વાંચન કરતા હતા. ઈબ્ને અરબી (રહ.) થી ઘણી અકીદત હતી. સારી કિતાબો ભેગી કરવાનો ઘણો શૌક હતો.

અરબી તથા ઉર્દૂમાં ઘણી કિતાબો લખી, તેમાં " ઈબાદતુલ અફહામ" (ર ભાગ) રદ્દે કાદયાનિયત માં ઘણી સારી કિતાબ છે. કિતાબુલ અકલ, હકીકતુલ ફિકહ અને અનવારે મુહંમદી પણ છે. આ કિતાબ વાંચી રસૂલુલ્લાહ (સ.અ.વ.)ના આશિકોના દિલ યાદે રસૂલ (સ.અ.વ.) માં તડપવા લાગે છે. આપની કિતાબોથી ઈમાન તાજું થઈ જાય છે.

જમાદિલ ઉખરા ૧૩૩૬ હિ.માં વફાત થઈ. પોતાના સ્થાપેલા મદ્રસા નિઝામિય્યહમાં દફન કરવામાં આવ્યા.રહિમહુ લ્લાહુ રહમતન વાસિઅતન.

## હકીમુલ ઉમ્મત હઝ. મવ. અશરફ અલી થાનવી (રહ.)

હઝ. મવ. અશરફ અલી થાનવી (રહ.) નો જન્મ તારીખ પ જમાદીલ ઉખરા ૧૨૮૦ હિ. ના થાનાભુવન જી. મુઝફફરનગર (યુ.પી.) માં થયો હતો. તે સમયના એક મજઝૂબ હાફિઝ ગુલામ મુર્તઝા સા. પાનીપતીએ મવ. ના જન્મ પહેલાં જ બશારત આપી હતી કે આ છોકરીને બે પુત્રો જન્મશે. એકનું નામ અશરફ અલી રાખશો અને બીજાનું અકબર અલી. બન્ને બાળક સારા નસીબવાળા થશે. એક છોકરો આલિમ થશે. બીજો દુન્યાદાર બનશે.

પાંચ વરસની નાની વયે આપની વાલિદહ (માતા) નો ઈન્તિકાલ થઈ ગયો હતો પરંતુ એમના વાલિદ સાહબે ઘણી જ કાળજી અને મુહબ્બતથી એમની દેખરેખ રાખી અને એમની તર્બિયત પણ ઘણી જ

નરમી સાથે કરતા રહયા.

રમઝાન શરીફના મહિનામાં જયારે કુર્આન મજીદ ખત્મ થાય છે, ત્યારે સામાન્ય રીતે મસ્જિદોમાં મીઠાઈ વિગેરે વહેંચવામાં આવે છે. મોહલ્લાના બાળકો આવા સમયે એક બીજાથી વધુ ફાયદો મેળવવા કોશિશ કરે છે, પરંતુ આપના વાલિદ સા.ને આ રીતે મીઠાઈ માંગવું પણ પસંદ ન હતું. એટલે આવી બાબતો માટે આપને મસ્જિદમાં જવા દેતા ન હતા, બલકે તે દિવસે ઘરે જ સારી મીઠાઈ મંગાવી આપને ખવડાવતા અને સમજાવતા કે આ રીતે મસ્જિદમાં મીઠાઈ લેવા જવું બેઈઝઝતીની વાત છે.મતલબ કે નાનપણથી એમને સારા ગુણો શીખવવાનું શરૂ કર્યું હતું.

હઝ. મવ. બાળપણમાં પણ મહોલ્લાના છોકરાઓ સાથે રમત–ગમતમાં શામિલ થતા ન હતા. ઘરમાં જ રમ્યા કરતા, જેથી ખુદાપાકે આપને ખરાબ સંગ (સોબત) થી બચાવી લીધા.

બાળપણથી જ આપને નમાઝનો શૌક હતો. રમતમાં પણ જોડા વિગેરે ની સફ બનાવી એક જોડાને આગળ કરતા અને ફરમાવતા કે આ બધા નમાઝ પઢી રહયા છે. આથી નમાઝ સાથે એમને કેટલી મુહબ્બત હતી એ જાણી શકાય છે. શરૂમાં કુર્આન  મજીદની તા'લીમ આખુનજી સા. પાસે શરૂ કરી, જેઓ ખતોલી જી. મીરઠના રહેવાસી હતા. ત્યાર બાદ હાફિઝ હુસૈન અલી સા. મીરઠી પાસે કુર્આન મજીદ હિફઝ કર્યું.અરબીની શરૂની કિતાબો થાનાભુવનમાં જ મવ. ફતેહમુહંમદ (રહ.)થી હાસિલ કરી. ફરી દારુલ ઉલૂમ દેવબંદમાં દાખલ થઈ તા'લીમ સંપૂર્ણ કરી, આપ ૧૨૯૫માં પહેલીવાર દારુલ ઉલૂમ દેવબંદમાં દાખલ થયા અને ૧૩૦૧ હિ.માં ૧૯–૨૦ વર્ષની ઉંમરમાં આપ ફારિગ થઈ ગયા.

ફારસી ભાષા પણ ઘણી સારી રીતે શીખી હતી. ૧૮ વર્ષની વયમાં આપે મસ્નવી ઝેરો–બમ લખી હતી.

કિર્અતની તા'લીમ તે સમયના મશહૂર કારી મો. અબ્દુલ્લાહ મુહાજિર મકકી (રહ.) થી હાસિલ કરી. અવાજમાં એવું આકર્ષણ હતું કે જયારે આપ મશ્ક કરતા તો રસ્તે ચાલતા રાહદારીઓ થંભી જઈ

સાંભળવા લાગતા. ઘણીવાર એ નકકી કરવું મુશ્કેલ હતું કે ઉસ્તાદ પઢી રહયા છે કે શાગિર્દ પઢે છે. ?

એમ તો કહેવામાં આવે છે કે મહાનતા માટે ૯૯ % મહેનત કરવી પડે છે. ૧ % અર્પણ થાય છે,પરંતુ હઝરત થાનવી (રહ.) તે મહાન ઈન્સાનોમાં હતા કે જેમની અઝમત, સખ્ત મેહનતની આભારી ન હતી. હઝરત પોતે ફરમાવતા હતા કે મેં પઢવામાં વધારે મેહનત કરી નથી. જે કંઈ અલ્લાહ પાકે આપ્યું છે તે ઉસ્તાદો તથા બુઝુર્ગો સાથે અદબ તથા મુહબ્બત રાખવાના કારણે મળ્યું છે.

**ફરમાવતા કે :–**

અલહમ્દુલિલ્લાહ ! મેં મારા કોઈ વડીલ અને બુઝુર્ગને એક મિનિટ પણ નારાજ કર્યા નથી. મારા દિલમાં બુઝુર્ગોનો જેટલો અદબ છે, કદાચ આ જમાનામાં ઘણા ઓછા લોકોના દિલમાં આવો અદબ હશે.

આ અદબના કારણે ઉસ્તાદો પણ આપના સાથે એ જ રીતે મુહબ્બત તથા મહેરબાનીનો વર્તાવ કરતા હતા.

આપ સમયની ઘણી કદર ફરમાવતા હતા. તાલિબે ઈલ્મીના વખતમાં એક મિનિટ પણ બરબાદ કરવાનું પસંદ કરતા ન હતા. કોઈ સાથે બેસી ગપ્પા મારવાનું કે ફરવાનું પસંદ ન હતું. કોઈવાર કિતાબમાંથી થોડી ઘણી ફુરસત મળી જતી તો પોતાના પ્યારા ઉસ્તાદ હઝ. મવ.યાકૂબ સા. નાનૌતવી (રહ.) ની સેવામાં હાજર થઈ બેસી જતા હતા.

દેવબંદમાં આપના સગાં સંબંધીઓ પણ હતા, પરંતુ આપ કદી કોઈના ઘરે જતા ન હતા. ફારિગ થયા પછી સૌની સાથે મુલાકાત કરી હતી.

આપ નાનપણથી ઘણા હોશિયાર અને બુદ્ધિશાળી હતા. એટલે તા'લીમમાં પોતાના સાથીઓ કરતાં હંમેશ આગળ રહેતા. એકવાર હઝ. મવ. રશીદ અહમદ સા. ગંગોહી (રહ.) ઈમ્તિહાન લેવા માટે તશરીફ લાવ્યા. ત્યારે હઝરત શૈખુલ હિન્દ (રહ.)એ આપની હોશિયારી તથા સમજદારીના વખાણ કર્યા. હઝ. ગંગોહી (રહ.) એ આપને અમુક મુશ્કેલ સવાલો કર્યા, આપે જે જવાબો આપ્યા, તે સાંભળી હઝ. ગંગોહી (રહ.) ઘણા જ ખુશ થયા. આપનું વ્યકિતત્વ સાદગીસભર હતું. કોઈ

પણ જાતની ફેશન કે બનાવ શૃંગારનો શૌક ન હતો.

આપના ઉસ્તાદોમાં મવ. કાસિમ સા. નાનૌતવી (રહ.) હતા. આપે એમનાથી કાયદેસર તો કોઈ કિતાબ પઢી ન હતી, પરંતુ જલાલૈન શરીફના સબકમાં બરકત માટે કદી કદી હાજર થતા રહયા. હઝરત નાનૌતવી આપની સલાહિય્યત પારખી ગયા હતા, એટલે આપની સાથે મહેરબાની ફરમાવતા.

એકવાર નસીહત ફરમાવી કે જુઓ, એક તો પઢવું હોય છે,એક ગણવું. ફકત પઢવાનું બસ નથી, ગણવું પણ જરૂરી છે. ત્યાર બાદ એક વાર્તા કહી આ વાતને સ્પષ્ટ સમજાવી. આપના બીજા ઉસ્તાદોમાં મવ. યાકૂબ સા. નાનૌતવી (રહ.) તથા હઝરત શૈખુલ હિન્દ (રહ.)થી આપને ઘણા સંબંધ અને મુહબ્બત હતાં.

મવ. થાનવી (રહ.)એ તા'લીમના સમયે જ ફતવા લખવાનું તથા મુનાઝરાનું કામ સારી રીતે શીખી લીધું હતું.

હઝરત શૈખુલ હિન્દ (રહ.) ના અમુક રાજકીય વિચારોથી મવ. થાનવી (રહ.) સહમત ન હતા. છતાં તેમની અઝમત અને અદબમાં જરા પણ ઊણપ આવવા દેતા ન હતા. હઝ. શૈખુલ હિન્દ (રહ.) પણ પોતાના શાગિર્દના વિચારોથી વાકિફ હોવા છતાં તે જ રીતે મુહબ્બત ફરમાવતા.

દારુલ ઉલૂમ દેવબંદથી સનદ મેળવ્યા પછી કાનપૂરના મદ્રસા ફૈઝે આમમાં સફર ૧૩૦૧ હિજરીમાં મુદર્રિસ તરીકે નકકી થયા. ત્યાં આપના ઈલ્મ, તકવાની ઘણી ખ્યાતિ થઈ. હઝ. મવ. અહમદ હસન (રહ.) જેવા મહાન આલિમ પણ આપથી મુહબ્બત કરવા લાગ્યા, પરંતુ થોડીક મુદ્દત ત્યાં રહયા પછી મદ્રસા માટે ચંદો કરવા બાબત કમિટી સાથે મતભેદ ઉભો થતાં આપે ત્યાં રાજીનામું આપ્યું. ત્યાર બાદ દિલ્હી આવ્યા અને યુનાની હકીમ બનવા હકીમ અબ્દુલ મજીદ સા. થી તા'લીમ લેવા લાગ્યા. હકીમ સા. ઘણા મોભાદાર તથા ધનવાન હતા. કોઈની પરવા કરતા ન હતા. છતાં હઝરતના અખ્લાકથી પ્રભાવિત થયા અને આપની સાથે શફકત ફરમાવતા હતા.

બીજી તરફ કાનપૂરવાસીઓ આપની જુદાઈથી ઘણા ગમગીન થયા હતા, કારણ કે આપના વઅઝોથી આમ લોકોને ઘણો જ ફૈઝ પહોંચી

રહયો હતો. તેમણે આપને કાનપૂર પાછા ફરવા વિનંતીઓ કરી. હકીમ સા.થી રજા લઈ આપ ફરી પાછા કાનપૂર જવા તૈયાર થયા.

હઝરત હાજી ઈમદાદુલ્લાહ (રહ.) એ પોતાની રૂહાની તાકાતથી જાણી લીધું હતું કે મવ. થાનવી (રહ.)માં ઈલ્મી અને રૂહાની ભરપૂર સલાહિય્યતો છે, એટલે આપ બરાબર મવ. થાનવી (રહ.) ઉપર તવજ્જુહ ફરમાવતા હતા.

જયારે દિલ્હી છોડી કાનપૂર પઢવા–પઢાવવા જવા માટેની ખબર હઝ. હાજી સા. ને મળી તો લખ્યું કે :–

"હકીમી શીખવાનું છોડી કાનપૂર જઈ દીની કામોમાં મશગૂલ થવા અંગે ખબર જાણી તો ઘણી ખુશી થઈ. અલ્લાહ તઆલા આપની ખિદમતમાં બરકત આપે.આપની બરકતો અને ફૈઝથી સઘળા મુસલમાનોને ફાયદો પહોંચે. મેં પહેલા પણ આપને મશ્વેરો આપ્યો હતો કે દીનને ખૂબ જ મજબૂતીથી પકડવો જોઈએ. દુનિયા પોતે જ સારી રીતે ખિદમત માટે હાજર થશે. સારાંશ કે તમે લોકો, નબીઓના વારિસો છો. તમોને અલ્લાહ પાકે પોતાની મખ્લૂકની હિદાયત માટે પૈદા કરી મોટા દરજા આપ્યા છે. માટે આ હેતુઓનો ખ્યાલ સૌથી વધારે રાખવો જોઈએ."(મકતૂબે ઈમદાદ–૩)

હઝરત થાનવી (રહ.)નો તા'લીમનો ઢંગ પણ ઘણો સરસ હતો. પોતે મેહનત કરી સબકને સહેલામાં સહેલી રીતે સમજાવવાનું વિચારી લેતા. અને પછી એવી રીતે સમજાવતા હતા કે તલબાને કોઈ જાતની મુશ્કેલી માલમ પડતી નહી.

તલબાને ખાસ આ નસીહતો ફરમાવતા : (૧) સબક પઢવા પહેલા મુતાલઓ કરવો, એટલે કે જે સબક પઢવાનો છે તે જોઈ જવું , જેથી તેમાં જે સમજી શકયા અને જે વાત સમજી ના શકયા એની તાલિબે ઈલ્મને જાણ થઈ જાય.(મજહૂલ ઔર મઅલૂમમેં તમીઝ હો જાએ.) (૨) સબકને ઉસ્તાદ સામે બેસી બરાબર સમજે, સમજયા વગર બીજો સબક શરૂ ન કરે. જો ઉસ્તાદની તબીયત અથવા અન્ય કોઈ કારણસર સમય ન હોય તો બીજા સમયે સબકને સમજી લે. (૩) ઉસ્તાદથી સમજયા પછી પોતે ફરી એકવાર તેને બયાન કરી લે. બસ, આટલું કરવા

પછી કંઈ ફિકર કરે નહીં, ઈન્શાઅલ્લાહ ઈસ્તિઅદાદ પૈદા થઈ જશે અને બીજી એક વાત એ કરે કે રોજ થોડોક પાછલો સબક પણ પઢી લે.

હઝ. થાનવી (રહ.) ના શાગિર્દોમાં ઘણા નામાંકિત ઉલમા થયા છે. જેવી રીતે મવ. ઈસ્હાક બરદવાની (રહ.),(૨) મવ. મો. રશીદ કાનપૂરી, (રહ.)(૩)મવ. અહમદ અલી ફતેહપુરી (રહ.), (૪) મવ. સાદિકુલ યકીન (રહ.), (૫) મવ. ફઝલે હક બારાબંકી (રહ.), (૬) મવ. શાહ લુતફુર્રસૂલ સા. બારાબંકી, (૭) હકીમ મવ. મુહંમદ મુસ્તફા બીજનોરી ,(૮) મવ. સૈયદ ઈસ્હાક જોનપુરી સા., (૯) મવ. મઝહરુલ હક રામવી ચાટગામી, (૧૦) મવ. ઝફર અહમદ થાનવી (રહ.).

હઝરત થાનવી (રહ.) ફરમાવતા હતા, મને જેટલો આત્મ સંબંધ મારા શાગિર્દો સાથે છે એટલો મારા અકીદતમંદો સાથે નથી, કારણ કે શાગિર્દોથી તબીયત જેવી ખુલે છે તેવી અકીદતમંદોથી ખુલતી નથી.

હઝરત (રહ.) ને શરૂ થી બુઝુર્ગો સાથે મુહબ્બત અને અકીદત હતી. આપની મજલિસમાં અલ્લાહવાળાઓના હાલાત બયાન થતા રહેતા હતા. આપ ફરમાવતા કે "બુઝુર્ગોના હાલાત સાંભળવાથી પણ તબીયત પ્રભાવિત થાય છે.એમના નામોથી પણ  રૂહમાં તાજગી આવી જાય છે અને દિલમાં નૂર પૈદા થાય છે. આ લોકો અલ્લાહના આશિકો હતા. એવું બની શકે નહી કે એમના હાલાત પઢવામાં આવે અને દિલમાં અલ્લાહની મુહબ્બત પૈદા ન થાય".

અલ્લાહ તઆલાએ તે સમયના બુઝુર્ગોના દિલમાં પણ હઝરત થાનવી (રહ.)ની મુહબ્બત પૈદા કરી આપી હતી. હઝરત મવ. ખલીલ અહમદ સા. સહરાનપુરી (રહ.) ફરમાવતા હતા કે "મને અશરફથી તે સમયથી મુહબ્બત છે જયારે તેમને એની ખબર પણ ન હતી." શૈખુલ અરબ વલ અજમ હઝ. હાજી ઈમદાદુલ્લાહ (રહ.) આપના જન્મ પહેલાં હિજરત કરી મકકા શરીફ રહેવા લાગ્યા હતા, પરંતુ આપને તાલિબે ઈલ્મીના સમયમાં જ મકકા શરીફ બોલાવ્યા હતા.

હઝ. થાનવી (રહ.)એ હઝરત મવ. રશીદ અહમદ ગંગોહી (રહ.), મવ. ખલીલ અહમદ સા. (રહ.), હઝરત હાજી સૈયદ આબિદ (રહ.), મવ. યાકૂબ નાનૌતવી (રહ.) તથા મવ. અહમદ હસન કાનપૂરી,

મવ. સૈયદ અહમદ હસન અમરોહી (રહ.), મવ. શાહ મો. હુસૈન ઈલાહાબાદી (રહ.), મવ. અ.રહીમ રાયપૂરી(રહ.) અને હાજી મો. અનવર દેવબંદી (રહ.)થી સંબંધ રાખી ફૈઝ હાસિલ કર્યો. કુતુબુલ આલમ મવ. ફઝલે રહમાન ગંજ મુરાદાબાદી (રહ.) ની ખિદમતમાં પણ ગયા હતા. હઝ. સૂફી સુલયમાન લાજપૂરી (રહ.) મવ. શાહ અબુ અહમદ ભોપાલી (રહ.)ની પણ મુલાકાત તથા ઝિયારત ફરમાવી હતી.

પરંતુ આપને સૌથી વધારે ફૈઝ હઝ. હાજી સા. મુહાજિર મકકીથી પહોંચ્યો હતો. હઝરત હાજી સાહેબે આપને ઘણી બાતેની નેઅમતોથી નવાઝયા હતા. એટલે જ આપ ખાનકાહે ઈમદાદિય્યહ થાનાભુવનમાં હાજી સા. (રહ.) ના જાંનશીન બન્યા હતા.

હઝરત થાનવી (રહ.) ને અલ્લાહ તઆલાએ તફસીર, હદીષ, ફિકહ, ઉસૂલ વિગરે ઈલ્મોમાં ઉચ્ચ દરજો આપ્યો હતો. તેની સાથે રૂહાનિય્યતમાં પણ કામિલ બનાવ્યા હતા. એક તરફ વઅઝો મારફત ઈસ્લાહ ફરમાવતા તો બીજી તરફ કિતાબો લખી લખીને મખલૂકની ઈસ્લાહ ફરમાવતા.

તસવ્વુફ અને સુલૂકમાં નો નિઃશંક આપ પોતાના સમયના મુજદ્દિદ હતા. હઝારો ઈન્સાનોનો રૂહાની ઈલાજ ફરમાવી તેમની જિંદગી શરીઅતના પ્રમાણે બનાવી આપી હતી. દર્સ–તદરીસ, ઈસ્લાહી વઅઝો, ઈસ્લાહી મજલિસો, દરરોજ ના ૫૦–૬૦ કાગળોના જવાબો, ખાનગી કામોની સાથોસાથ ૯૫૦ કિતાબો લખી ઉમ્મતને ભેટ ધરી ગયા હતા. મોટી મોટી સાધન સામગ્રી તથા મોટા સ્ટાફ વાળી એકેડમી જે કામ કરી શકતી નથી તે કામ થાનાભુવનની ખાનકાહના નાનકડા રૂમમાં બેસી કરી ગયા છે.

હઝરત થાનવી (રહ.) પોતાના મુરીદોને ઝિક્ર અઝકાર કરતાં વધારે અખ્લાક, મામલાત તથા રહેન–સહેનમાં ઈસ્લામી તરીકા અપનાવવા ઉપર ભાર આપતા હતા.

એમના એક ખલીફાએ થાનાભુવન આવતી વેળા પોતાના ૧૪ વર્ષ ના છોકરાની અર્ધી ટીકીટ લીધી. જયારે હઝ. ને એની જાણ થઈ તો નારાજ થઈ તુરત ખિલાફત પાછી ખેંચી લીધી હતી.

સમયની પાબંદી, દરેક કામની વ્યવસ્થા તથા કોઈને પણ તકલીફ ન આપવું એ આપના ખાસ સિદ્ધાંત હતાં.

ઘણા જ ખુદ્દાર અને નીડર માણસ હતા. ગમે તેવા ચમરબંદીની પણ શેહ–શરમ વિના હક (સત્ય) વાત કહી દેતા હતા.

નવાબો, જાગીરદારો, શિક્ષિતો બધા જ આપની મર્યાદા જાળવતા હતા.

પોતાના સમયના ધુરંધર આલિમો, ફાઝિલો આપની સામે શાગિર્દોની જેમ બેસતા અને પોતાની ઈલ્મી પ્યાસ બૂઝાવતા.

રાજકારણથી સૂગ હતી, પરંતુ મુસલમાનોની હમદર્દીથી આપનું દિલ ભરપૂર હતું. પોતાના વિરોધીઓ સાથે પણ સારો વર્તાવ કરતા. દરેકને તેના દરજા પ્રમાણે ઈઝઝત આપતા.

આપની ખાનકાહથી હઝારો ઈન્સાનોની  ઈસ્લાહ થઈ હતી અને આપની કિતાબોથી આજે પણ દુનિયાભરમાં ફૈઝ પહોંચી રહયો છે. આપના સેંકડો ખલીફા દુનિયાભરમાં ફેલાઈ, ઈસ્લાહી કામોમાં લાગી ગયા છે અને આજે પણ એ સિલસિલો ચાલુ છે.

આ નાનકડી ચોપડીમાં મવ. થાનવી (રહ.) વિષે વધુ લખી શકાય એમ નથી. એમના જીવન વિષે જાણકારી મેળવવા "અશરફુસ્સવાનિહ" "સીરતે અશરફ" – "નુકૂશો તઅસ્સુરાત" – "કમાલાતે અશરફિય્યહ" "૨૦ બળે મુસલમાન" વિગેરે કિતાબો વાંચો.

હજરતના ખુતબાત અને મલફૂઝાત અનેક ભાગોમાં પ્રગટ થઈ રહ્યા છે, જે વાંચવાથી ઘણો જ લાભ થશે.

તા. ૧૬ રજબ ૧૩૬૩ હિ. ના આ ફાની જગત છોડી ગયા અને હાફિઝ ઝામિન શહીદ (રહ.) ની પાસે થાનાભુવનમાં દફન થયા. રહિમહુલ્લાહુ રહમતન વાસિઅતન.

## મવ. હકીમ અબ્દુલહય અલ–હસની લખનવી (રહ.)

મવ. હકીમ સૈયદ  અબ્દુલ હય (રહ.) નો જન્મ ૧૮ રમઝાનુલ મુબારક ૧૨૮૬ હિ. મુતાબિક ૨૨ ડિસેમ્બર ૧૮૬૯ ઈ.માં રાયબરેલી શહેરની બહાર શાહ અલમુલ્લાહ (રહ.) ના  મુકામે થયો હતો. આપનો

નાનપણનો સમય દાઈરા શાહ અલમુલ્લાહ અને હસવા જી. ફતેહપૂરમાં પસાર થયો હતો. સદભાગ્યે એમના કુટુંબને બન્નેવ શાખાઓનો સંબંધ નકશબંદી તથા મુજદ્દિદી સિલસિલા સાથે રહયો છે અને બન્નેવ જગ્યાએ બે મહાન મુરબ્બીઓ અને શૈખ હતા.

હસવામાં હઝરત શાહ અબૂ સઈદ સા. દેહલવી (રહ.) ના મહાન ખલીફા મવ. અબ્દુસ્સલામ (રહ.) વાસેતી હતા, જેઓ આપની વાલિદહના સગા પિત્રાઈ હતા અને દાઈરા શાહ અલમુલ્લાહ રાયબરેલીમાં શાહ ઝિયાઉદ્દીન (રહ.) હતા, જે આપના વાલિદ સા. ના સગાઈમાં મામા થતા હતા અને એમના પીરભાઈ પણ હતા.

પ્રથમ ખાનદાનના બુઝુર્ગોથી ઈલ્મ હાસિલ કર્યો. તે ઉપરાંત મવ. અમીર અલી સા., મવ. અલતાફ સા., મવ. ફતેહ મુહંમદ નાઈબ સા., મવ. અહમદ શાહ વિલાયતી સા.,મવ. ફઝલુલ્લાહ સા. અને મવ. મુહંમદ નઈમ ફિરંગી મહલ્લી સા. ના નામો જોવા મળે છે.એમની પાસે તા'લીમ પૂર્ણ કર્યા પછી ભોપાલની સફર કરી. ત્યાં મવ. કાજી અબ્દુલહક સા.થી બાકી કિતાબો પઢી અને મવ. શૈખ હુસૈન બિન મુહસિન અન્સારી (રહ.)થી હદીષ શરીફના સબકો લીધા. એમના પાસે એમણે બુખારી શરીફ, સહીહ મુસ્લિમ શરીફ, તિર્મિઝી શરીફ અને અબૂ દાઉદ શરીફ શરૂથી છેલ્લે સુધી પઢી, તેમ જ નસાઈ શરીફ, ઈબ્ને માજહ શરીફ, મુસ્નદે દારમી તથા મિશ્કાત શરીફ પણ સાંભળી.

ઉસ્તાદો અને મશાઈખની એક ખાસ મજલિસમાં શૈખ સાહેબે એમને છેલ્લો સબક પઢાવી સનદ આપી અને સઘળા ઈલ્મોમાં મૌખિક તથા લેખિત ઈજાઝત પણ આપી.

આ મજલિસ સને હિજરી ૧૩૧૨ મુતાબિક સને ઈસ્વી ૧૮૯૪માં થઈ હતી.

આપને મવ. ફઝલે રહમાન ગંજ મુરાદાબાદી (રહ.), મવ. સૈયદ નઝીર અહમદ દેહલ્વી (રહ.) તથા કારી અબ્દુર્રહમાન મોહદ્દિસ (રહ.) તરફથી પણ ઈજાઝત મળી હતી. યુનાની તિબ્બ હકીમ અ. અલી સા. પાસે શીખ્યા હતા.

મવ. અબ્દુલહય સા. પોતાના સસરા હઝ. શાહ ઝિયાઉન્નબી

અને વાલિદ સા. હકીમ સૈયદ ફખરુદીન તથા હકીમ અમીનુદીન (ખલીફા હઝ. મવ. અ.સલામ સા.) થી ચારેવ સિલસિલામાં ખિલાફત મેળવી હતી.

હઝ. હાજી સા.(રહ.) થી કાગળ લખી બયઅતે ઉસ્માની કરી ઈજાઝત મેળવી હતી. હાજી સાહેબે એમને પોતાના પત્રમાં ઘણા ઉચા શબ્દોમાં સંબોધ્યા છે.

''બખિદમતે સરાપા બરકત મૌલ્વી અબુલ બરકાત મો. અબ્દુલહય અલ–હસની,નવ્વરલ્લાહુ કલબહુ બિ નૂરે મઅરિફતિહી વ મહબ્બતિહી'' જેવા શબ્દોથી પત્ર શરૂ કર્યો છે.

મવ. અબ્દુલહય સા. હકીમી મતબ કરતા હતા. પછી લાંબી મુદત સુધી તેઓ નદવતુલ ઉલમા લખનૌના નાઝિમ રહયા હતા. ૩ એપ્રિલ ૧૯૧૫થી જીવનની છેલ્લી ઘડી સુધી નદવાનું કામ કરતા રહ્યા. એમણે ઘણી સુધારણા કરી અને કામને આગળ વધાર્યુ હતું.

મવ. અબ્દુલહય સા. ઘણા સારા લેખક પણ હતા. એમની કિતાબોમાં ''યાદે અય્યામ'' (ગુજરાતની ઈલ્મી તારીખ) –''ગુલે રઅના'' – ''તલખીસુલ અખબાર'' – ''મુનતહલ અફકાર'' – ''કિતાબુલ ગિના'' ''કરાબા દીન'' – ''અરમગાને અહબાબ'' – ''શર્હે સબઅ મોઅલ્લકા'' ''રયહાનતુલ અદબ'' – ''તાલીમુલ ઈસ્લામ'' વિગેરે કિતાબો છે. એ સિવાય પણ એમણે ૧૪૦૦ વર્ષના ભારતના ઉલમા અને મશાઈખના જીવનચરિત્ર આઠ ભાગમાં અરબી ભાષામાં ''નુઝહતુલ ખવાતિર'' નામે લખી છે તથા ઈસ્લામી ઉલૂમ વ ફુનૂન હિન્દુસ્તાનમાં જે અસલ અરબીમાં ''અસ્સકાફતુલ ઈસ્લામિય્યહ ફીલ હિન્દ'' નામે દમાશકમાં છપાઈ છે. આ બન્નેવ કિતાબોમાંથી એમની ખ્યાતિ આખા અરબ જગતમાં પહોંચી ગઈ છે. હિન્દુસ્તાનના આલિમો અંગે આવી કોઈ કિતાબ આ પહેલાં લખવામાં આવી ન હતી.

એમના ફરઝંદોમાં મવ. હકીમ ડો. અ. અલી સા. .(રહ.) તથા મુફકિકરે ઈસ્લામ હઝરત મવલાના અબુલ હસન અલી મિયાં નદવી સા. છે, જેમની કલમે ૭૦ થી વધુ અરબી અને લગભગ એટલી જ ઉર્દૂ કિતાબો લખાઈ ચૂકી છે.

હકીમ અબ્દુલહય સા. નો ઈન્તિકાલ ૧૬ જમાદિલ ઉખરા ૧૩૪૧ હિ. મુતાબિક ૩ ફેબ્રુઆરી ૧૯૨૩માં ફકત ૫૫ વર્ષની ઉમરમાં થઈ ગયો હતો.

હઝરત શાહ અલમુલ્લાહ (રહ.) ની કબર પાસે દફન કરવામાં આવ્યા હતા.

આપના જીવન વિષે "હયાતે અબ્દુલહય" વાંચવી જોઈએ, જેમાં વિગતે એમના કામો તથા જીવનપ્રસંગો લખવામાં આવ્યા છે.

## મવ. સૈયદ અમીર હમઝા (રહ.)

મવ. સૈયદ અમીર હમઝા (રહ.) માતા–પિતા બન્નેવ તરફથી સાદાત કુટુંબના હતા. આપના કુટુંબના બુઝુર્ગોમાં હઝરત જહાંનીયાં જહાંગશ્ત (રહ.) અને હઝરત સૈયદ જલાલ બુખારી (રહ.)હતા. આપના વાલિદ પણ સૂફી હતા, જેમની સોહબત અને નસીહતોથી ઘણા રાહભૂલેલા સુધરી ગયા હતા. એમના તકવા અને દયાનતદારીની સર્વત્ર ચર્ચા હતી. સૈયદ અમીર હમઝાનો જન્મ ૧૨૭૭ હિ.માં દિલ્હીમાં થયો હતો. સૌ પ્રથમ કુર્આન મજીદ હિફઝ કર્યુ, પછી ફારસી કિતાબો પઢી. સરકારી સ્કૂલમાં મેડલ પાસ કરી, ત્યાર બાદ દીની તા'લીમનો શૌક થયો એટલે લખનૌ પહોંચ્યા. ત્યાં મવ. અબ્દુલહય (રહ.) તથા શૈખ ફઝલુલ્લાહ સા. (રહ.) થી ઈલ્મ હાસિલ કરતા રહયા. કાનપૂરમાં મવ. અબ્દુલહક (રહ.) થી પણ કિતાબો પઢી હતી.

૧૩૦૦ હિ.માં મવ. અબ્દુલ અલીમ "બહરુલ ઉલૂમ" થી પણ ફૈઝ હાસિલ કર્યો. સને હિજરી ૧૩૦૨માં ગંગોહ મવ. રશીદ અહમદ ગંગોહી (રહ.) ની સેવામાં હાજર થયા અને હદીષ શરીફ પઢી સનદ મેળવી હતી.

ત્યાર બાદ મકકા શરીફની સફર કરી હઝ. હાજી સા. (રહ.)થી સુલૂકની તા'લીમ શરૂ કરી અને ઈજાઝત પણ હાસિલ કરી.

અમુક વર્ષ હિન્દુ કોલેજના પ્રોફેસર પણ રહયા હતા, પરંતુ તબીયત આઝાદ હતી, નોકરીના બંધનમાં રહી શકયા નહી એટલે ઘર બેસી તા'લીમી પ્રવૃત્તિઓ કરતા રહ્યા.

૪૮ વર્ષની ઉંમરે, ૪ રબીઉસ્સાની ૧૩૨૫ હિ.માં વફાત થઈ ગઈ. તેઓ અરબી, ફારસી, ઉર્દૂના ઉચ્ચ કક્ષાના કવિ પણ હતા.

એમના બે પુત્રો મવ. નાસિર જલાલી સા. અને મવ. હામિદ જલાલી સા. હતા. મવ. નાસિર સા. પણ ફારસી – અરબીના શાયર હતા તથા પ્રખર વકતા હતા. ઘણા રોજનામા–માસિકના તંત્રી રહી ચૂકયા છે. ખિલાફત – કોંગ્રેસની ચળવળમાં અગત્યનો ભાગ લીધો હતો, બલકે સ્થાપકોમાં હતા. ગામડે ગામડે ફરી લોકોમાં જાગૃતિ પેદા કરી હતી. ત્યાર બાદ મવ. મુહંમદ અલી જૌહરની સાથે કોંગ્રેસ છોડી મુસ્લિમ લીગમાં જોડાયા હતા. ઘણી તકલીફો વેઠી, માર ખાધો, પણ જે વાત સાચી લાગી તે કહેતા રહયા. એમના બીજા ભાઈ હામિદ સાહેબ પણ સારા ખતીબ અને અચ્છા કલમકાર હતા.

## હઝરત મવ. અબ્દુર્રહીમ રાયપૂરી (રહ.)

મવ. આશિક ઈલાહી (રહ.)એ લખ્યું છે કે આપનું મૂળ વતન અંબાલા જીલ્લાનું "તગરી" ગામ હતું, પરંતુ લાંબા સમયથી રાયપુર જી. સહરાનપુરમાં રહેઠાણ છે. આપની ઝાત ઘણા કમાલોથી ભરપૂર હતી. ૧૮૫૭ ની આઝાદીની ચળવળ સમયે જયારે હાજી સાહબ (રહ.)ની રૂપોશીના જમાનામાં જયારે ઈમામે રબ્બાની મવ. રશીદ અહમદ ગંગોહી (રહ.) પંજલાસા જતાં 'તગરી' ગામે આવ્યા ત્યારે એમના વાલિદ સા.ના ઘરમાં જ મહેમાન રહયા હતા. એમના વાલિદ અશરફ અલી સા. હિંમતવાન મર્દે મુજાહિદ હતા. તે સમયે મવ. અબ્દુર્રહીમ સા.નીં ઉમર ત્રણ વર્ષની હતી.

ઈમામે રબ્બાની (રહ.)એ એમના સિરે હાથ ફેરવ્યો અને દુઆઓ આપી, ત્યારથી જ એમને ઈમામે રબ્બાની (રહ.) સાથે સંબંધ થઈ ગયો હતો. જેમ જેમ ઉમર વધતી ગઈ અને વાલિદ સા.થી હઝ. મવ. ગંગોહી (રહ.)ના વખાણો સાંભળતા ગયા ત્યારથી એમની મુહબ્બતમાં જ મોટા થતા રહયા.

નાનપણથી ગંગોહ આવવા–જવાનું શરૂ થઈ ગયું હતું અને હઝરત ગંગોહી (રહ.) ના મુરબ્બી તરીકેના ફૈઝો હાસિલ કરતા રહ્યા.

સહરાનપૂરમાં તા'લીમ શરૂ કરી તે સમયમાં જ મવ. શાહ અબ્દુર્રહીમ (રહ.)થી બયઅત થઈ ગયા અને પાછળથી ઈજાઝત પણ મળી હતી. હઝરત ગંગોહી (રહ.)ની શફકતો બરાબર ચાલુ રહી. શાહ સા. ની વફાત પછી ૪ વર્ષ પસાર થયા ત્યારે હઝરત ગંગોહી (રહ.) થી પુનઃ બયઅત થયા હતા.

તગરી તથા રાયપૂરમાં જમીન વિગેરે હોવા છતાં અલ્લાહ ભરોસે જીવન પસાર કરતા હતા. બીજાઓ ફાયદો ઉઠાવતા હતા. નમ્રતામાં આપના જેવો બીજો કોઈ મળવું મુશ્કેલ હતું. ગજબના મહેમાન નવાઝ હતા.

રાયપુર ગામ બહાર એક વાડીમાં રહેવાનું પસંદ કરતા .ત્યાં જ ખાનકાહ શરૂ થઈ. હઝરત શૈખુલ હિન્દ (રહ.)ના કામોમાં ખાસ ભાગ લેનારાઓમાં હતા.હઝરત શૈખુલ હિન્દ (રહ.) જયારે માલ્ટામાં કેદ હતા ત્યારેજ આપની વફાત થઈ ગઈ. આ ખબર સાંભળી હઝરત શૈખુલ હિન્દ (રહ.) ઘણા દુઃખી થયા.

દારુલ ઉલૂમ દેવબંદની શુરાના મેમ્બર પણ હતા.

૨૫ રબીઉસ્સાની ૧૩૩૭ હિ.માં ઈન્તિકાલ થયો. હઝરત શૈખુલ હિન્દ (રહ.)એ માલ્ટાથી આપની વફાત ઉપર લાંબો મરસિયો લખી મોકલ્યો હતો. કુર્આન મજીદની તા'લીમ આપવા તરફ ઘણું જ ધ્યાન આપતા હતા. સહારનપુરના ગામડાઓમાં ઘણા મકતબો શરૂ કર્યા હતા.

એમનાથી હઝારો લોકોએ બાતિની ફૈઝ હાસિલ કર્યો હતો.

## હઝરત મવ. અબ્દુલ્લાહ શાહ સા. જલાલાબાદી (રહ.)

આપના બાપ દાદાનું વતન થાનાભુવન – જલાલાબાદ જી. સહારનપુર હતું, પરંતુ પોતાના શૈખના મશ્વેરાથી કર્નાલમાં રહેવા લાગ્યા હતા, જે આપનું બીજું વતન બન્યું. અલ્લાહ તઆલાએ આપને જાહેરી તથા બાતિની ઈલ્મોમાં કમાલ અર્પણ કર્યો હતો. આપે પ્રાથમિક કાફિય્યહ સુધી ની તા'લીમ હઝરત મવ. ફતેહ મો. સા. જલાલાબાદી (રહ.) થી હાસિલ કરી હતી.બન્નેવમાં ઘણો ઈખ્લાસ ભર્યો સંબંધ હતો.

૧૨૮૩ હિ.માં જયારે દારુલ ઉલૂમ દેવબંદની સ્થાપના થઈ ત્યારે

આપ ત્યાં દાખલ થઈ ગયા. ૧૨૮૫ સુધી ત્રણ વર્ષ ત્યાંના અજોડ ઉસ્તાદોથી ફૈઝ હાસિલ કરતા રહયા. આ સમયમાં મવ. મો. મીરબાઝખાં સા. (રહ.) પણ આ મુબારક દર્સગાહમાં તાલિબે ઈલ્મ હતા. હઝરત મવ. યાકૂબ નાનૌતવી (રહ.), મવ. સૈયદ અહમદ સા. (રહ.) આપના ઉસ્તાદોમાં હતા.

હદીષ શરીફ મવ. અહમદ અલી સહારનપુરી (રહ.) પાસે જઈને પઢી અને તકમીલ કરી. ૧૨૮૭ હિ.માં દિલ્હીમાં મવ. કુતુબુદીન દેહલવી (રહ.) પાસે હદીષ શરીફ પઢી હતી.

યુનાની તિબ્બ દિલ્હીમાં હકીમ હિશામુદીન ઉર્ફે મંજલે સા.થી પઢયા હતા. તે સમયમાં એઓ પ્રખ્યાત હકીમોમાં ગણાતા હતા. અલ્લાહ તઆલાએ હિકમતના ફનમાં પણ મવ. જલાલાબાદીને મહારત આપી હતી.

સહારનપુર રહેવાના સમયમાં હઝરત શાહ અબ્દુર્રહીમ સા. સહારનપુરી (રહ.) ની મજલિસોમાં હાજર થતા હતા તથા એમનાથી બયઅત પણ થયા હતા. આ સિલસિલા ગફૂરિય્યહ રહીમિય્યહમાં શામિલ થવા પછી એમણે ઘણી તરકકી કરી. ૧૨૯૩માં ખિલાફત મેળવી. આપ શાહ અ.રહીમ સા.ના બીજા ખલીફા હતા. ત્રીજા ખલીફા શાહ અબુલહસન સા. સહરાનપુરી (રહ.) અને ચોથા હઝરત મવ. અ.રહીમ રાયપુરી (રહ.) હતા. મવ. અમીરખાં સા. ફરમાવે છે કે એમને એટલો રૂહાની કમાલ હાસિલ થઈ ગયો હતો કે જે પણ સખત દિલ માણસ તરફ આંખ ખોલી નઝર કરતા તો તેના દિલને નૂરાનિયત–રોશનીથી જગમગાવી દેતા હતા.

૧૩૧૩ હિ.માં હજ્જે બયતુલ્લાહ માટે સફર કર્યો. ત્યાં કુતુબે આલમ હઝ. હાજી સા. ના મુબારક હાથ ઉપર ચિશતી–સાબિરી સિલસિલામાં બયઅત કરી અને ખિલાફત મેળવી. એ જ રીતે આ જ સિલસિલાના એક બીજા બુઝુર્ગ હઝ. શૈખ શમસુદીન તુર્ક પાનીપતી (રહ.)એ ૧૩૧૪ હિ.માં પોતાની ખુસૂસી નિસ્બતથી આપને મુનવ્વર ફરમાવ્યા અને ઈજાઝત આપી. તેઓ મખદૂમ સાબિરી (રહ.) ના ખલીફા હતા. કારી મો. અલીખાં સા. જલાલાબાદી (રહ.) એ આપને

''કસીદા બુર્દા'' ની સનદ સાથે ઈજાઝત આપી હતી.

આપની કિતાબોમાં ''તઅલીમાતે રહીમી'' તથા ''કતરાતે શર્હે લમઆત'' (અઝ શાહ વલિય્યુલ્લાહ રહ.) આ ફારસી કિતાબનો હાજી સાહબના ઈશારા થી તર્જુમો કર્યો હતો. તસવ્વુફ અને મઅરિફતમાં બેહતરીન કિતાબ છે. ત્રીજી કિતાબ ''અલ ખતમુલ કામિલ'' છે, જેમાં તરાવીહમાં દરેક સૂરત પહેલાં બિસ્મિલ્લાહ પઢવું જરૂરી નથી, એ સાબિત કર્યુ છે. ચોથી કિતાબ તૌહીદના વિષય ઉપર છે.

મવ. ઘણા ઉંડા અભ્યાસી હતા, પરંતુ તેઓ પોતાને હંમેશ છુપાવતા હતા. એટલા માટે જ દેશી જડી બુટ્ટીની દુકાન ખોલી બેસી ગયા હતા. જાહેરમાં આપ એક વેપારી દેખાતા. આપના વઅઝમાં ઘણી અસર હતી. ઘણા વખતે સાંભળનારા રડવા લાગતા હતા.

દેશ–વિદેશમાં હઝારો મુરીદોએ ફૈઝ હાસિલ કર્યો હતો.

અમુક બુઝુર્ગોનું માનવું છે કે આપને ગૌસિય્યતનો મકામ હાસિલ થઈ ગયો હતો. હઝરત શૈખ અ. કાદિર જીલાની (રહ.) થી બાતેની નિસ્બત હતી.

આપની ઘણી કરામતો પણ મશહૂર થઈ હતી. ખ્વાબની તઅબીરમાં પણ આપને કમાલ હાસિલ હતો. ૧૫ મે ૧૯૨૪ ના આપનો ઈન્તિકાલ થયો.

રોઝે યકશંબહ પસે નિસ્ફન્નહાર – રૂહે કુદસી રફત નઝદે કિર્દગાર
રૂહે પાકશ દાખિલે ખુલદે હસન – શુદ બરહમે મિન્નતે રબ્બે ઝમન.
૧૯ ઈ. ૨૪ – ૧૩ હિ.૪૩

## હઝરત પીર મહેરઅલી સા. ગોલળવી (રહ.)

આપ ૧, રમઝાનુલ મુબારક ૧૨૭૫ હિ. મુતાબિક ૧૮૫૮ ઈ.માં ગોલળા શરીફ જી. રાવલપિંડીમાં પૈદા થયા હતા. આપના વાલિદ સા. પીર સૈયદ નઝરેદીન સા. હસની સાદાતમાંથી હતા.

પીર મહેરઅલી સા.ની પ્રાથમિક તા'લીમ ગોંલળા શરીફમાં જ થઈ હતી.ફારસી તથા અરબીની શરૂની કિતાબો મવ. ગુલામ મુહયુદ્દીન હઝારવી (રહ.) થી હાસિલ કરી. ત્યાર બાદ ભુઈગાળ જી. કેમલપુરમાં

મવ. મુહમ્મદ શફીઅ કુરૈશી ( રહ. ) પાસે અઢી વર્ષ સુધી રહી ઈલ્મ હાસિલ કરતા રહ્યા. પછી જી.સરગોધામાં મવ. સુલતાન મહમૂદ સાહેબથી પઢવાનું શરૂ કર્યુ. મવ. સુલતાન સા. હઝ. ખ્વાજા શમસુદ્દીન સિયાલવી ( રહ. )થી બયઅત હતા. એટલે વર્ષમાં અનેકવાર પોતાના મુર્શિદની સેવામાં હાજરી આપતા હતા. મવ. મહેરઅલી સા. પણ ઉસ્તાદ સા. સાથે ખ્વાજા સા. પાસે જતા. ખ્વાજા સાહેબ એમની સાથે મુહબ્બત અને શફકત ફરમાવતા. છેવટે ચિશ્તી સિલસિલામાં એમનાથી બયઅત પણ થઈ ગયા.

૧૨૯૦ હિ.માં વધુ તા'લીમ માટે મવ. લુતફુલ્લાહ ( રહ. ) પાસે અલીગઢ આવ્યા. અઢી વર્ષ તેમનાથી તા'લીમ લઈ સનદ મેળવી. પછી સહરાનપુર આવી મવ. અહમદ અલી સહરાનપૂરી ( રહ. ) પાસે હદીષ શરીફ પઢવા લાગ્યા. ૧૨૯૫ હિ.માં સનદ મેળવી હતી.

ફારિગ થયા પછી વતન પાછા ફર્યા અને તા'લીમી કામ શરૂ કર્યું. એમના ઈલ્મની ખ્યાતિ થવાથી દૂર દૂરથી તલબા આવવા લાગ્યા. હઝરત મવલાના જુદા જુદા વિષયોના સબકો પઢાવતા હતા. એ દરમિયાન એમની શાદી સૈયદ ચિરાગઅલી શાહ ( રહ. ) ની નેક બેટી સાથે થઈ હતી.

૧૩૦૦ થી ૧૩૦૭ હિ. સુધી આપ જુદી જુદી જગ્યાઓ ઉપર ફરતા રહયા અને મુજાહદા કરતા રહ્યા. ૧૩૦૭ હિ.માં હિજાઝ ની સફર થઈ અને ત્યાં હઝ. હાજી સાહેબ ( રહ. ) થી મુલાકાત કરી તેમના સબકોમાં હાજરી આપવા લાગ્યા. હાજી સાહેબે એમને ચિશ્તી સાબેરી સિલસિલામાં ઈજાઝત આપી.

આપ હિજાઝમાં જ રહેવાનો વિચાર કરતા હતા,પરંતુ હાજી સાહેબે (રહ.) ફરમાવ્યું કે "ટૂંકમાં જ પંજાબમાં એક ફિત્નો ઊભો થનાર છે, જેને રોકવું તમારા સિરે જ છે. માટે તમે પાછા જાવ." પાછળ થી હકીકત માલૂમ પડી કે આ ફિતનો કાદિયાનિય્યતનો હતો. વતન આવી ૧૩૫૬ હિ. સુધી હઝારો માણસોને દીની રંગમાં રંગતા રહયા.

ગુલામ અહમદ કાદિયાનીની વિરુધ્ધ આપે ઝબાન અને કલમથી જબરજસ્ત જિહાદ કર્યો. મુસલમાનોએ એક મતે આપને આ ચળવળ ના

લીડર બનાવ્યા. આપે કાદિયાનીઓના રદમાં ઘણી કિતાબો લખી. આપના ફતાવા–સંગ્રહ "ફતાવા મેહદિયા" ૧૯૬૦ માં પ્રગટ થયા છે.

આપ એક સારા અરબી, ફારસી, ઉર્દૂના શાયર પણ હતા.

આપનાથી ઘણા ઉલમાએ કિરામે ફૈઝ હાસિલ કર્યો છે અને આપના ખલીફાઓથી આજે પણ સિલસિલો ચાલુ છે.

૨૯ સફર ૧૩૫૬ હિ. મુતાબિક ૧૧ મે ૧૯૩૭ ઈ.ના ઈન્તિકાલ થયો. એક લાખ માણસો જનાઝામાં શામિલ થયા.

**હરગિઝ નમીરદ આં કશ કે દિલશ ઝિન્દા શુદ બઈશ્ક**
**સબત અસ્ત બર જરીદએ આલમ દવામે માં**

# મવ. મુહિબ્બુદ્દીન વિલાયતી (રહ.)

મવ. મુહિબ્બુદીન સા. નો જન્મ ૧૨૬૮ હિ.માં પેશાવરમાં થયો હતો. શરૂની તા'લીમ ત્યાં જ હાસિલ કરી, ત્યાર બાદ ભોપાલ આવ્યા. ત્યાં બાકી કિતાબો પૂરી કરી અને અલ્લામા શૈખ હુસૈન બિન મુહસિન મુહદ્દિસ ( રહ. )થી હદીષ શરીફના સબકો પઢયા અને સનદ મેળવી. ત્યાર બાદ હિન્દુસ્તાનના જુદા જુદા શહેરોમાં તા'લીમ આપવાનું કામ કરતા રહ્યા.

૧૩૦૪ હિ.માં હિજાઝનો સફર કર્યો હજ્જ અદા કરી અને હજ્જ બાદ ત્યાં જ રહેવા લાગ્યા. મકકા શરીફમાં જ શાદી કરી. અવલાદવાળા થયા. ત્યાં પણ થોડીક મુદ્દત પઢાવવાનું ચાલુ રાખ્યું.

હઝરત હાજી સા. ( રહ. ) થી બયઅત થયા અને ઝિક્ર, અઝકાર શરૂ કર્યા. હરમ શરીફમાં વધારે વખત તિલાવત અને ઝિક્રમાં પસાર કરવા લાગ્યા. છેવટે હાજી સા.થી ઈજાઝત મળી. આપ સાહિબે કશ્ફ બુઝુર્ગ હતા.

મવ. મુહંમદ સાની ( રહ. )એ લખ્યું છે કે ૧૩૩૮ હિ.માં મવ. ખલીલ અહમદ સા. સહરાનપૂરી ( રહ. ) હજ્જ કરી, મકકા હાજર થયા ત્યારે મવ. મુહિબ્બુદીન સાહેબે કહ્યું : જલ્દી હિન્દુસ્તાન ચાલ્યા જાવ, અહીંયા તો કિયામત આવનાર છે. (શરીફ હુસૈનના બળવા તથા

નજદીઓના હુમલા વિષે આગાહી હતી.)

શૈખુલ હદીષ ( રહ. )એ "તારીખે મશાઈખે ચિશ્તિય્યહ" માં લખ્યું છે કે :– એક દિવસ એમને વિચાર આવ્યો કે હદીષ શરીફમાં એવી નમાઝની ઘણી ફઝીલત આવી છે, કે જેમાં બરાબર કામિલ વુઝૂ કરવામાં આવે, પછી એવી બે રકઅતો પઢે, જેમાં જરાક પણ બીજો કોઈ વિચાર ન આવે. એમણે દિલમાં કહ્યું કે અફસોસ છે કે આખી જિન્દગીમાં આવી બે રકઅતો પણ નસીબ થઈ નથી. ચાલો, ત્યારે કોશિશ કરી આવી બે રકઅતો પઢી લઈએ અને એવી બે રકઅતો પઢી લીધી, પરંતુ વસવસા રોકવા માટે આંખો બંધ કરી નમાઝ પઢી. પછી એમને દિલમાં આવ્યું કે જોઈએ આલમે મિસાલમાં આ નમાઝની કેવી શકલ છે.! તવજ્જુહ કરી જોયું તો નમાઝ ઘણી જ ખૂબસૂરત અને માથાથી પગ સુધી શણગારેલી સૂરતમાં સામે આવી, પરંતુ ધ્યાન કરવાથી દેખાયું કે આંખો તો રૂપાળી છે, પરંતુ તેમાં રોશની નથી, એટલે એમને હેરત થઈ કે શું ખામી રહી ગઈ હશે.?

હાજી સા. ( રહ. ) પાસે આવી, હકીકત કહી, પરંતુ આંખો બંધ કરી નમાઝ પઢી હતી એ વાત કહી ન હતી, પરંતુ હાજી સાહેબે સાંભળતાં જ ફરમાવ્યું કે એમ લાગે છે કે તમે વસવસો દૂર કરવા આંખો બંધ કરી નમાઝ પઢયા હશો. તેમણે જવાબ આપ્યો ! 'હા.'

હઝરત હાજી સાહેબે ફરમાવ્યું કે આ વાત સુન્નત વિરુધ્ધ હતી, એટલે તમને આ શકલમાં નમાઝ જોવા મળી.જો તમે આંખો ખુલ્લી રાખી હોત તો ભલે તમને ખ્યાલાત આવત, પરંતુ સુન્નતની રીતે પઢવાથી વધારે મકબૂલિય્યત મળત.

મકકા શરીફમાં જ વફાત થઈ. તારીખ જાણવા મળી નથી. રહિમહુલ્લાહુ રહમતન વાસિઅતન.

## શાહ મુહમ્મદ હુસૈન ઇલાહાબાદી (રહ.)

મવ. મુહંમદ હુસૈનનો જન્મ મીખન જી. ઈલાહાબાદ ખાતે ૧૮૫૩ ઈ.માં થયો હતો. પ્રાથમિક તા'લીમ ઈલાહાબાદમાં લીધી. હાફિઝ અહમદુલ્લાહ સા. પાસે કુર્આન મજીદ હિફઝ કર્યું અને એમના

કાકા મૌલ્વી મેહદી હસન સા. પાસે ઉર્દૂ, ફારસી તથા અરબીની શરૂની કિતાબો પઢી. ત્યાર પછી મવ. નિઅમતુલ્લાહ સા. એમને લખનૌ લઈ ગયા. તેમણે પોતે સબકો પઢાવ્યા, પછી મવ. અબ્દુલહય સા.ને સોંપ્યા. મવ. અબ્દુલહય સા. આપને ઘણા ચાહતા, તેઓ આપના મહબૂબ શાગિર્દોમાં હતા. મવ. એમને "અબુઝઝોકા" કહયા કરતા હતા.

એમને જુદી જુદી મસ્જિદોમાં વઅઝ કહેવા મોકલતા હતા. કદી ફરમાવતા કે આજે હું તમારી વઅઝ સાંભળવા આવીશ, જેથી એમને દરેક વિષય ઉપર તકરીર કરવાની આદત થઈ ગઈ. લગભગ ૨ વર્ષ મવ. અબ્દુલ હય ( રહ. ) પાસે તા'લીમ લીધી હતી.

મવ. અબ્દુર્રહમાન પાનીપતી તથા મવ. નઝીર હુસૈન દેહલવી ( રહ. ) થી હદીષ શરીફ ની સનદ મેળવી હતી. અરબી ભાષા મુફતી મો. અબ્બાસ પાસે શીખ્યા હતા અને તિબ્બની તા'લીમ હકીમ સૈયદ મુહંમદ લખનવી સા.( રહ. ) પાસે શીખ્યા.

ફારિગ થયા બાદ ઈલાહાબાદ આવી પઢાવવાનું શરૂ કર્યુ અને સાથો સાથ નકશબંદી સિલસિલાના વઝીફાઓ પોતાના ચાચા મૌલ્વી શાહ તજુમ્મુલ હુસૈન સા.થી શીખવા લાગ્યા. ત્યાર બાદ હજ્જની સફર થઈ. ત્યાં મવ. શાહ અબ્દુલ ગની (રહ.) થી બયઅત થવાનો ઈરાદો કર્યો, પરંતુ એમણે ખ્વાબમાં પોતાના દાદા શૈખ મુહિબ્બુલ્લાહ ઈલાહાબાદી ને આ શેર પઢતા સાંભળ્યા :

**બાગે મુરા ચે હાજતે સર્વ સનુબરસ્ત**
**શમ્શાદે સાયા પરવરે મન અઝ કે કમતર સ્ત**

આથી આપના દિલમાં આવ્યું કે હઝ. હાજી સા.થી બયઅત થવું જોઈએ, જેથી હાજી સા.થી બયઅત થયા. બીજી હજ્જ બાદ હાજી સાહેબે એમને ઈજાઝત આપી. એક ટોપી, કાંસ્કી, એક મિસ્વાક (દાંતણ) તથા જભ્ભો આપ્યો.

હજ્જથી આવ્યા બાદ ઈલાહાબાદની જુમ્આ મસ્જિદમાં ઈમામત અને ખતીબ તરીકે નોકરી શરૂ કરી. આપની તકરીરો ઘણી જ મકબૂલ થઈ. શહેરના જુદા જુદા ભાગોમાં આપને બોલાવવામાં આવતા હતા.

મવ. ઘણા નિડર અને હિમ્મતવાળા હતા. અંગ્રેજી સરકારની જે

વાતો ઈસ્લામની વિરુધ્ધ હોતી તેની ખુલ્લેઆમ ટીકા કરતા હતા. યુદ્ધના સમયે પૈસા ભેગા કરી તુર્કી સરકાર માટે મોકલ્યા. સુલતાન અબ્દુલ હમીદખાં સા. આપના માટે ચંદ્રકો અને અમુક ભેટો મોકલી. એમણે મુસલમાનો તરફથી સુલતાનનો આભાર માન્યો.

પબ્લીકમાં મવલાનાનું ઘણું માન હતું, એટલે અંગ્રજોએ એમને "ખાન બહાદુર" નો ખિતાબ આપ્યો,પરંતુ મવલાનાએ લખ્યું કે મેં તો એક ચકલી પણ મારી નથી. હું "ખાન બહાદુર" કેવી રીતે બની ગયો અને ખિતાબ પાછો આપી દીધો.

ઈસ્લાહી કામો માટે એક વેલ્ફેર અંજુમન સ્થાપી હતી અને અંજુમન દ્વારા સમાજસુધારણાના ઘણા કામો કર્યા અને પોતાના પીર અને મુર્શિદ હાજી સા.ના નામથી "મદ્રસા ઈમદાદિય્યહ" પણ શરૂ કર્યો હતો, જેમાં નવા અને જુના બન્નેવ ઈલ્મ શીખવવામાં આવતા હતા.

૧૩૦૨ હિ.માં નદવતુલ ઉલમાની ચળવળ શરૂ થઈ. ૧૩૧૧ હિ.માં નદવાના જલ્સામાં એની સ્થાપનાના હેતુઓ બયાન કર્યા. મદ્રસાના તા'લીમી કોર્સમાં જે સુધારા કરવામાં આવ્યા તેમાં પણ એમણે ભાગ લીધો હતો.

એમના ઈન્તિકાલનો પણ અજબ બનાવ બન્યો હતો. એમણે સિમાઅનો પણ શોખ હતો. ખ્વાજા મુઈનુદ્દીન (રહ.) ના ઉર્સના સમયે અજમેર ગયા હતા. ત્યાં મિરઝા નિસાર અલી બેગ સા. મજલિસે સિમાઅ કાયમ કરી, એમાં મવ.ને પણ આમંત્રણ આપ્યું. કવ્વાલને કહેવામાં આવ્યું કે આ શેઅર પઢો :

**ખુશક તારો ખુશક અંગો ખુશક પોસ્ત**
**અઝ કુજા મીઆયદ ઈં આવાજે દોસ્ત**

આ સાંભળી એમના ઉપર હાલ ચઢી ગયો. પછી કવ્વાલને કહેવામાં આવ્યું કે આ સંભળાવ :

**ને ઝે તારો ને ઝે ચંગો ને ઝે પોસ્ત**
**ખુદ બખુદ મી આયદ ઈં આવાઝે દોસ્ત**

પછી તેને કહેવામાં આવ્યું કે હઝ. શૈખ અબ્દુલકુદૂસ ગંગોહી

(રહ.)ના શેઅરો સંભળાવે, જેની શરૂઆત આ છે :

**આંસ્તી બર રૂ કશીદી હમ ચૂં મકકાર આમદી**
**બાખુદી ખૂદ દર તમાશા સૂએ બાઝાર આમદી**

મવ. આ શેઅરનો મતલબ બયાન કરી રહ્યા હતા, એટલામાં કવ્વાલે આ શેઅર પઢવા માંડયો :

**ગુફ્ત કુદૂસી ફકીરે દર ફનાઓ દર બકા**
**ખૂદ બખૂદ આઝાદ બુદી ખૂદ ગિરફતાર આમદી**

તેણે આ શેઅર વારંવાર દોહરાવ્યો તો મવલાનાએ કહ્યું કે મને નવું જ જાણવાનું મળ્યું અને એમ કહી પોતાની તરફ ઈશારો કર્યો અને માથું નમાવી આપ્યું. એક બુઝુર્ગ હઝ. વાજિદ અલી સંદેલવીએ એમને ઊંચકી લીધા. થોડીક વારમાં ખુદાને પ્યારા થઈ ગયા.

૮ રજબ ૧૩૨૨ હિ.માં સવારે નવ વાગે ઈન્તિકાલ થઈ ગયો.

**દર ઈ વેરાનએ દુન્યાએ ફાની**
**રશીદી દર બેહિશ્તે જાવીદાની**
**પએ તારીખે તૂ હુરાં બો ગુફતન્દ**
**ઈમામુલ મુસ્લિમીન, શૈખેજહાંની**
**૧૩૨૨ હિ.**

એમણે ઘણી કિતાબો પણ લખી છે. જેમાં "મકોલાતે અશર" – શર્હે મીઝાનુલ બલાગહ" – "દવાઝદહ મજલિસ" – "હાદિયુલ ઉમમ" – અને "કિયામત નામા" પ્રખ્યાત છે.

તઝકિર–એ– ઉલમાએ હિન્દના લેખક મવ. અબ્દુશ્શકૂર ઉર્ફે રહમાન અલી આપના ખલીફા હતા.

રહિમહુલ્લાહુ રહમતન વાસિઅતન વ તગમ્મદહુલ્લાહુ તઆલા બેગુફરાનિહી, આમીન !

## હઝરત મવ. શફીઉદ્દીન નગીનવી (રહ.)

**મવ. યૂસુફ બિન્નોરી (રહ.) લખે છે :**

મકકા મુકર્રમામાં હાજી સા.ના મહાન ખલીફાઓમાંથી એક મવ.

શફીઉદ્દીન (રહ.) હતા. ઘણી ઊંચી નિસ્બત હતી. ૪૫ વર્ષ મકકા શરીફમાં રહયા. દરરો જ ઠંડી હોય કે ગરમી અથવા વરસાદ વરસતો હોય, હઝરત હાજી સા. (રહ.)ના મઝાર ઉપર જતા હતા.

મારી હજ્જની પહેલી સફરમાં હું તેમનાથી બયઅત થયો. તેમની મજલિસમાં જવાથી મને ઘણો ફાયદો થયો.

દિવસના મોટાભાગમાં હરમ શરીફમાં બેસી કઅબા શરીફ તરફ ધ્યાનથી જોયા કરતા હતા. તેમના પગ પણ સુન મારી ગયા ત્યારે ઘરની બારીમાં બેસી બયતુલ્લાહ શરીફને જોયા કરતા હતા.

એકવાર મદીના શરીફની સફર કરી ત્યાંથી પાછા ફરવામાં મોડું થઈ ગયું, હજ્જના દિવસો નીકળી જવાનો ડર થયો અને ઘણા પરેશાન થવા લાગ્યા તો રસૂલે પાક (સલ.)એ ખ્વાબમાં તસલ્લી આપી અને મકકા શરીફ પહોંચવાનો ગયબથી ઈન્તિઝામ થઈ ગયો.

## મવ. અસઅદ આફન્દી (રહ.)

**મવ. નસીમ અહમદ ફરીદી લખે છે :**

એક માણસ મવ. રૂમી (રહ.)ના સિલસિલાના અસઅદ આફંદી નામના હતા. પોતે ઘણા સારા આલિમ હતા. પોતે પણ સિલસિલાવાળા હતા, છતાં હાજી સા. (રહ.)થી બયઅત થયા, ઈજાઝત મેળવી. હઝ. હાજી સા. મસ્નવી શરીફ પઢાવતા હતા અને ઉર્દૂમાં મતલબ બયાન કરી રહ્યા હતા. મવ. અસ્અદ ધ્યાનથી સાંભળતા હતા. મવ. નિયાઝ અહમદ સાહેબે અરજ કરી કે જો એઓ ઉર્દૂ સમજતા હોત તો એમને ઘણી મજા આવત.

હાજી સાહેબે તુરત જવાબ આપ્યો કે આ લુતફ અને મજા માટે ભાષાની જરૂરત નથી અને આ શેઅર સંભળાવ્યા :

**પારસી ગો ગર્ચે તાઝી ખુશતરસ્ત**
**ઈશ્કરા ખૂદ સદ ઝુબાને દીગરસ્ત**
**ઈશ્ક આં દિલબર ચૂં પર્રાં મી શવદ**
**ઈં ઝબાંહા જુમ્લા હૈરાન મી શવદ**

હે સાંભળનાર! તું ફારસીમાં વાતચીત કર, જો કે અરબી ઘણી સારી ભાષા છે, પરંતુ ઈશ્કની તો સેંકડો ભાષાઓ છે, તે મહબૂબનો ઈશ્ક જયારે ઊડે છે ત્યારે આ બધી ભાષાઓ અચંબામાં પડી જાય છે અને હૈરાન થઈ જાય છે.

## મવ. ફિદા હુસૈન દરભંગવી (રહ.)

મવ. ફિદા હુસૈન ઘણા પરહેઝગાર અને મહાન આલિમ હતા. નાની ઉંમરથી ઈલ્મ હાસિલ કરવા લાગ્યા હતા. મવ. લુતફુલ્લાહ અલીગઢી (રહ.) પાસે ઘણી કિતાબો પઢયા. અમુક કિતાબો મુફતી નેઅમતુલ્લાહ સા. લખનવી પાસે પઢી. ઉસૂલે ફિકહ, હિદાયતુલ ફિકહનો ચોથો ભાગ મવ. અબ્દુલહય લખનવી (રહ.) પાસે પઢયા.

તિર્મિઝી તથા હિદાયાનો એક ભાગ હઝરત નાનૌતવી (રહ.) પાસે પઢયા. હદીષ શરીફ મવ. અહમદ અલી સહરાનપૂરી (રહ.) પાસે પઢી. ત્યારબાદ હઝ. હાજી સા. (રહ.)થી બયઅત થયા અને સુલૂક પૂર્ણ કર્યો. મવ. ગંગોહી (રહ.)થી પણ ફૈઝ હાસિલ કરતા રહ્યા.

ત્યારબાદ અકબર આબાદ, આરહ, પટના, રસૂલપુર અને બીજી જગ્યાઓ પર રહી તા'લીમી સેવા આપતા રહયા. ઘણા લોકોએ ફૈઝ હાસિલ કર્યો.

આપની પેદાઈશ હશેની જી. મુંઘેર બિહારમાં થઈ હતી.

## હઝરત શાહ રફીઉદ્દીન દેવબંદી (રહ.)

હઝરત શાહ રફીઉદ્દીન ઉસ્માની મવલાના ફરીદુદ્દીન ઉસ્માની (રહ.)ના ફરઝંદ હતા. ૧૯ રમઝાનુલ મુબારક સન હિજરી ૧૨૫૨માં દેવબંદમાં જન્મ થયો હતો. આપ દારુલ ઉલૂમ દેવબંદના બીજા મુહતમિમ હતા. હઝ. મવ. શાહ અબ્દુલગની મુહાજિર મદની (રહ.)થી બયઅત કરી ઈજાઝત મેળવી હતી. હાજી સા.થી પણ ફૈઝ હાસિલ કર્યો હતો.

મુફતી અઝીઝુર્રહમાન સા. આપના ખલીફા હતા. શાહ અ.ગની સા. (રહ.) એમનાથી ઘણા ખૂશ હતા અને પોતાના માટે ગૌરવ સમાન ગણતા હતા. આપ ઘણા અકાબિરે દેવબંદના શૈખ હતા. દારુલ ઉલૂમ દેવબંદની બાતિની તરકકીમાં હઝ. નાનૌતવી (રહ.) તથા મવ. ગંગોહી (રહ.)ની જેમ એમની તવજ્જુહનો પણ મોટો ફાળો છે.

જમાદિયુસ્સાની ૧૩૦૮ હિ.માં મદીનહ મુનવ્વરામાં વફાત થઈ. જન્નતુલ બકીઅમાં દફન થયા. ૫૬ વર્ષની ઉમર હતી. રહિમહુલ્લાહુ રહમતન વાસિઅતન.

**મવ. ફરોગ સા. ફરમાવે છે :**

મુહતમિમ ભી ઉસ્કે હૈં ખૂશ ઈન્તિઝામ મવ. સા. રફીઉદ્દીન નામ
સાહિબે અકલ વ તદાબીરે મતીન ખૈરખ્વાહે દીને, ખત્મુલ મુરસલીન
ફર્ઝે મનસબ કો અદા કરતેં હૈં વો સઈ ઉનકી હશરમે મશ્કૂર હો

(આમીન) (મસ્નવી ફરોગ, બુરહાન દિલ્હી, જિલ્દ ૮૧ સફા ૫૭)

મવ. શાહ અ.ગની (રહ.) ફરમાવતા હતા, મને બે માણસોથી ઘણી મુહબ્બત છે, તલબામાં મવ. કાસિમ સા. નાનૌતવી અને મુરીદોમાં શૈખ રફીઉદ્દીનથી. ઘણી કરામતો જોવા મળી હતી. સુન્નતોના ઘણા જ પાબંદ હતા. ફરમાવતા હતા કે જે કંઈ મળ્યું છે, સુન્નતો ઉપર અમલ કરવાથી મળ્યું છે. શકવાળું ખાવું પેટમાં રહેતું ન હતું.

# શૈખ મુહમ્મદ ગુલામ રસૂલ સૂરતી (રહ.)

**મવ. હકીમ અ.હય સા. લખે છે :**

શૈખ મુહંમદ ગુલામ રસૂલ સૂરતી મશહૂર ફાઝિલોમાં હતા. જન્મ સૂરતમાં થયો ,ત્યાં જ મોટા થયા. ઈલ્મ માટે સફર કરી અને મુફતી નેઅમતુલ્લાહ લખનવી, શૈખ મુહંમદ સઈદ અઝીમઆબાદી અને બીજા ઉલમા પાસેથી ઈલ્મ હાસિલ કર્યો. હદીષ શરીફ મવ. અહમદ અલી સહરાનપૂરી (રહ.) પાસે પઢી. ત્યારબાદ હિજાઝનો સફર કર્યો. હજ્જ અને ઝિયારતથી મુશર્રફ થઈ શૈખ રહમતુલ્લાહ કિરાનવી (રહ.) તથા

હાજી ઈમદાદુલ્લાહ થાનવી (રહ.) તથા શૈખ સય્યિદ અહમદ ઝૈની દહલાન (રહ.) વિગેરે બુઝુર્ગોથી ઘણો ફૈઝ હાસિલ કર્યો. મુંબઈમાં વેપાર કરતા હતા. ૨૩ મુહર્રમ સન હિજરી ૧૩૨૪માં વફાત થઈ.

**નાચીઝ અબ્દુલ્લાહ અરજ કરે છે** કે મુંબઈ જામલી મહોલ્લામાં એમનું અરબી કિતાબોનું ઘણું મોટું કુતુબખાનું હતું. અરબ દેશોની મોટાભાગની કિતાબો ત્યાં મળતી હતી. "અબ્નાએ મોલ્વી ગુલામ રસૂલ સૂરતી"ના નામે એમની દુકાન પ્રખ્યાત છે. હું બેત્રણ વાર ત્યાં ગયો છું.

૧૯૬૮ ઈસ્વીમાં હું જયારે દારુલ ઉલૂમ ફલાહે દારૈન માટે કિતાબો ખરીદવા બગદાદ, જોર્ડન, મદીનહ શરીફના સફરે જવા નીકળ્યો હતો ત્યારે ભીંડી બજારના ફૂટપાથ ઉપરથી એમના કુતુબખાનાની ફેહરિસ્ત ૧૨ આનામાં ખરીદી હતી. તેમાં તફસીર, હદીષ શરીફ, અરબી ભાષા, ફિકહ વિગેરે જુદા જુદા વિષયોની સેંકડો કિતાબોના નામો હતા. એનાથી મને ઘણો ફાયદો થયો હતો અને હું જુદા જુદા વિષયો અને વિદ્યાઓની ઘણી કિતાબોથી વાકિફ થઈ, ખરીદી શકયો હતો.
એમના કુટુંબનું કુતુબખાનું સૂરતમાં પણ હતું.

હઝ. હાજી સા. (રહ.)થી ફૈઝ હાસિલ કરનાર આ એક જ ગુજરાતી આલિમનું નામ જોવા મળ્યું છે.

બનવા જોગ છે કે એમના કુટુંબમાં હાજી સા. (રહ.)નો કોઈ પત્ર કે બીજી કોઈ નિશાની મળી શકે. !

☆☆☆☆☆☆☆
☆☆☆☆☆
☆☆☆☆
☆☆☆
☆☆
☆